અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૨૫ સપ્ટેમ્બર ૨૦૨૫, ગુરુવાર | વર્ષ : ૧૭ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, આસો સુદ - ૩ | અંક : ૮૬ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. મો. : ૯૯૯૮૮ ૫૦૯૯૨ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

**આ બોનસથી સ્થાનિક વપરાશને વેગ મળશે** મોદીના નેતૃત્વમાં કેન્દ્રીય મંત્રીમંડળે મળેલી બેઠકમાં ૧૦.૯૧ લાખથી વધુ રેલવે કર્મચારીઓને બોનસ તરીકે ૧૮૬૫.૬૮ કરોડની ચુકવણીને મંજૂરી

## રેલવે કર્મચારીઓને 'દિવાળી', કેન્દ્ર સરકારે ૭૮ દિવસનું બોનસ જાહેર કર્યું

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૪ ।

કેન્દ્રીય મંત્રીમંડળે દિવાળી પહેલાં જ રેલવે કર્મચારીઓને મોટી ભેટ આપી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળની કેબિનેટે આજે ૨૪ સપ્ટેમ્બરના રોજ ૧૦.૯૧ લાખથી વધુ રેલવે કર્મચારીઓને ૭૮ દિવસનું બોનસ આપવાની જાહેરાત કરી છે. જેના માટે કેન્દ્ર સરકાર રૂ. ૧૮૬૫.૬૮ કરોડ ફાળવશે. સરકારે જણાવ્યું કે, રેલવે કર્મચારીઓને આ બોનસની ચૂકવણી દિવાળી પહેલાં જ કરવામાં આવશે.

આ બોનસનો લાભ રેલવેના ટ્રેક મેન્ટેનર, લોકો પાયલટ, ટ્રેક મેનેજર (ગાર્ડ), સ્ટેશન માસ્ટર, સુપરવાઈઝર, ટેક્નિશિયન, ટેક્નિશિયન હેલ્પર, પોઈન્ટસમેન, રેલવે મંત્રાલયના કર્મચારી અને અન્ય ગ્રૂપના કર્મચારીઓને મળશે. આ બોનસ મુખ્યત્વે નોન-ગેજેટેડ રેલવે કર્મચારીઓને તેમના યોગદાન અને ભારતીય રેલવેની દક્ષતા તથા પર્ફોર્મન્સમાં સુધારા માટે આપવામાં આવે છે. ગતવર્ષે આશરે ૧૧ લાખ કર્મચારીઓને બોનસ મળ્યું હતું. જેનાથી કર્મચારીઓનું મનોબળ વધ્યું હતું.





મીડિયા રિપોર્ટ અનુસાર, આગામી બેઠકમાં બોનસની જાહેરાત નિશ્ચિત છે. રેલવે કર્મચારીઓને બોનસની ચૂકવણી ઘરેલુ ખર્ચ કરવા પ્રોત્સાહન આપશે. આ તહેવારોની સીઝનમાં એક તો જીએસટી ઘટાડાનો લાભ તેમજ બોનસની લ્હાણીના કારણે સ્થાનિક વપરાશ વધવાની અપેક્ષા છે. મોદી કેબિનેટે બિહારમાં બખ્તિયારપુર-રાજગીર-તિલૈયા સુધી રેલવેના ડબલ લેનને મંજૂરી આપી છે. જેમાં રૂ. ૨૧૯૨ કરોડનો ખર્ચ કરશે. કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે, અત્યારસુધી આ સિંગલ લાઈન હોવાથી તેની ક્ષમતા મર્યાદિત હતી. મીડિયા રિપોર્ટ અનુસાર, આગામી બેઠકમાં બોનસની જાહેરાત નિશ્ચિત છે. રેલવે કર્મચારીઓને બોનસની ચૂકવણી ઘરેલુ ખર્ચ કરવા પ્રોત્સાહન આપશે. આ તહેવારોની સીઝનમાં એક તો જીએસટી ઘટાડાનો લાભ તેમજ બોનસની લ્હાણીના કારણે સ્થાનિક વપરાશ વધવાની અપેક્ષા છે. મોદી કેબિનેટે બિહારમાં બખ્તિયારપુર-રાજગીર-તિલૈયા સુધી રેલવેના ડબલ લેનને મંજૂરી આપી છે. જેમાં રૂ. ૨૧૯૨ કરોડનો ખર્ચ કરશે. કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે, અત્યારસુધી આ સિંગલ લાઈન હોવાથી તેની ક્ષમતા મર્યાદિત હતી. ડબલ લેન થયા બાદ તેની ક્ષમતા વધશે. રેલવે મંત્રાલય અનુસાર, તેની લંબાઈ ૧૦૪ કિમી રહેશે. જે બિહારના ચાર જિલ્લાને આવરી લેશે. જેનાથી રાજગીર, નાલંદા, પાવાપુરી સહિત ટોચના શહેરો સુધી રેલવે સેવામાં સુધારો થશે.

રેલવે કર્મચારી સંગઠનોએ આ મહિને પણ માંગ કરી છે કે સરકાર પ્રોડક્ટિવિટી બોનસમાં વધારો કરે અને આઠમા પગાર પંચની સ્થાપના કરતું ગેઝેટ નોટિફિકેશન બહાર પાડે. ભારતીય રેલવે કર્મચારી ફેડરેશન (IREF) એ જણાવ્યું હતું કે અત્યાર સુધી છઠ્ઠા પગાર પંચના લઘુત્તમ પગાર રૂ. ૭,૦૦૦ના આધારે બોનસ આપવામાં આવી રહ્યું છે. જ્યારે સાતમા પગાર પંચ મુજબ કર્મચારીઓનો લઘુત્તમ પગાર રૂ. ૧૮,૦૦૦ છે. IREFના રાષ્ટ્રીય મહાસચિવ સર્વજીત સિંહે તેને અત્યંત અન્યાયી ગણાવ્યું. ઓલ ઈન્ડિયા રેલવે કર્મચારી ફેડરેશન (AIRF) એ પણ બોનસની ગણતરીમાં માસિક મર્યાદા રૂ. ૭,૦૦૦ દૂર કરવા અને વર્તમાન પગાર માળખા મુજબ તેને વધારવાની માંગણીનો પુનરોચ્ચાર કર્યો છે.

ભારતીય રેલવે કર્મચારી ફેડરેશન એ માંગ કરી છે કે બોનસ વધારો ટૂંક સમયમાં મંજૂર કરવામાં આવે. ઉત્પાદકતા-સંલગ્ન બોનસ જે હાલમાં રૂ.૭,૦૦૦ પ્રતિ માસ પર આધારિત છે, તેને વધારીને ૧૮,૦૦૦ પ્રતિ માસ કરવામાં આવે. અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે કેબિનેટે ભારતના જહાજ નિર્માણ અને દરિયાઈ ક્ષેત્રને પુનર્જીવિત કરવા માટે રૂ. ૬૯,૭૨૫ કરોડના સુધારા પેકેજને મંજૂરી આપી છે, જેમાં જહાજ નિર્માણ, દરિયાઈ ભંડોળ અને સ્થાનિક ક્ષમતાના પ્રમોશન પર કેન્દ્રિત એક વ્યાપક ૪-સ્તંભ અભિગમનો સમાવેશ થાય છે.

### ન્યુયોર્કમાં ફ્રાંસના રાષ્ટ્રપતિ ઇમેન્યુઅલ મેક્રોન શરમજનક સ્થિતિમાં મુકાયા



। (એજન્સી) ન્યુયોર્ક, તા.૨૪ ।

સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં ભાગ લેવા પહોંચેલા ફ્રાંસના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોન એક શરમજનક પરિસ્થિતિનો સામનો કરવો પડયો હતો. જેમાં તેવો જયારે ન્યુયોર્ક પહોંચ્યા ત્યારે તેમની કારને ન્યુયોર્ક સિટી પોલીસે તેમની કારને અટકાવી હતી. તેમજ ડોનાલ્ડ ટ્રમ્પના કાફલાને રસ્તો આપવા માટે તેમની કાર બાજુમાં ધકેલી દેવામાં આવી અને રાહ જોવડાવવામાં આવી હતી. ઈમેન્યુઅલ મેક્રોનનો આ વિડીયો સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહ્યો છે. આ વિડીયોમાં દેખાઈ રહ્યું છે કે મેક્રોનજેવા જ યુએન હેડક્વાર્ટરમાંથી બહાર નીકળતી વખતે રસ્તા પર ફસાઈ જાય છે. જયારે એક પોલીસ અધિકારી તેમને અટકાવે છે અને કહે છે કે મને ખૂબ જ દુઃખ છે, રાષ્ટ્રપતિ પરંતુ બધું જ બંધ છે.ઈમેન્યુઅલ મેક્રોને આ સમસ્યાને ઉકેલવા માટે ડોનાલ્ડ ટ્રમ્પને ફોન કરે છે. તેમજ કહે છે કે હું અત્યાર રોડ પર છું. કારણ કે તમે બધું રોકી દીધું છે. જોકે, તેની બાદ પણ મેક્રોને રાહ જોવી પડી હતી. તેની બાદ તે પોતાના બોડીગાર્ડસ સાથે રોડ ખુલવાની રાહ જોઈ રહ્યા હતા. જયારે પગપાળા જતા લોકો માટે રોડ ખોલવા આવ્યો ત્યારે તે ચાલીને નીકળ્યા હતા.

**હિંસામાં અત્યાર સુધીમાં ૪ લોકોના મોત**

## લદાખ ભડકે બળ્યું, દેખાવકારોએ ભાજપ કાર્યાલયને ફૂંકી માર્યું

### આ દરમિયાન દેખાવકારોની પોલીસ સાથે પણ અથડામણ થઈ હતી : પોલીસ પર પથ્થરમારો કરી દેવામાં આવ્યો

। (એજન્સી) લદ્દાખ, તા.૨૪ ।

કેન્દ્ર શાસિત પ્રદેશ લદાખમાં વિદ્યાર્થીઓ અને પોલીસ વચ્ચે બુધવારે અથડામણ સર્જાઈ હતી. લદાખને પૂર્ણ રાજ્યનો દરજ્જો આપવા અને બંધારણની છઠ્ઠી અનુસૂચિમાં સામેલ કરવાની માગ સાથે પર્યાવરણવિદ્ સોનમ વાંગચુક ભૂખ હડતાળ કરી રહ્યા છે. સોનમ વાંગચુકના સમર્થનમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ માર્ગો પર ઊતરી આવ્યા હતા. આ દરમિયાન દેખાવકારોએ ભાજપના કાર્યાલયને પણ આગચંપી કરી હતી. લદ્દાખના રસ્તાઓ પર છેલ્લા ઘણા દિવસોથી યુવાનોની ભીડ સરકાર વિરુદ્ધ વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે, જેણે હવે હિંસક સ્વરૂપ લઈ લીધું છે.





લેહમાં સોમવારે એક મોટો વિરોધ પ્રદર્શને અચાનક હિંસક બન્યું અને પરિસ્થિતિ વધુ વણસી ગઈ છે. આ હિંસામાં અત્યાર સુધીમાં ૪ લોકોના મોત અને ૭૦ ઘાયલ થયાના અહેવાલ છે. આ દરમિયાન દેખાવકારોની પોલીસ સાથે પણ અથડામણ થઈ હતી. પોલીસ પર પથ્થરમારો કરી દેવામાં આવ્યો હતો. એટલું જ નહીં, સીઆરપીએફના વાહનને પણ આગચંપી કરાઈ હતી. દેખાવકારોએ અનેક વાહનોને આગચંપી કરી હતી. સાથે જ અન્ય જાહેર સંપત્તિઓને પણ ફૂંકી મારી હતી. પોલીસ એક તરફ ભીડને વેરવિખેર કરવા માટે ટિયરગેસનો મારો ચલાવી રહી છે ત્યારે લાઠીચાર્જની પણ નોબત આવી હતી. જોકે દેખાવકારોએ પણ સામે પોલીસ પર પથ્થરમારો કરીને મુશ્કેલી વધારી હતી. વાંગચુકની આગેવાનીમાં લદાખની એપેક્સ બોડી લદાખ માટે રાજ્યનો દરજ્જો માગી રહી છે. સોનામ વાંગચુક તેના માટે છેલ્લા ૧૫ દિવસથી ભૂખ હડતાળ કરી રહ્યા છે.

**પહેલગામ હુમલામાં પોલીસને મળી મોટી સફળતા**

## પહેલગામ હુમલામાં આતંકવાદીની મદદ કરનારની ધકપકડ કરાઈ

। (એજન્સી) જમ્મુ, તા.૨૪ ।

જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલાના કેસમાં બુધવારે એક મોટી સફળતા મળી છે. આતંકવાદીઓને મદદ કરનાર એક વ્યક્તિની ધરપકડ કરવામાં આવી છે. પોલીસે જેની ધરપકડ કરી છે, તેનું નામ મોહમ્મદ કટારિયા છે. તેની જુલાઈમાં ઓપરેશન મહાદેવ દરમિયાન જપ્ત કરાયેલા હથિયારોની ફોરેન્સિક તપાસ બાદ ધરપકડ કરવામાં આવી. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, આ વ્યક્તિની ઓળખ દક્ષિણ કાશ્મીરના મોહમ્મદ યુસુફ કટારિયા તરીકે થઈ છે. તે લશ્કર-એ-તૈયબા સાથે સંકળાયેલો છે. જમ્મુ અને કાશ્મીર પોલીસના સૂત્રોના જણાવ્યા અનુસાર, ઓપરેશન મહાદેવમાં માર્યા ગયેલા લશ્કર આતંકવાદીઓ પાસેથી મળેલા ઉપકરણો અને હથિયારોની તપાસ કર્યા પછી



પોલીસને મોહમ્મદ કટારિયા સુધી પહોંચી હતી, જેમાં ત્રણ આતંકવાદીઓ માર્યા ગયા હતા. ૨૨ એપ્રિલના રોજ જમ્મુ અને કાશ્મીરના પહેલગામની બૈસરન ઘાટીમાં આતંકવાદીઓએ તાબડતોડ ગોળીબાર કર્યો હતો, જેમાં ૨૬ પ્રવાસીઓ માર્યા ગયા હતા. લોકોને ધર્મ પુછીને તેમને નજીકથી ગોળી મારવામાં આવી હતી. આ હુમલામાં પાકિસ્તાનના TRF (ધ રેઝિસ્ટન્સ ફ્રન્ટ) આતંકવાદી સંગઠનનું નામ સામે આવ્યું છે. આ હુમલા બાદ આખી દુનિયામાં તેની નિંદા કરવામાં આવી હતી.

**મારે ડોક્ટર નથી બનવું : વિદ્યાર્થી**

## NEET UG માં ૯૯.૯૯ પર્સન્ટાઈલ આવ્યા, છતાં વિદ્યાર્થીએ જીવન ટૂંકાવ્યું

। (એજન્સી) મુંબઈ, તા.૨૪ ।

મહારાષ્ટ્રના ચંદ્રપુર જિલ્લાના સિંદેવાહી તાલુકાના રહેવાસી ૧૯ વર્ષીય અનુરાગ અનિલ બોરકારે NEET UG 2025માં 99.99 પર્સન્ટાઈલ મેળવીને ઓબીસી કેટેગરીમાં ઓલ ઈન્ડિયા ૧૪૭૫મો રેંક હાંસલ કર્યો હતો. આ સફળતા પછી તે ઉત્તર પ્રદેશના ગોરખપુરમાં એમબીબીએસ કરવાની તૈયારી કરી રહ્યો હતો. જો કે, ગોરખપુર જતા પહેલા તેણે ઘરમાં ફાંસો ખાઈને આત્મહત્યા કરી લીધી હતી. આ ઘટનાથી સમગ્ર વિસ્તારમાં શોકની લાગણી ફેલાઈ છે. મળતી વિગતો પ્રમાણે, વિદ્યાર્થીની ઓળખ અનુરાગ અનિલ બોરકર તરીકે થઈ છે. તેને ઉત્તર પ્રદેશના ગોરખપુરની એક કોલેજમાં એડમિશન લેવાનું હતું. જોકે, આ પૂર્વે ઘરેથી નીકળતા પહેલા તેણે આત્મહત્યા કરી લીધી હતી. અનુરાગે આત્મહત્યા પહેલા એક સુસાઈડ નોટ લખી હતી, જેમાં તેણે લખ્યું હતું કે, તે ડૉક્ટર બનવા નહોતો માંગતો. આ ઘટનાથી સમગ્ર વિસ્તારમાં શોકની લાગણી ફેલાઈ ગઈ છે. અનુરાગે ૨૦૨૫ ની NEET UG પરીક્ષામાં 99.99 ટકા મેળવ્યા હતા. OBC કેટેગરીમાં અનુરાગે નીટમાં ઓલ ઈન્ડિયા રેંક ૧૪૭૫ મેળવ્યો હતો. મહારાષ્ટ્ર પોલીસના જણાવ્યા પ્રમાણે, ગોરખપુર જવાના એક દિવસ પહેલા અનુરાગે પોતાના ઘરે જ આત્મહત્યા કરી હતી. અનુરાગ પોતાના ઘરમાં જ ફાંસો ખાઈને જીવન ટૂંકાવી દીધું.

**બોલિવૂડમાં ન ગાવા અંગે ગરબા ક્વિનનો ખુલાસો**

## મને કોઈની પણ જી હજૂરી કરતા નથી આવડતું

। (એજન્સી) મુંબઈ, તા.૨૪ ।

નવરાત્રિ અને ગરબાનો ઉલ્લેખ થતા જ લોકોના મનમાં ગરબા ક્વિન ફાલ્ગુની પાઠકનું નામ આવી જ જાય છે. ગરબા નાઈટ સિંગરના ગીતો વિના અધૂરી રહી જાય છે. ક્વિન ઓફ ઈન્ડિયાના નામથી જાણીતી ફાલ્ગુની પાઠકે યાદ પિયા કી આને લગી અને મેને પાયલ હે છનકાઈ જેવા સુપરહિટ ગીતો આપ્યા છે. તેણે ઘણાં સુપરહિટ ગીતો આપ્યા છતાં તેણે ક્યારેય બોલિવૂડ માટે નથી ગાયું. હવે તેણે એક ઈન્ટરવ્યૂમાં આ અંગે ખુલાસો કરીને તેની પાછળનું કારણ જણાવ્યું છે. ફાલ્ગુની પાઠકે કહ્યું કે, મેં એ તરફ વધુ ધ્યાન નથી આપ્યું. પહેલા તો મને લાગતું હતું કે, કદાચ મારો અવાજ બોલિવૂડ માટે નથી બન્યો. મારો અવાજ ખૂબ જ સોફ્ટ છે. તેમાં વેરિયેશન નથી. બોલિવૂડમાં ગાવા માટે તમારે તેના પર કામ કરવું પડે છે. બીજી વાતો એ છે કે, પહેલા એવું થતું હતું કે સ્ટુડિયોમાં જઈને મ્યુઝિક ડાયરેક્ટર સાથે મુલાકાત કરો.

**સ્વામી ચૈતન્યાનંદ સામે FIR**

## દિલ્હીની શૈક્ષણિક સંસ્થાનમાં ૧૭ છોકરીના યૌન શોષણનો આરોપ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૪ ।

દિલ્હીની એક મેનેજમેન્ટ ઈન્સ્ટિટ્યુટમાં ૧૭ છોકરીઓ સાથે અભદ્ર વર્તનનો એક ચોંકાવનારો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. શ્રી શારદા ઈન્સ્ટિટ્યુટ ઓફ ઈન્ડિયન મેનેજમેન્ટના વિદ્યાર્થીઓએ ચૈતન્યાનંદ સરસ્વતી ઉર્ફે પાર્થ સારથી સામે ગંભીર આરોપો લગાવ્યા છે. દિલ્હી પોલીસે સંસ્થાના સંચાલક પીએ મુરલીની ફરિયાદના આધારે કેસ નોંધ્યો છે. આ સંસ્થા શારદાપીઠ શ્રૃંગેરી સાથે જોડાયેલી છે. વસંત કુંજ ઉત્તર પોલીસ સ્ટેશનમાં પી.એ મુરલી દ્વારા નોંધાવામાં આવેલી ફરિયાદમાં જણાવાયું છે કે સ્વામી ચૈતન્યાનંદ સરસ્વતી ઉર્ફે ડૉ. સ્વામી પાર્થ સારથીએ શ્રી શારદા ઈન્સ્ટિટ્યુટ ઓફ ઈન્ડિયન મેનેજમેન્ટમાં આર્થિક રીતે નબળા વર્ગ (EWS)ની વિદ્યાર્થીઓનું જાતીય શોષણ કર્યું હતું. પીડિતાઓ EWS શિષ્યવૃત્તિ હેઠળ PGDM (પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા ઈન મેનેજમેન્ટ) કોર્સ કરી રહી છે. પોલીસે આ ફરિયાદના આધારે ૩૨ વિદ્યાર્થિનીના નિવેદન નોંધ્યા હતા, જેમાંથી ૧૭ વિદ્યાર્થિનીએ આરોપ લગાવ્યો હતો કે ચૈતન્યાનંદ સરસ્વતી તેમની સાથે અભદ્ર ભાષામાં વાત કરતાં હતાં, તેમજ વોટ્સએપ પર અશ્લીલ મેસેજ મોકલતા હતાં. શારીરિક અડપલાં પણ કરતાં હતાં.

**આશરે ચાર લાખ લોકો સલામત સ્થળે ખસેડાયા**

## ચીન પર અત્યાર સુધીનું સૌથી શક્તિશાળી વાવાઝોડું 'રગાસા' ત્રાટકવાનું જોખમ

। (એજન્સી) બેઈજિંગ, તા.૨૪ ।

ચીનમાં અત્યાર સુધીનું સૌથી શક્તિશાળી વાવાઝોડું 'રગાસા' ત્રાટકવાનું જોખમ તોળાઈ રહ્યું છે. ચીનના ઉદ્યોગ માટેનું મુખ્ય મથક ગણાતા ગુઆંગડોંગ પ્રાંતમાં તકેદારીના ભાગ રૂપે ઉદ્યોગોને બંધ કરવાની ફરજ પડાઈ છે. આ ઉપરાંત હોંગકોંગ અને શેન્ઝેન આસપાસના વિસ્તારોમાં શાળાઓ બંધ કરવામાં આવી છે. રગાસા વાવાઝાડું દક્ષિણ ચીનના શહેરો પર ત્રાટકવાની ભીતિ સેવાઈ રહી છે. આશરે ૨૫૦ કિ.મી.ની ઝડપે પવન ફૂંકાઈ શકે છે. અગાઉ ફિલિપાઈન્સમાં આ વાવાઝોડાએ ત્રણનો ભોગ લીધો હતો તેમજ સંખ્યાબંધ લોકો ઘરવિહોણા થયા હતા. ચીનના દક્ષિણના શહેરોમાંથી મંગળવારે ૩.૭૧ લાખ લોકોનું સુક્ષરિત સ્થળાંતર કરવામાં આવ્યું હતું. રગાસા વાવાઝોડું ત્રાટકવાની આગાહીને પગલે કટોકટી જાહેર કરી દેવામાં આવી છે તથા તમામ બચાવ અને રાહત ટુકડીઓને સ્ટેન્ડબાય રહેવા આદેશ આપી દેવાયા છે. ચીનના મધ્ય તથા પશ્ચિમ કાંઠા વિસ્તારમાં વાવાઝોડું ત્રાટકે તેવી સંભાવના છે. ટેક્નોલોજી હબ અને આધુનિક શહેર શેન્ઝેન સહિત ૧૦ શહેરોમાં તમામ બજાર, શાળા, કારાખના અને પરિવહન વ્યવસ્થા બંધ કરવાની જાહેરાત કરવામાં આવી છે.

**યુએનની સભા માટે વિશ્વભરના અગ્રણીઓ ભેગા થઈ રહ્યા છે ત્યારે આ ઘટનાએ ચિંતા વધારી**

## અમેરિકામાં ટેલિકોમ એટેકનો પ્રયાસ : એક લાખ સિમ અને ૩૦૦ સિમકાર્ડ સર્વર નિષ્ક્રિય કરાયા

। (એજન્સી) ન્યૂયોર્ક, તા.૨૪ ।

યુએસ સીક્રેટ સર્વિસના એજન્ટ્સે ન્યૂયોર્ક શહેરમાંથી ભયંકર ટેલિકોમ એટેકના પ્રયાસને અટકાવ્યો છે. સમગ્ર ટેલિકોમ સીસ્ટમને ઠપ કરી દેવાની અને અજાણ્યા ટેલિફોનિક એટેક્સ કરવાની ક્ષમતા ધરાવતી સેંકડો ડીવાઈસના નેટવર્કને ફેડરલ એજન્ટ્સે નિષ્ક્રિય કરી દીધા છે. એજન્સીની સત્તાવાર યાદી મુજબ, ન્યૂયોર્ક શહેરના ૩૫ માઈલ વિસ્તારમાં સંખ્યાબંધ લોકેશન પરથી ૧ લાખ સિમ કાર્ડ્સ અને ૩૦૦ સિમ કાર્ડ સર્વર મળી આવ્યા હતા. ન્યૂયોર્ક સિટીમાં યુએનની સામાન્ય સભા વિશ્વભરના અગ્રણીઓ આવી રહ્યા છે તેવા સમયે ટેલિફોમ એટેકના ષડયંત્રનો ખુલાસો થતાં ચકચાર મચી ગઈ છે. સીક્રેટ સર્વિસે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, આ ડીવાઈસથી અજાણ્યા ટેલિફોનિક હુમલાથી માંડીને ટેલિકમ્યુનિકેશન ખોરવી દેવાય તેવી શક્યતા હતા. સેલફોન ટાવર્સ ઠપ કરી દેવાની અને એનક્રિપ્ટેડ કમ્યુનિકેશન પણ ગુનેગારો સુધી પહોંચી જવાની ભીતિ હતી. એજન્સીએ ઝડપેલી વિવિધ ડીવાઈસની ફોરેન્સિક ચકાસણી હાથ ધરવામાં આવી છે. પ્રાથમિક અનુમાન મુજબ, ટેલિકોમ એટેકમાં ફેડરલ લો એન્ફોર્સમેન્ટ સાથે સંકળાયેલા અગ્રણીઓ અને એક્ટર્સના કમ્યુનિકેશન પર જોખમ હતું.

**IRCTC કૌભાંડમાં આરોપ નક્કી કરશે કોર્ટ**

## બિહાર ચૂંટણી ટાણે લાલુ, રાબડી અને તેજસ્વીની મુશ્કેલી વધી

। (એજન્સી) પટણા, તા.૨૪ ।

IRCTC કૌભાંડ મામલે લાલુ યાદવ, રાબડી યાદવ અને તેજસ્વી યાદવ સહિત અનેક આરોપીઓ વિરૂદ્ધ ચાર્જ નિર્ધારિત કરવા સ્પેશિયલ કોર્ટ ૧૩ ઓક્ટોબરના રોજ નિર્ણય લેશે. કોર્ટે આ મામલે તમામ આરોપીને કોર્ટમાં હાજર રહેવા આદેશ આપ્યો છે. આરોપીઓએ આઈઆરસીટીસી (રેલવે મંત્રાલય) સાથે જોડાયેલી હોટલની જાળવણીના કોન્ટ્રાક્ટમાં કૌભાંડ કર્યું હતું. રાઉઝ એવેન્યૂ કોર્ટ આ મામલે ૧૩ ઓક્ટોબરના રોજ તેમના પર કયો ગુનો નોંધવો તેનો નિર્ણય લેશે. સીબીઆઈએ ચાર્જશીટમાં લાલુ, તેજસ્વી અને રાબડી દેવી સહિત અનેક નામ આરોપી તરીકે રજૂ કર્યા છે. રેલવેમાં આઈઆરસીટીસીની બે હોટલ બીએનઆર હોટલ રાંચી અને પુરીના ટેન્ડરમાં થયેલા ભ્રષ્ટાચાર મામલે રાઉજ એવન્યુ કોર્ટ આરોપ નિર્ધારિત કરશે. કોર્ટ ૧૩ ઓક્ટોબરના રોજ નિર્ણય લેશે કે, ચાર્જશીટમાં દર્શાવવામાં આવેલા આરોપોમાંથી કયાં કયાં આરોપ કેસનો આધાર બનશે અને કયાં-કયાં આરોપ કેસમાંથી દૂર કરવામાં આવશે. ઉલ્લેખનીય છે, લાલુ, રાબડી અને તેજસ્વી યાદવે આ કેસમાં સીબીઆઈ પાસે પર્યાપ્ત પુરાવો ન હોવાની દલીલ કરી હતી. લાલુ પ્રસાદ યાદવ જ્યારે રેલવે મંત્રી હતાં, ત્યારે તેમણે આઈઆરસીટીસીના બે હોટલની જાળવણીનો કોન્ટ્રાક્ટ એક કંપનીને આપવામાં કથિત કૌભાંડ કર્યું હતું.

## ધકવાડા ગામમાં ૩૫ વર્ષીય મહિલાની પ્રેમીએ નિર્મમ હત્યા કરી

। (એજન્સી) નવસારી, તા.૨૪ ।

નવસારીના ગણદેવી તાલુકાના ધકવાડા ગામમાં એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. જેમાં લિવ-ઈન રિલેશનશિપમાં રહેતી એક મહિલાની તેના પ્રેમી દ્વારા હત્યા કરવામાં આવી છે. આ ઘટના બાદ હત્યારો પ્રેમી ફરાર થઈ ગયો છે અને પોલીસે તેને ઝડપી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે. ધકવાડા ગામમાં રહેતી ૩૫ વર્ષીય મહિલા અને તેનો પ્રેમી લિવ-ઈન રિલેશનશિપમાં સાથે રહેતા હતા. છેલ્લા કેટલાક સમયથી તેમના સંબંધોમાં તણાવ ચાલી રહ્યો હતો અને અવારનવાર ઝઘડા થતા હતા.મોડી રાતે આ ઝઘડો એટલો ઉગ્ર બન્યો કે પ્રેમીએ મહિલાને ઢોર માર માર્યો. આ દરમિયાન તેણે મહિલાને માથાના ભાગે જોરદાર ફટકા માર્યા. જેના કારણે તેણીનું ઘટનાસ્થળે જ મોત થયું હતું. સવારે આ ઘટનાની જાણ થતાં ગ્રામજનોએ તાત્કાલિક પોલીસને જાણ કરી હતી. ઘટનાની જાણ થતા પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી. ત્યારબાદ પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે મોકલી આપ્યો છે. આરોપી પ્રેમી હત્યા બાદ ફરાર થઈ ગયો છે. પોલીસે તેના વિરુદ્ધ હત્યાનો ગુનો નોંધીને તેને ઝડપી પાડવા માટે વિવિધ ટીમો બનાવી છે. આસપાસના વિસ્તારમાં નાકાબંધી કરીને અને સીસીટીવી ફૂટેજની મદદથી આરોપીને શોધી કાઢવાના પ્રયાસો ચાલી રહ્યા છે. પોલીસે સ્થાનિક લોકો અને મહિલાના પરિવારજનો પાસેથી પણ વિગતો મેળવીને તપાસને આગળ ધપાવી છે.

## સોસાયટીના બાંકડે બેઠેલા વૃદ્ધ ખાડામાં ખાબક્યા

। (એજન્સી) સુરત, તા.૨૪ ।

સુરતના વેલેન્જા વિસ્તારમાં આવેલી શ્યામ રેસિડેન્સી સોસાયટીમાં એક વિચિત્ર ઘટના બની છે, જ્યાં સોસાયટીના ગેટ પાસે એક વૃદ્ધ બાંકડા પર બેઠા હતા ત્યારે અચાનક ડ્રેનેજ લાઈન તૂટવાથી મોટો ખાડો પડ્યો અને વૃદ્ધ તેમાં ગરકાવ થઈ ગયા. આ ઘટનાથી સોસાયટીમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. પ્રાપ્ત માહિતી અનુસાર, શ્યામ રેસિડેન્સીના ગેટ પાસે ડ્રેનેજ લાઈન તૂટી જવાથી મોટો ભૂવો પડ્યો હતો. આ સમયે એક વૃદ્ધ બાંકડા પર બેઠા હતા. અચાનક જમીન ધસી પડતા વૃદ્ધ ખાડામાં ખાબક્યા હતા. આ જોઈને સોસાયટીના લોકોએ તાત્કાલિક ફાયર બ્રિગેડને જાણ કરી હતી. ઘટનાની જાણ થતા જ ફાયર વિભાગના જવાનો ઘટનાસ્થળે પહોંચ્યા હતા અને તાત્કાલિક બચાવ કામગીરી શરૂ કરી હતી. ફાયર વિભાગના જવાનોએ ભારે જહેમત બાદ વૃદ્ધને સુરક્ષિત રીતે બહાર કાઢ્યા હતા. સદનસીબે, વૃદ્ધને કોઈ ગંભીર ઈજા પહોંચી નહોતી. આ ઘટનાને કારણે સોસાયટીના લોકોમાં ભારે રોષ જોવા મળ્યો છે. લોકોએ આ ઘટના માટે ડેવલોપરને જવાબદાર ગણાવ્યા છે અને તેમની સામે કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ કરી છે. લોકોનું કહેવું છે કે આવી ઘટનાઓ સોસાયટીના બાંધકામની ગુણવત્તા પર સવાલો ઊભા કરે છે.

### ગુજરાત સરકારની મહત્વની જાહેરાત

# ગુજરાતના સરકારી કર્મચારીઓ અને પેન્શનર્સને મળશે કેશલેસ સારવાર

### રાજ્યના૬.૪૨લાખજેટલાઅધિકારી-કર્મચારીઓઅનેપેન્શનર્સનેરૂ.૧૦લાખસુધીનીકેશલેસસારવારનોલાભમળશે

। (એજન્સી) ગાંધીનગર, તા.૨૪ ।

નવરાત્રિના પ્રથમ નોરતે જ ગુજરાત સરકારે રાજ્યના લાખો નાગરિકોની આરોગ્ય સુખાકારીમાં વધારો કરતી મહત્ત્વની જાહેરાત કરી છે. પ્રધાનમંત્રી જન આરોગ્ય - આયુષ્યમાન યોજનાને ૭ વર્ષ પૂર્ણ થવાના અવસરે, રાજ્યના અધિકારી-કર્મચારીઓ અને પેન્શનર્સ માટે "ગુજરાત કર્મયોગી સ્વાસ્થ્ય સુરક્ષા યોજના" (G- કેટેગરી) નો શુભારંભ કરવામાં આવ્યો છે. આ યોજના હેઠળ રાજ્યના ૬.૪૨ લાખ જેટલા અધિકારી-કર્મચારીઓ અને પેન્શનર્સને રૂ. ૧૦ લાખ સુધીની કેશલેસ સારવારનો લાભ મળશે. જોકે ઉલ્લેખનીય છે કે આ યોજનાનો અમલ ક્યારથી થશે તે અંગે આરોગ્યમંત્રીએ સ્પષ્ટતા કરી નથી. આ યોજના માટે રાજ્ય સરકારને વાર્ષિક રૂ. ૩૦૩.૫ કરોડનો ખર્ચ થશે. આ યોજના રાજ્યના લાખો સરકારી કર્મચારીઓ અને તેમના પરિવારો માટે મોટી રાહત સાબિત થશે. જેના પગલે રાજ્યના ૬.૪૨ લાખ જેટલા અધિકારી-કર્મચારી અને પેન્શનર્સને આ યોજના હેઠળ રૂ. ૧૦ લાખની કેશલેસ સારવારનો લાભ મળશે. આ યોજના માટે રાજ્ય સરકારને વાર્ષિક રૂ. ૩૦૩.૫ કરોડનો ખર્ચ થશે. અત્રે નોધનીય છે કે, વર્ષ ૨૦૧૮ થી વર્ષ ૨૦૨૫ સુધીમાં કુલ ૨.૯૨ લાખ લાભાર્થીઓ પાસે આયુષ્માન કાર્ડ પહોંચ્યા છે. જેમાં કુલ ૫૧.૨૭ લાખ દાવાઓ માટે કુલ રૂ. ૧૩,૯૪૬.૫૩ કરોડની ક્લેઈમ ચૂકવણી કરવામાં આવી છે. હાલ રાજ્યમાં આ યોજના અંતર્ગત કુલ ૨૭૦૮ હોસ્પિટલ (જેમાં ૯૪૩ – ખાનગી , ૧૭૬૫ – સરકારી) એમ્પેન્લ્ડ છે. જેમાં ૨૪૭૧ પ્રોસિઝરનો લાભ અપાય છે. વર્ષ ૨૦૧૨ માં રૂ. ૩૦ કરોડની બજેટ જોગવાઈ થી શરૂ થયેલા મા યોજના વર્ષ ૨૦૧૪માં મા–વાત્સલ્ય યોજનામાં પરિણમી હતી. જેમાં વર્ષ ૨૦૧૨ થી વર્ષ ૨૦૧૮ સુધીમાં રૂ. ૧૧૭૯.૧૯ કરોડના ક્લેઈમ ચૂકવણી કરાઈ હતી. ગુજરાત કર્મયોગી સ્વાસ્થ્ય સુરક્ષા યોજના હેઠળની માહિતી મેળવવા કે ફરિયાદ નિવારણ માટે ૦૭૯-૬૬૪૪૦૧૦૪ હેલ્પલાઈન નંબર પણ કાર્યરત કરવામાં આવ્યો છે. આ યોજનાથી રાજ્યના લાખો પરિવારોને આરોગ્ય સંબંધી મોટી આર્થિક સુરક્ષા પ્રાપ્ત થશે.

## જામનગર સત્યમ કોલોની વિસ્તારમાં નળમાં ગટરનું પાણી આવતા દેકારા

। (એજન્સી) જામનગર, તા.૨૪ ।

જામનગરના સત્યમ કોલોની, શિવમ સોસાયટી વિસ્તારમાં છેલ્લા ઘણા સમયથી રહેવાસીઓને પાણીની લાઈનમાં ગટરનું પાણી મિક્સ થઈ આવતા હોવાથી બાળકો યુવાનો અને વડીલોને રોગચાળાની ભીતિ સેવાઈ રહી છે. આજે આ વિસ્તારની મહિલાઓએ રસ્તા લોકો આંદોલન કરીને તંત્રને કુંભકરણની ઊંઘમાંથી જગાડવાનો પ્રયાસ કર્યો હતો. પરિણામે મહાનગરપાલિકા અને પોલીસની ટીમની દોડધામ વધી જવા પામી હતી, આ વિસ્તારના રહેવાસીઓ દ્વારા અનેક વાર મહાનગર પાલિકા તંત્ર સમક્ષ રજૂઆત કરવા છતાં સમાધાન નહીં મળતા આજ રોજ રહેવાસીઓએ સત્યમ કોલોની નજીક રસ્તો રોકી વિરોધ નોંધાવ્યો હતો.

### ઈ-વ્હીકલ માટે મફત પાર્કિંગનો પાલિકાનો ઠરાવ છે

## સુરતમાં ઈ-વ્હીકલ પાર્કિંગના કોન્ટ્રાક્ટરો વસૂલી રહ્યા છે ચાર્જ

### સુરતમાં પે એન્ડ પાર્કના કોન્ટ્રાક્ટરોએ ઇલેક્ટ્રિક વાહનનું ચાર્જ લેવામાં આવશે તેવા બોર્ડ લગાવી દીધા છે

। (એજન્સી) સુરત, તા.૨૪ ।

ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિવસ સુરત મહાનગરપાલિકા ગ્રીન વ્હીકલ પોલીસી જાહેર કરી દીધી છે તેની સાથે જ સુરત પાલિકા દેશની પહેલી મહાનગરપાલિકા ગઈ છે. આ પોલીસીના કારણે ઈ-વ્હીકલ ખરીદીમાં સુરતીઓને ત્રણ હજારથી એક લાખ સુધીનો ટેક્ષમાં ફાયદો થઈ શકે છે. પરંતુ સુરત પાલિકાના પે એન્ડ પાર્કના કોન્ટ્રાક્ટરો પાલિકાની પોલીસી પર પાણી ફેરવી રહ્યા છે. પે એન્ડ પાર્કમાં ઈ વ્હીકલ માટે ફ્રી પાર્કિંગ અને ૧૦ ટકા જગ્યા અનામત રાખવા પાલિકાએ નિર્ણય કર્યો છે પરંતુ પે એન્ડ પાર્કના કોન્ટ્રાક્ટરોએ ઈલેક્ટ્રિક વાહનનું ચાર્જ લેવામાં આવશે તેવા બોર્ડ લગાવી દીધા છે. અને ઈ વ્હીકલના ચાલકો પાર્કિંગના પાસે પણ પૈસા વસુલી રહ્યા છે. ગ્રીન વ્હીકલ પોલીસી જાહેર કરનારા દેશના પહેલા શહેર સુરતમાં પે એન્ડ પાર્કના કોન્ટ્રાક્ટર્સને પાલિકાની પોલીસી સામે અણગમો હોય તેવું લાગી રહ્યું છે. પાલિકાએ ગ્રીન પોલીસીની સફળતા માટે નિયમો બનાવ્યા છે પરંતુ આ નિયમોના પે એન્ડ પાર્કના કોન્ટ્રાક્ટરો ધજાગરા ઉડાવી રહ્યાં છે. સુરતના અનેક પે એન્ડ પાર્કમાં ઈ-વ્હીકલનો ચાર્જ લેવામાં આવશે તેવા બોર્ડ જોવા મળી રહ્યાં છે. એટલું જ નહી પરંતુ ઈ વ્હીકલ પાર્ક કરનારા પાસે પાર્કિંગનો ચાર્જ વસુલવામાં આવી રહ્યો છે.

## પગપાળા ચાલીને જઈ રહેલા યુવાનને ટ્રક ચાલકે ચગદી નાખતાં કરુણ મૃત્યુ

। (એજન્સી) જામનગર, તા.૨૪ ।

જામનગર નજીક દરેડ વિસ્તારના ગઈકાલે હિટ એન્ડ રનનો એક બનાવ બન્યો હતો, અને પગપાળા ચાલીને જઈ રહેલા એક યુવાનને ટ્રકના ચાલકે કચડી નાખતાં કરુણ મૃત્યુ નિપજ્યું છે. આ બનાવની વિગત એવી છે કે જામનગર નજીક સાધના કોલોનીમાં મારવાડી વાસ વિસ્તારમાં રહેતો અને છૂટક મજૂરી કામ કરતો ચમનભાઈ સોલંકી નામનો ૩૪ વર્ષનો યુવાન, કે જે ગઈકાલે દરેડ વિસ્તારમાંથી પગપાળા ચાલીને જઈ રહ્યો હતો, જે દરમિયાન પાછળથી પુરપાટ ઝડપે આવી રહેલા શાહરુખ સલીમભાઈ જુણેજા નામના ટ્રક ચાલકે તેને હડફેટમાં લઈ કચડી નાખ્યા હતા. ઈજાગ્રસ્ત ચમનભાઈના બંને પગ ઉપરથી ટ્રકના તોતિંગ વ્હીલ ફરી વળ્યા હતા.

## કંડલા પોર્ટ નજીક ક્રેઈન નીચે કચડાતા શ્રમિકનું મોત થયું, પૂર્વ કચ્છમાં છેલ્લા ૨૪ કલાકમાં ત્રણ અકસ્માત

### ભચાઉ-ગુણાતીતપુર રોડ પર બાઈક અકસ્માતમાં યુવકનું મોત : સામખિયાળી ટોલનાકા પાસે ટ્રકે કારને અડફેટે લીધી

। (એજન્સી) કચ્છ, તા.૨૪ ।

પૂર્વ કચ્છમાં આવેલા વિવિધ માર્ગો પર છેલ્લા ૨૪ કલાકમાં ત્રણ ગંભીર માર્ગ અકસ્માત થયા છે, જેમાં ત્રણ લોકોના કરૂણ મોત નિપજ્યાં છે. આ અકસ્માતોમાં બે શ્રમિક અને એક ટ્રક ડ્રાઈવરનો સમાવેશ થાય છે. મળતી માહિતી અનુસાર, રવિવારે (૨૧મી સપ્ટેમ્બર મોડીરાતે કંડલા પોર્ટની જેટી નંબર ૧૪ નજીક એક ક્રેઈનના ટાયર નીચે કચડાઈ જતાં એક શ્રમિકનું મોત નિપજ્યું હતું. મૂળ રાજસ્થાનના પાલીનો રહેવાસી ૪૭ વર્ષીય ભીખારામ પરમાર ગંભીર ઈજાઓને કારણે ઘટનાસ્થળે જ મૃત્યુ પામ્યો હતો. પોલીસે અકસ્માત અંગે વધુ તપાસ હાથ ધરી છે. સોમવારે (૨૨મી સપ્ટેમ્બર) સવારે વાગ્યે ભચાઉથી ગુણાતીતપુર રોડ પર એક છોટા હાથી વાહન પાછળ બાઈક ટકરાતાં એક વ્યક્તિનું મોત થયું હતું અને અન્ય એક ઈજાગ્રસ્ત થયો હતો. મૂળ ઉત્તર પ્રદેશના મૃતક લલ્લન ચૌહાન અને તેનો ભત્રીજો બંને બુઢારમોરાની કેમોસ્ટીલ કંપનીમાં કામે જવા નિકળ્યા હતા, ત્યારે આ દુર્ઘટના બની હતી. લલ્લનનું ઘટનાસ્થળે જ મોત થયું હતું, જ્યારે તેના ભત્રીજાને ઈજા પહોંચતા તેને સારવાર અર્થે ખસેડવામાં આવ્યો છે. આજે બપોરે સામખિયાળી ટોલનાકાથી અડધો કિલોમીટર દૂર ભચાઉ તરફ જતા હાઈવે પર એક ટ્રક ડ્રાઈવરનું કારની અડફેટે મોત થયું હતું. મૂળ રાજસ્થાનના જૈસલમેરનો રહેવાસી ઈશાનખાન હિંગોરજા પોતાની ટ્રકને સાઈડમાં પાર્ક કરીને ચેક કરી રહ્યો હતો, ત્યારે જ પાછળથી પૂરઝડપે આવતી એક રીટ્ઝ કારે તેને જોરદાર ટક્કર મારી હતી. ગંભીર ઈજાઓને કારણે તેનું સ્થળ પર જ મૃત્યુ થયું હતું. પોલીસે આ મામલે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. , ત્યારે જ પાછળથી પૂરઝડપે આવતી એક રીટ્ઝ કારે તેને જોરદાર ટક્કર મારી હતી. ગંભીર ઈજાઓને કારણે તેનું સ્થળ પર જ મૃત્યુ થયું હતું. પોલીસે આ મામલે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### ૧૪ ઉમેદવારની ચૂંટણીમાં ૧૦ વિજેતા

## કર્ણાવતી ક્લબની ડિરેક્ટર માટેની ચૂંટણી સંપન્ન થઈ

। (એજન્સી) અમદાવાદ, તા.૨૪ ।

કર્ણાવતી ક્લબની ૩૬મી વાર્ષિક સાધારણ સભા આજે વીડિયો કોન્ફરન્સના માધ્યમથી યોજાઈ હતી. જે અંતર્ગત નિવૃત્ત થનારા ૧૦ ડિરેક્ટરોની જગ્યાએ નવા નિમણૂક પામેલા સભ્યોને સંગઠનમાં લેવા માટેની રજૂઆત મળી હતી. જે અંતર્ગત દસ સભ્યોની કે જેમની ટર્મ પૂરી થઈ હતી. તે અંતર્ગતની ચૂંટણી કર્ણાવતી ક્લબના સભાસદો દ્વારા ઈ-વોટિંગના માધ્યમથી વેબસાઈટ દ્વારા યોજાઈ હતી.આ ૧૦ ઉમેદવારો માટે કર્ણાવતી ક્લબ દ્વારા ૪ સપ્ટેમ્બર ૨૦૨૫ના રોજ ચૂંટણી માટે અવધિ નિર્ધારિત કરી હતી. જે મુજબ દાવેદારી માટે ફોર્મ સબમિટ કરવા માટે સાત સપ્ટેમ્બર સુધીનો સમય આપવામાં આવ્યો હતો. ખાલી પડેલા દસ ડિરેક્ટરો માટે ૧૫ સપ્ટેમ્બરના રોજ ઈ-વોટિંગ યોજાયું હતું. જેનું આજે પરિણામ આવ્યું હતું. તેમાં ૧૦ ડિરેક્ટરોની ખાલી પડેલી ચૂંટણીમાં ૧૪ ડિરેક્ટરોએ ઝંપલાવ્યું હતું. જે પૈકી ચાર ઉમેદવારોની ડિપોઝિટ ડૂલ થઈ છે. જ્યારે ૧૦ ઉમેદવારો જંગી મતોથી વિજય થયો છે.વિજેતા ઉમેદવારોની નજર કરીએ તો અજય ઠક્કરનો ૪૪૧૯ મતે, ભાવેશ વઘાસિયાને ૪,૩૧૪ મતે, હસમુખ શાહને ૪,૫૬૨ મતે, કિન્નર શાહને ૪,૫૧૧ મતે, ચેતન શાહને ૪૦૫૪ મતે, હિતેન વસંતને ૪૪૦૪ મતે, ગિરીશ દાણીને ૪૪૫૭ મતે, નગીન પટેલને ૪,૫૩૬ મતે, સતીત શાહને ૪૪૧૯ મતે અને પરેશ પટેલને ૪૦૫૭ મતે મેળવીને આ તમામ દસેય ડિરેક્ટરો ભવ્ય વિજય મેળવ્યો છે.

## મહેસાણાના યુવકની દિલ્હી એરપોર્ટ પર ધરપકડ

। (એજન્સી) મહેસાણા, તા.૨૪ ।

મહેસાણા નિવાસી ૪૦ વર્ષીય એક વ્યક્તિ જેણે ગેરકાયદે ડોંકી રૂટ દ્વારા અમેરિકામાં પ્રવેશ કર્યો હતો અને વર્ષો સુધી કોઈપણ દસ્તાવેજ વિના ત્યાં રહેતો હતો. હવે આ વ્યક્તિને નકલી પાસપોર્ટ દ્વારા ભારત પરત ફરવાના પ્રયાસ દરમિયાન દિલ્હીના IGI એરપોર્ટ પરથી ઝડપી લેવામાં આવ્યો છે. નોંધનીય છે કે, મૂળ જગુદાન ગામનો રહેવાસી આ વ્યક્તિ પહેલીવાર ૨૦૧૮માં કાયદાકીય રીતે વિયેતનામ ગયો હતો અને એટલાન્ટા પહોંચતા પહેલાં ૧૫ મહિના ગેરકાયદે રસ્તાઓ પર ફરતો હતો. ત્યાં તે કોઈપણ દસ્તાવેજ વિના રહેતો અને નાનું-મોટું કામ પણ કરતો હતો. જોકે, બાદમાં ડોનાલ્ડ ટ્રમ્પ જ્યારે બીજીવાર પ્રમુખ બન્યા અને ગેરકાયદે પ્રવાસીઓને ડિપોર્ટ કરવાનું અભિયાન શરૂ કર્યું તો કાર્યવાહીના ડરથી તેણે પોતાની વાપસીની સુવિધા માટે ૨૦૨૦માં હિમાચલ પ્રદેશ નિવાસીના નામે નકલી પાસપોર્ટ બનાવડાવ્યો હતો.

### દસ્ક્રોઈ, વિરમગામ, ધોળકા અને સાણંદ વગેરે તાલુકાઓમાં સ્વચ્છતા માટે જોવા મળ્યો ઉત્સાહ

# 'સ્વચ્છતા હી સેવા' અંતર્ગત અમદાવાદ જિલ્લામાં બજારો, ધાર્મિક સ્થળો, આંગણવાડી કેન્દ્રો, જળાશયો, સામુહિક શૌચાલયોની સાફ-સફાઈ કરવામાં આવી







। (માહિતી) અમદાવાદ, તા.૨૪ ।

અમદાવાદ જિલ્લામાં 'સ્વચ્છતા હી સેવા ૨૦૨૫' અભિયાન અંતર્ગત સ્વચ્છતા ઝુંબેશ ચાલી રહી છે. જિલ્લા કલેક્ટર શ્રી સુજીત કુમાર અને જિલ્લા વિકાસ અધિકારી શ્રી વિદેહ ખરેના નેતૃત્વમાં તથા જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના ડિરેક્ટર શ્રી એ.એમ. દેસાઈના માર્ગદર્શનમાં જિલ્લાના વિવિધ તાલુકામાં સ્વચ્છતા હી સેવા ઝુંબેશ અંતર્ગત સફાઈ અભિયાન ચલાવવામાં આવી રહ્યા છે. રોજેરોજ નિયત કરેલી થીમ પ્રમાણે સફાઈ ઝુંબેશ સમગ્ર જિલ્લામાં ચાલી રહી છે. 'સ્વચ્છતા હી સેવા' અંતર્ગત અમદાવાદ જિલ્લામાં બજારો, ધાર્મિક સ્થળો, આંગણવાડી કેન્દ્રો, જળાશયો, સામુહિક શૌચાલયો વગેરે જાહેર સ્થળોની સાફ-સફાઈ કરવામાં આવી રહી છે. સ્વચ્છતા અભિયાનમાં સરકારી કર્મીઓ ઉપરાંત ગ્રામજનો પણ ઉત્સાહભેર સહભાગી થઈ રહ્યા છે. 'સ્વચ્છતા હી સેવા' ઝુંબેશમાં આંગણવાડીના કર્મીઓએ ખૂબ જ ઉત્સાહ દાખવ્યો છે અને જિલ્લાની ૧૫૦૧ આંગણવાડી કેન્દ્રોની સફાઈ કરવામાં આવી છે. 'સ્વચ્છતા હી સેવા' ઝુંબેશમાં દસ્ક્રોઈ, વિરમગામ, ધોળકા અને સાણંદ વગેરે તાલુકાઓમાં સ્વચ્છતા માટે વિશેષ ઉત્સાહ જોવા મળી રહ્યો છે. દસ્ક્રોઈ તાલુકામાં તાલુકા કક્ષાએ ધાર્મિક સ્થળોની સાફસફાઈ કરવામાં આવી તો ધોળકા તાલુકામાં ગ્રામ્ય કક્ષાએ જળાશોની સ્વચ્છતા ઝુંબેશ ચલાવવામાં આવી હતી. સાણંદ તાલુકામાં સામુહિક શૌચાલયોની જાળવણી-નિભાવણીની સાથે સાથે સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યું તો વિરમગામ અને દસ્ક્રોઈ તાલુકાઓમાં ગ્રામ્ય કક્ષાએ બજારો અને સામુહિક શૌચાલયોની વિશેષ સ્વચ્છતા ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. ધાર્મિક સ્થળોની સાથે સાથે ગરબાના મેદાનોની પણ સફાઈ હાથ ધરવામાં આવી છે. અમદાવાદના તમામ તાલુકામાં દરેક દિવસે થીમ આધારિક સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવે છે. આ સફાઈ અભિયાનથી નાગરિકોમાં સકારાત્મક માહોલ જોવા મળી રહ્યો છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

### ન્યૂઝ બ્રિફ

## કોંગ્રેસે વોટ ચોરી પકડવા દેશવ્યાપી બૂથ રક્ષક પ્રોજેક્ટ શરૂ કર્યો



। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૪ ।

લોકસભામાં વિપક્ષ નેતા રાહુલ ગાંધીએ વોટ ચોરી અભિયાન બાદ હવે ચાર રાજ્યોની કુલ પાંચ લોકસભા બેઠક પર બૂથ રક્ષક યોજનાની શરૂઆત કરી છે. કોંગ્રેસ આ પાયલોટ પ્રોજેક્ટ હેઠળ પાયાના સ્તરે પક્ષના કાર્યકરોને ટ્રેનિંગ આપશે. જેથી તેઓ જુદા-જુદા વિસ્તારમાં મતદારોની યાદીમાં ગરબડ અને અનિયમિતતાઓ બહાર લાવી શકશે. બૂથ રક્ષક યોજનાના પાયલોટ પ્રોજેક્ટ હેઠળ પક્ષે ચાર રાજ્યોની પાંચ લોકસભા બેઠકની પસંદગી કરી છે. જેમાં રાજસ્થાનના અલવર અને જયપુરની ગ્રામીણ બેઠક સામેલ છે. આ સિવાય મધ્યપ્રદેશના મુરૈના, છત્તિસગઢના જાંજપુર-ચાંપા અને ઉત્તર પ્રદેશના બાંસગાંવની બેઠક સામેલ છે. આ બેઠક પર કોંગ્રેસના ઉમેદવાર ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં નજીવા માર્જિનથી હાર્યા હતા. કોંગ્રેસની આ યોજના વોટ ચોરીના અભિયાનનો જ એક ભાગ છે.

## મધ્ય પ્રદેશના ધારમાં એક વિદ્યાર્થીનીની ધોળા દિવસે કિડનેપિંગથી હડકંપ મચ્યો



। (એજન્સી) મધ્ય પ્રદેશ, તા.૨૪ ।

મધ્ય પ્રદેશના ધારમાં એક વિદ્યાર્થીનીની ધોળા દિવસે કિડનેપિંગથી હડકંપ મચી ગયો છે. આ કિડનેપિંગની ઘટનાને ખૂબ જ ફિલ્મી સ્ટાઈલમાં અંજામ આપવામાં આવ્યો હતો. કિડનેપિંગ બાદ ગ્રામજનોના એક જૂથે કિડનેપર્સનો પીછો કર્યો અને ૨૦ કિલોમીટરના અંતરે વિદ્યાર્થીનીનું રેસ્ક્યૂ કર્યું. આ ઘટના CCTV કેમેરામાં કેદ થઈ ગઈ હતી. સોમવારે ધારના ગંધવાણી બસ સ્ટેન્ડ નજીક વિદ્યાર્થીનીના કિડનેપિંગ પછી આખા વિસ્તારમાં હડકંપ મચી ગયો હતો. ૧૨માં ધોરણની એક વિદ્યાર્થીની ATM નજીક ઊભી હતી. ત્યારે ત્યાં કિડનેપર્સ આવી ટપક્યા. કિડનેપર્સ મહિન્દ્રા બોલેરોમાં આવ્યા હતા. જલદી કાર ઊભી રાખીને તેમાંથી ૨ લોકો ઉતર્યા અને વિદ્યાર્થીનીને પકડીને બળજબરી પૂર્વક તેને કારમાં બેસાડી દીધી. કાર આગળ વધતાની સાથે જ ગામના લોકોએ અલગ-અલગ વાહનોથી કારનો પીછો કરવાનું શરૂ કરી દીધું. ગ્રામજનોએ ૨૦ કિલોમીટર સુધી કારનો પીછો કર્યો અને અંબાપુરા રોડ પર કિડનેપર્સની કારને રોકવામાં સફળ રહ્યા. વાસ્તવમાં બકરીઓનું એક ટોળું અચાનક અંબાપુરા રોડ પર આગળ આવી ગયું. આવી સ્થિતિમાં કિડનેપર્સની કાર પલટી ગઈ. આ દરમિયાન આરોપીઓ અન્ય વાહનોમાં પોતાનો જીવ બચાવવા ભાગી ગયા અને વિદ્યાર્થીને કારમાં જ છોડી દીધી.

### સપા નેતા આઝમ ખાનને ૭૨ મામલામાં જામીન મળ્યા

# ૨૩ મહિના બાદ જેલ મુક્ત થયા SP નેતા આઝમખાન

। (એજન્સી) નવીદિલ્હી, તા.૨૪ ।

સપા નેતા આઝમ ખાનને ૭૨ મામલામાં જામીન મળ્યા છે. તેઓ ૨૩ મહિના બાદ જેલમુક્ત થયા છે. તેઓ સીતાપુર જેલમાંથી બહાર આવ્યા છે. સમાજવાદી પાર્ટીના વરિષ્ઠ નેતા આઝમ ખાન ૨૩ મહિના પછી જેલમાંથી મુક્ત થયા છે. તેમને ઉત્તર પ્રદેશની સીતાપુર જેલમાંથી મુક્ત કરવામાં આવ્યા હતા. સીતાપુર જેલને આઝમ ખાન વિરુદ્ધ દાખલ ૭૨ કેસોમાં મુક્તિના આદેશ મળ્યા હતા. કાનૂની પ્રક્રિયા પૂર્ણ થયા પછી તેમને મુક્ત કરવામાં આવ્યા હતા. મુક્તિ પછી તેમને આવકારવા માટે સીતાપુર જેલની બહાર સમર્થકોની મોટી ભીડ એકઠી થઈ હતી. આઝમખાનને લેવા માટે સપા પાર્ટીની સાંસદ રુચિ વીરા પણ પહોંચી



હતી પરંતુ પોલીસે તેને અટકાવી દીધી. રુચિ વીરા પોતાના કાફલાને લઈને સીતાપુર જેલ જઈ રહી હતી. રસ્તામાં પોલીસે બેરિકેડ લગાવીને તેને રોકી દીધી. ડુંગરપુર કેસમાં આઝમ ખાનને ૧૦ વર્ષની જેલની સજા ફટકારવામાં આવી હતી, પરંતુ અલ્હાબાદ હાઈકોર્ટ દ્વારા તેમને જામીન આપવામાં આવ્યા છે. તેમણે હાઈકોર્ટના આદેશ અનુસાર અને ૧૯ કેસોમાં એમપી-એમએલએ સેશન્સ કોર્ટમાં જામીન અરજીઓ દાખલ કરી હતી. કોર્ટે જામીન અરજીઓની ચકાસણી કરવાનો આદેશ આપ્યો હતો, જેનો રિપોર્ટ સોમવારે પોલીસ અને મહેસૂલ વહીવટીતંત્ર દ્વારા કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. સોમવારે સાંજે લૂંટ, લૂંટ અને છેતરપિંડી સંબંધિત ૧૯ કેસોમાં રિલીઝ વોરંટ જાહેર કરવામાં આવ્યા હતા, જેનાથી તમામ ૭૨ કેસોમાં તેમની મુક્તિનો માર્ગ મોકળો થયો હતો. નોંધનીય છે કે ઉત્તર પ્રદેશના રામપુરથી સંબંધિત આઝમ ખાનનો કુખ્યાત ક્વોલિટી બાર કેસ લાંબા સમયથી વિવાદાસ્પદ રહ્યો છે. એવો આરોપ છે કે ૨૦૧૩માં મંત્રી તરીકે સેવા આપતા તેમણે સિવિલ લાઈન્સ વિસ્તારમાં ક્વોલિટી બારની જમીન ગેરકાયદેસર રીતે તેમની પત્ની તન્ઝીન ફાતિમા અને પુત્ર અબ્દુલ્લા આઝમને ટ્રાન્સફર કરી હતી.

### ક્લાઈમેટ ચેન્જ બચવાના ઉપાયો વધારવા માંગ

# યુરોપમાં ગરમીના કારણે એક વર્ષમાં ૬૨ હજારના મોત

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૪ ।

વર્ષ ૨૦૨૪માં ઉનાળામાં યુરોપમાં ગરમી સંબંધિત કારણોસર ૬૨,૭૦૦ લોકોના મોત થયા હતા. નેચર મેડિસિન મેગેઝીનમાં પ્રકાશિત થયેલા સંશોધન મુજબ, વૃદ્ધો અને મહિલાઓ સૌથી વધુ પ્રભાવિત થયા હતા. બાર્સેલોના ઈન્સ્ટિટ્યૂટ ફોર ગ્લોબલ હેલ્થના એક અભ્યાસમાં, ૩૨ યુરોપિયન દેશોના મૃત્યુના રેકોર્ડનું વિશ્લેષણ કરવામાં આવ્યું હતું. ૨૦૨૪ના ઉનાળામાં મૃત્યુદર ગયા વર્ષની સરખામણીમાં ૨૩% વધ્યો. આ અભ્યાસ બાર્સેલોના ઈન્સ્ટિટ્યૂટ ફોર ગ્લોબલ હેલ્થ દ્વારા કરવામાં આવ્યો હતો. સંશોધકોએ ૩૨ યુરોપિયન દેશોના દૈનિક મૃત્યુના



રેકોર્ડનું વિશ્લેષણ કરીને અંદાજ લગાવ્યો કે ૨૦૨૨ અને ૨૦૨૪ના ઉનાળા દરમિયાન ગરમીના કારણે કુલ ૧.૮૧ લાખથી વધુ લોકો મૃત્યુ પામ્યા. માત્ર ૨૦૨૪ના ઉનાળામાં મૃત્યુદર ગયા વર્ષની સરખામણીમાં ૨૩% વધ્યો. જોકે, આ આંકડો ૨૦૨૨માં નોંધાયેલા ૬૭,૯૦૦ મૃત્યુ કરતાં થોડો ઓછો હતો. યુરોપિયન યુનિયનની કોપરનિકસ ક્લાઈમેટ ચેન્જ સર્વિસ અનુસાર, ૨૦૨૪નો ઉનાળો યુરોપના ઈતિહાસનો સૌથી ગરમ ઉનાળો રહ્યો છે. અંદાજ છે કે કુલ મૃત્યુમાંથી બે તૃતીયાંશ મૃત્યુ દક્ષિણ યુરોપમાં થયા છે. ઈટાલી સૌથી વધુ પ્રભાવિત દેશ રહ્યો, કારણ કે અહીં વૃદ્ધોની સંખ્યા વધુ છે અને સતત ત્રણ વર્ષ સુધી તાપમાન ખૂબ ઊંચું રહ્યું. જોકે, ૨૦૨૫નો આ અભ્યાસમાં સમાવેશ કરવામાં આવ્યો નથી. જોકે આ અભ્યાસમાં ૨૦૨૫નો સમાવેશ કરવામાં આવ્યો નથી, પરંતુ ઈટાલીની ઈમર્જન્સી મેડિસિન સોસાયટીએ જણાવ્યું કે આ વર્ષે ગરમીના કારણે કેટલાક વિસ્તારોમાં ઈમર્જન્સી રૂમમાં આવતા લોકોની સંખ્યા ૨૦% સુધી વધી ગઈ. આ દર્શાવે છે કે વૃદ્ધો માટે ગરમીનો ખતરો હજુ પણ યથાવત છે.



૨૪ સપ્ટેમ્બર, ૨૦૨૫ ના રોજ મળેલી આ તસવીરમાં, પટણામાં વિસ્તૃત કોંગ્રેસ કાર્યકારી સમિતિ (CWC) ની બેઠક દરમિયાન કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગે પાર્ટીના નેતા અને લોકસભામાં વિરોધી પક્ષ રાહુલ ગાંધી સાથે.

### દેશનું ડિફેન્સ સેક્ટર બનશે વધુ મજબૂત

## ભારત-મોરોક્કો વચ્ચે સંરક્ષણ સહયોગ માટે થયો કરાર



। (એજન્સી) નવીદિલ્હી, તા.૨૪ ।

ભારતના સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ અને મોરોક્કોના સંરક્ષણ પ્રધાન અબ્દેલલતીફ લૌધીએ સોમવારે રબાતમાં દ્વિપક્ષીય બેઠક યોજી, જેમાં સંરક્ષણ સહયોગ માટે સમજૂતી કરાર (MoU) પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે. ભારતના સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું કે આ MoU ભારત અને મોરોક્કો વચ્ચે વધતી ભાગીદારીને મજબૂત બનાવવા માટે એક મજબૂત માળખું પૂરું પાડે છે. તે સંરક્ષણ ઉદ્યોગમાં સહયોગ, સંયુક્ત કવાયત, લશ્કરી તાલીમ અને ક્ષમતા નિર્માણ માટે માર્ગ મોકળો કરે છે. આ સોદો ભવિષ્યમાં ભારતના સંરક્ષણ ક્ષેત્રને વધુ મજબૂત બનાવશે. ભારત અને મોરોક્કો બંનેના સંરક્ષણ પ્રધાનોએ લાંબા સમયથી ચાલતી ભારત-મોરોક્કો મિત્રતાને વધુ ગાઢ બનાવવાનો ઈરાદો વ્યક્ત કર્યો. તેઓ આતંકવાદ વિરોધી, દરિયાઈ સુરક્ષા, સાયબર સંરક્ષણ, શાંતિ રક્ષા કામગીરી, લશ્કરી દવા અને નિષ્ણાત વિનિમય જેવા મુદ્દાઓ પર એક રોડમેપ વિકસાવવા સંમત થયા છે. રાજનાથ સિંહે રબાતમાં ભારતીય દૂતાવાસમાં એક નવી સંરક્ષણ શાખા ખોલવાની જાહેરાત કરી છે. તેમણે ભારતના સંરક્ષણ ઉદ્યોગ, જેમ કે ડ્રોન અને કાઉન્ટર-ડ્રોન ટેકનોલોજીની પરિપક્વતા અને અદ્યતન ક્ષમતાઓ પર પ્રકાશ પાડ્યો અને મોરોક્કોને ખાતરી આપી કે ભારતીય કંપનીઓ તેના સંરક્ષણ દળોની જરૂરિયાતો પૂરી કરી શકે છે. બંને દેશોના સંરક્ષણ મંત્રીઓએ સશસ્ત્ર દળો વચ્ચે આદાનપ્રદાન વધારવા, તાલીમ કાર્યક્રમોને ટેકો આપવા અને સંરક્ષણ ક્ષેત્રમાં સહ-વિકાસ અને સહ-ઉત્પાદન માટે તકો શોધવાની જરૂરિયાત પર ભાર મૂક્યો. તેમણે હિંદ મહાસાગર અને એટલાન્ટિક કોરિડોરના વ્યૂહાત્મક મહત્વને ધ્યાનમાં રાખીને વૈશ્વિક અને પ્રાદેશિક સુરક્ષા પડકારોનો સામનો કરવા માટે બહુપક્ષીય સહયોગ અને દરિયાઈ સુરક્ષામાં ગાઢ સંકલન માટે પણ હાકલ કરી.ભારતના સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહે પણ ભારતમાં સંરક્ષણ સહયોગ વધારવા અંગે ચર્ચા માટે લૌધિયીને ઔપચારિક આમંત્રણ આપ્યું હતું. ભારતીય સંરક્ષણ મંત્રાલયે આ બેઠકને ભારત-મોરોક્કો સંરક્ષણ સંબંધોમાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ ગણાવી હતી, જે બંને દેશોના વ્યૂહાત્મક હિતોના વધતા સંકલનને પ્રતિબિંબિત કરે છે. મોરોક્કો એક દરિયાઈ રાષ્ટ્ર છે અને ભારતની જેમ ભૂમધ્ય અને એટલાન્ટિક મહાસાગરોમાં દરિયાકિનારા સાથે એક અનોખી ભૌગોલિક સ્થિતિ ધરાવે છે. ભારત-મોરોક્કો સંબંધો ૧૪મી સદીના છે, જ્યારે પ્રખ્યાત પ્રવાસી અને લેખક ઈબ્ન બટુતાએ ભારતની મુલાકાત લીધી હતી. દ્વિપક્ષીય સંબંધોને વધુ મજબૂત બનાવવા માટે સંયુક્ત કાર્યકારી જૂથો નિયમિતપણે મળે છે.

### પેલેસ્ટાઈન મુદ્દે ઈટાલીમાં અજંપો

# મેલોની વિરુદ્ધ ઠેર ઠેર હિંસા, ટોળાએ ટ્રેન રોકી-પોર્ટ બંધ કરાવ્યું

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૪ ।

ફ્રાન્સે મંગળવારે (૨૩મી સપ્ટેમ્બર) પેલેસ્ટાઈનને ઔપચારિક રીતે સ્વતંત્ર દેશ તરીકે માન્યતા આપી. ફ્રાન્સના પ્રમુખ ઈમેન્યુઅલ મેક્રોને યુનાઈટેડ નેશન્સની મિડલ ઈસ્ટ પીસ પ્રોસેસની બેઠકમાં આ જાહેરાત કરી હતી. આગાઉ બ્રિટન, કેનેડા, ઓસ્ટ્રેલિયા અને પોર્ટુગલે પણ છેલ્લા ૩૬ કલાકમાં પેલેસ્ટાઈનને એક દેશ તરીકે માન્યતા આપી છે. જોકે, ઈઝરાયલ, અમેરિકા અને ઈટાલીએ પણ પેલેસ્ટાઈનને માન્યતા આપી નથી. આ સ્થિતિમાં ઈટાલીમાં હવે વડાંપ્રધાન જ્યોર્જિયો મેલોની સામે હિંસક દેખાવો થઈ રહ્યો છે. મળતી માહિતી અનુસાર, ઈટાલીની સરકાર સામે પેલેસ્ટિનિયનોના સમર્થનમાં દેખાવો શરૂ થયો છે. આ દેખાવકારો ગાઝાના સમર્થનમાં તાત્કાલિક યુદ્ધ વિરામની માંગ કરી રહ્યા છે. કાળા પોશાક પહેરેલા મોટી સંખ્યામાં દેખાવકારો મિલાન શહેરના સેન્ટ્રલ ટ્રેન સ્ટેશનમાં ઘૂસ્યા હતા અને અનેક સ્થળોએ આગ લગાવી અને તોડફોડ કરીને સરકારી સંપત્તિને નુકસાન પહોંચાડ્યું હતું. આ દરમિયાન પોલીસ દેખાવકારાને કાબૂમાં લેવા પહોંચી હતી અને સ્મોક બોમ્બ, બોટલો અને પથ્થરો ફેંક્યા હતા. ઈટાલીમાં ફાટી નીકળેલી હિંસાના કારણે ટ્રેનો રોકી



દેવામાં આવી છે અને બંદરો બંધ કરવામાં આવ્યા છે. રોમ અને મિલાનમાં કેટલાક દેખાવકારોની અટકાયત કરાઈ હતી. હિંસામાં ૬૦થી વધુ પોલીસ અધિકારીઓ ઘાયલ થયા હતી. રોમ અને મિલાનમાં પોલીસ અને દેખાવકારો વચ્ચે અથડામણ થઈ હતી. જ્યારે કેટલાક દેખાવકારોની અટકાયત કરાઈ હતી. આ હિંસામાં ૬૦થી વધુ પોલીસ અધિકારીઓ ઘાયલ થયા હતા. દક્ષિણ ઈટાલીનું પોર્ટ શહેર નેપલ્સ વેપારનું મુખ્ય કેન્દ્ર છે. અહીં દેખાવકારોએ રસ્તાઓ બ્લોક કરવાનો પ્રયાસ કર્યો અને રેલવે સ્ટેશનો પર પણ દેખાવો કર્યા હતો. દેખાવકારોને કાબૂમાં લેવા માટે પોલીસે પાણી મારો કર્યો હતો. જોકે, ઈટાલીના વડાંપ્રધાન જ્યોર્જિયા મેલોનીએ પોતાનું વલણ સ્પષ્ટ કરતા કહ્યું છે કે, 'ઈટાલીમાં ચાલી રહેલા હિંસક દેખાવ મારા પર દબાણ લાવવા માટે કરવામાં આવી રહ્યો છે.'

### પાકિસ્તાની વાયુસેનાએ 8 LS-6 બોમ્બ ફેંક્યા

# એરસ્ટ્રાઈકમાં નાના ભૂલકાઓના મોત બાદ પાકિસ્તાનમાં સેના વિરુદ્ધ આક્રોશ

। (એજન્સી) નવીદિલ્હી, તા.૨૪ ।

પાકિસ્તાનના ખૈબર પખ્તુનખ્વાની તિરાહ ઘાટીમાં પાકિસ્તાની સેના દ્વારા કરવામાં આવેલા કત્લેઆમની ગવાહી સ્થાનિક પ્રતિનિધિઓ આપી રહ્યા છે. ઈમરાન ખાનની પાર્ટી પાકિસ્તાન તહરીક-એ-ઈન્સાફે તેને પોતાના જ નાગરિકો પર 'જેટ-બોમ્બિંગ' ગણાવ્યું. ખૈબર પખ્તુનખ્વા એસેમ્બલીના સભ્ય અબ્દુલ ગની આફ્રિદીએ સેનાના આ કૃત્ય પર આક્રોશ વ્યક્ત કરતા કહ્યું કે, તિરાહ અકાખેલમાં નિર્દોષ બાળકો, યુવાનો અને મહિલાઓની નિર્દયતાથી હત્યા એ માનવતા વિરુદ્ધનો સ્પષ્ટ ગુનો છે. તિરાહ ઘાટીમાં પાકિસ્તાની વાયુસેનાએ JF-17 ફાઈટર પ્લેનથી 8 બોમ્બ ફેંક્યા, જેમાં ઓછામાં ઓછા 30 લોકોના મોત થયા. મૃતકોમાં બાળકો અને મહિલાઓનો સમાવેશ થાય છે. આ હુમલામાં ગામનો મોટો ભાગ તબાહ થઈ ગયો અને મૃતદેહોના ઢગલા થઈ ગયા. રિપોર્ટર અને માનવાધિકાર કાર્યકર્તા ફિરોઝ બલોચે સોશિયલ મીડિયા પર આ હુમલામાં માર્યા ગયેલા નિર્દોષ બાળકોની હૃદયદ્રાવક તસવીરો શેર કરી છે, જે પાકિસ્તાની સેનાના ગુનાઓની પુષ્ટિ કરે છે. તેમણે જણાવ્યું કે બોમ્બમારામાં 17 નિર્દોષ નાગરિકો શહીદ થયા, જેમાં મોટાભાગે મહિલાઓ અને નાના બાળકો હતા. આ



હુમલામાં આફ્રિદી કબીલાના લોકો સૌથી વધુ માર્યા ગયા છે. તેમણે ઘટનાસ્થળની કરુણ તસવીરો શેર કરી અને કહ્યું કે પાકિસ્તાની જેટ વિમાનોએ ઉપરી તિરાહ અકાખેલમાં પ્રલય જેવો માહોલ સર્જી દીધો છે. જ્યાં બાળકો હસતા હતા, ત્યાં હવે તેમની લાશો છે અને જ્યાં માતાઓ સપના જોતી હતી, ત્યાં હવે કાટમાળ અને ચીસો છે. તેમણે સવાલ કર્યો કે શું રમકડાંવાળા બાળકો કે ઈબાદત કરતી માતાઓ આતંકવાદી હતા? આ એક ખુલ્લો અત્યાચાર છે. માનવાધિકાર કાર્યકર્તા જહનવાઝ વેષાએ પણ ટ્વીટ કરીને સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદને સવાલ કર્યો છે. તેમણે જણાવ્યું કે રાત્રે લગભગ ૨ વાગ્યે પાકિસ્તાની વાયુસેનાએ 8 LS-6 બોમ્બ ફેંક્યા, જેમાં મહિલાઓ અને બાળકો સહિત ઓછામાં ઓછા 30 લોકો માર્યા ગયા. તેમણે પૂછ્યું કે શું આ નિર્દોષ બાળકોને કોઈ અધિકાર નથી.

### દુકાનદારો અને સ્થાનિય લોકોને સતર્ક કરાયા

# દિલ્હીમાં ફરાળીનો લોટ ખાધા બાદ હડકંપ મચી ગયો

## જહાંગીરપુરી, મહેન્દ્ર પાર્ક, સમયપુર, ભલસ્વા ડેરી, લાલ બાગ અને સ્વરૂપ નગર વિસ્તારમાં આશરે ૨૦૦ લોકો બિમાર પડ્યા છે

। (એજન્સી) નવીદિલ્હી, તા.૨૪ ।

દિલ્હીમાં ફરાળીનો લોટ ખાધા બાદ હટકંપ મચા ગયો છો. જહાંગીર પુરી, મહેન્દ્ર પાર્ક, સમયપુર, ભલસ્વા ડેરી, લાલ બાગ અને સ્વરૂપ નગર વિસ્તારમાં આશરે ૨૦૦ લોકો બિમાર પડ્યા છે. ઝાડા અને ઉલટી થતા તેઓને હોસ્પિટલ ખસેડાયા છે. મળતી માહિતી પ્રમાણે દિલ્હીમાં ફરાળી લોટ ખાધા બાદ લોકો અચાનક બિમાર પડ્યા. અલગ અલગ વિસ્તારમાં ૧૫૦ થી ૨૦૦ લોકોને અચાનક ઝાડા ઉલટી થવા લાગ્યા જેઓને તાત્કાલિક હોસ્પિ



ટલ ખસેડવામાં આવ્યા છે.જ્યાં તેમની સ્થિતિ જોઈને સારવાર કરવામાં આવી. હાલ દર્દીઓની હાલત સ્થિર છે. આ સાથે જ બીજેઆરએમ હોસ્પિટલ દ્વારા અપડેટ આપવામાં આવી છે કે દર્દીઓને હોસ્પિટલમાં દાખલ કરવાની હવે જરૂરત નથી. ઝાડા ઉલટી થવાને કારણે તેમની હાલત ખરાબ હતી. પરંતુ તે હવે ઠીક છે. ઉત્તર પશ્ચિમ જિલ્લા DCP અનુસાર, દુકાનદારો અને સ્થાનિય લોકોને સતર્ક કરી દેવામાં આવ્યા છે. ફૂડ વિભાગને પણ આ મામલે જાણકારી આપવામાં આવી છે. ૨૩ સપ્ટેમ્બરની સવારે આશરે ૬.૧૦ કલાકે જહાંગીરપુરી પોલીસ સ્ટેશને સૂચના કરવામાં આવી હતી કે મોટી સંખ્યામાં લોકો કુટ્ટુનો લોટ ખાધા બાદ બેચેન થવા લાગ્યા અને ઝાડા ઉલટી શરૂ થવા લાગ્યા લોકોએ દુકાનદારને ઘેર્યા હતા.

## બહુમાળી ઇમારત ધરાશાયી થતાં ૨ ના મોત, ૧૨ નું રેસ્ક્યુ

। (એજન્સી) ઇન્દોર, તા.૨૪ ।

ઈન્દોરમાં સોમવારે રાત્રે એક બહુમાળી ઈમારત ધરાશાયી થતાં ખળભળાટ મચી ગયો હતો. આ દર્દનાક દુર્ઘટનામાં ૨ લોકોના મોત થયા છે. ૧૨ લોકોને બચાવવામાં આવ્યા છે, જ્યારે ઈજાગ્રસ્તોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. ઈન્દોરમાં જવાહર માર્ગ પર પ્રેમસુખ ટોકીઝની પાછળ એક મકાન ધરાશાયી થયું છે. કહેવાય છે કે આ ૩ માળની ઈમારતમાં ૪ પરિવારો રહેતા હતા. અકસ્માત બાદ તરત જ બચાવ અને રાહત કામગીરી શરૂ કરવામાં આવી હતી. ઘટના સમયે મકાનમાં હાજર ૧૪ લોકોમાંથી ૧૨ લોકોને બચાવી લેવાયા હતા. આ અકસ્માતમાં ૨ લોકોના મોત થયા છે. કલેક્ટર શિવમ વર્માએ જણાવ્યું કે આ મકાનમાં ૧૪ લોકો હતા.

### બેંગલુરુમાંથી એક સનસનીખેજ કિસ્સો સામે આવ્યો

# પતિએ પોતાની પત્નીના પેટમાં ૧૨ વખત ચાકૂના ઘા મારી પતાવી દીધી

## બેંગલુરુના એક બસ સ્ટેન્ડ પર ૩૨ વર્ષીય એક મહિલાની તેના પતિએ ૧૨ વર્ષની દીકરીની હાજરીમાં ચાકૂ મારીને હત્યા કરી દીધી

। (એજન્સી) બેંગલુરુ, તા. ૨૪ ।

કર્ણાટકની રાજધાની બેંગલુરુમાંથી એક સનસનીખેજ કિસ્સો સામે આવ્યો છે, જ્યાં એક શખ્સે દીકરીની સામે જ પોતાની પત્નીને મોતને ઘાટ ઉતારી દીધો. આ ઘટના વિશે જેણે પણ સાંભળ્યું તે ચોંકી ગયા. પોલીસે જણાવ્યું કે, બેંગલુરુના એક બસ સ્ટેન્ડ પર ૩૨ વર્ષીય એક મહિલાની તેના પતિએ ૧૨ વર્ષની દીકરીની હાજરીમાં ચાકૂ મારીને હત્યા કરી દીધી. પોલીસના જણાવ્યા અનુસાર, રેખા



અને આરોપી લોહિતાશ્વ ત્રણ મહિના પહેલા એક મંદિરમાં લગ્ન કરતા પહેલા થોડો સમય સાથે રહ્યા હતા. રેખા, જે પહેલાથી પરિણીત હતી અને બે બાળકોની મા હતી, તે પહેલા પતિથી અલગ થઈ ગઈ હતી. લોહિતાશ્વના પણ છૂટાછેડા થઈ ગયા હતા. દંપતી એક ભાડાના મકાનમાં રહેતા હતા અને પહેલા લગ્નથી થયેલી દીકરી સાથે તેઓ રહેતા હતા, જ્યારે નાની દીકરી રેખાના માતા-પિતા સાથે રહેતી હતી. કર્ણાટકના સિરા ફળિયામાંથી બેંગલુરુ આવ્યા બાદ રેખાએ લોહિતાશ્વને એક કોલ સેન્ટરમાં ડ્રાઈવરની નોકરી અપાવવામાં મદદ કરી. રેખા પણ આ કોલ સેન્ટરમાં કામ કરતી હતી. જો કે કથિત રીતે તેને તેના ચારિત્ર્ય પર શંકા હતી અને તેથી તેણે કોઈ અન્ય વ્યક્તિ સાથે નજીક જવાનો આરોપ લગાવ્યો હતો.

## તંત્રી લેખ...

# ગોધરા પોલીસ સ્ટેશનમાં હોબાળો મચાવનાર સો.મીડિયા ઇન્ફ્લુએન્સર સામે ફરિયાદ

ગોધરા શહેર બી ડિવિઝન પોલીસ મથકમાં ધસી આવેલા ટોળાએ કરેલા હોબાળા અને તોડફોડ મામલે પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવી છે. આ સમગ્ર ઘટના પાછળ સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર ઝાકીર ઝભાનું તરકટ હોવાનું સામે આવ્યું છે. તેણે પોતાના ફોલોઅર્સ વધારવા માટે પોલીસ પર માર માર્યાનો ખોટો આરોપ લગાવી વીડિયો વાયરલ કર્યો હતો, જેના કારણે લોકો ઉશ્કેરાયા હતા.પોલીસે આ મામલે સ્પષ્ટતા કરતા જણાવ્યું હતું કે, પોલીસ સ્ટેશનમાં લાગેલા તમામ સીસીટીવી કેમેરાના ફૂટેજ તપાસવામાં આવ્યા છે. ફૂટેજમાં સ્પષ્ટ જોવા મળે છે કે જ્યારે ઝાકીર પોલીસ સ્ટેશનમાં પ્રવેશે છે ત્યારે તે લંગડાતો જ ચાલે છે. અંદર પોલીસ ઈન્સ્પેક્ટર પીઆઈની ચેમ્બરમાં પણ તે આક્રોશિત રીતે દલીલો કરતો જોવા મળે છે, પરંતુ પીઆઈ શાંતિથી બેઠા છે. ફૂટેજમાં પીઆઈ તેને પાણી અને ચા પણ ઓફર કરતા જોવા મળે છે. આ ફૂટેજ પરથી સાબિત થાય છે કે પોલીસ દ્વારા તેને કોઈ પણ પ્રકારનો માર મારવામાં આવ્યો નથી. પોલીસના જણાવ્યા અનુસાર, ઝાકીર ઝભા નામના એક ઈન્ફ્લુએન્સર તેના ફોલોઅર્સ વધારવા માટે નિર્દોષ અને અજાણ યુવાનોને ભેગા કરીને પોલીસ સ્ટેશનમાં આવ્યો હતો અને ધમાલ મચાવી હતી. આ અંગે પોલીસ ઈન્સ્પેક્ટર રાજપૂતે યુવકને સમજાવટથી ચા-પાણી પીવડાવી શાંત પાડ્યો હતો અને પોલીસ સ્ટેશનની હદમાંથી બહાર કાઢ્યો હતો. પોલીસના જણાવ્યા અનુસાર, આ વ્યક્તિએ માત્ર પોતાના ફોલોઅર્સ વધારવા માટે જાણી જોઈને આ કૃત્ય કર્યું હતું. તેણે ગોધરાના મુસ્લિમ સમાજને પણ ગેરમાર્ગે દોરીને આ ઘટનાને અંજામ આપ્યો હતો. પોલીસે જણાવ્યું હતું કે, આવા કૃત્ય કરનારાઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. પોલીસના જણાવ્યા અનુસાર, આ વ્યક્તિએ માત્ર પોતાના ફોલોઅર્સ વધારવા માટે જાણી જોઈને આ કૃત્ય કર્યું હતું. તેણે ગોધરાના મુસ્લિમ સમાજને પણ ગેરમાર્ગે દોરીને આ ઘટનાને અંજામ આપ્યો હતો. પોલીસે જણાવ્યું હતું કે, આવા કૃત્ય કરનારાઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. પોલીસ સ્ટેશનમાંથી બહાર ગયા બાદ ઝાકીરે લોકોને ઉશ્કેરીને ટોળું બનાવ્યું અને ફરીથી પોલીસ મથકમાં ધસી આવ્યો. આ ટોળાએ પોલીસ ચોકી નંબર ૪ પર હોબાળો મચાવ્યો અને તોડફોડ કરી હતી. ઝાકીર ઝભા સામે અગાઉ પણ રીલ બનાવવા બદલ જાહેરનામા ભંગની બે પોલીસ ફરિયાદો નોંધાઈ ચૂકી છે. આ ઘટના બાદ પોલીસે હવે ઝાકીર અને તેની સાથે આવેલા લોકો વિરુદ્ધ કડક કાર્યવાહી હાથ ધરી છે. આ ઘટના બાદ સમાજના આગેવાનોએ આવા કૃત્યનો વિરોધ કરતા જણાવ્યું હતું કે, આખા સમાજને બદનામ કરવાનો પ્રયાસ થઈ રહ્યો છે. તેમણે યુવાનોને આવા ઈસમોની વાતોમાં ન આવવા અને પોતાનું ભવિષ્ય ન બગાડવા અપીલ કરી છે. હાલમાં તહેવારોનો સમય ચાલી રહ્યો હોવાથી, સમાજે શાંતિ અને સલામતીનું વાતાવરણ જાળવવા વિનંતી કરી છે.

## અમદાવાદ મંડળમાં 'સ્વચ્છતા હી સેવા-૨૦૨૫' અંતર્ગત ડોર ટુ ડોર કેમ્પેઇનનું આયોજન






। (માહિતી) અમદાવાદ, તા.૨૪ ।

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ પર ૧૭ સપ્ટેમ્બરથી ૦૨મી ઓક્ટોબર,૨૦૨૫ સુધી "સ્વચ્છતા હી સેવા-૨૦૨૫" અંતર્ગત સ્વચ્છોત્સવઅભિયાન ચલાવવામાં આવી રહ્યું છે.આ અભિયાન દરમિયાન વિવિધ પ્રકારના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. ૨૪ સપ્ટેમ્બર, ૨૦૨૫ ના રોજ, અમદાવાદ મંડળ પર રેલવે કર્મચારીઓ અને તેમના પરિવારજનોને સ્વચ્છતા પ્રત્યે જાગૃતિ લાવવા માટે ડોર ટુ ડોર કેમ્પેઈન ચલાવવામાં આવ્યું. આ દરમિયાન, સ્ટેશનો પર પણ ઉદ્દઘોષણા પ્રણાલી દ્વારા સતત સ્વચ્છતાથી સંબંધિત જાહેરાતો કરાવવામાં આવી રહી છે, જેથી મુસાફરોને સ્વચ્છતા પ્રત્યે જાગૃત કરી શકાય. સ્વચ્છતા હી સેવા અભિયાન હેઠળ ચલાવવામાં આવી રહેલા વિવિધ કાર્યક્રમોમાં, ૨૪ સપ્ટેમ્બર, ૨૦૨૫ ના રોજ ડોર ટુ ડોર કેમ્પેઈન ચલાવવામાં આવ્યું. આ અભિયાન હેઠળ મંડળના પાલનપુર, મહેસાણા, સાબરમતી, અમદાવાદ, મણિનગર સહિત મંડળના વિવિધ સ્ટેશનો પર અને રેલવે કોલોનીઓમાં વિભાગો દ્વારા સ્વછતા પ્રત્યે જાગૃકતા લાવવા માટે સ્વચ્છતાનું ધ્યાન રાખો, તો જ દેશ મહાન બનશે" અને અન્ય સ્લોગનોના જાહેરાતોની સાથે સ્વચ્છતા સ્લોગનના પ્લેકાર્ડ અને બેનરો લઈને ડોર ટુ ડોર કેમ્પેઈન ચલાવવામાં આવ્યું . સ્વાસ્થ્ય વિભાગના કર્મચારીઓએ અમદાવાદ મંડળની વિવિધ રેલવે કોલોનીઓમાં ઘરે ઘરે જઈને રેલવે કર્મચારીઓના પરિવારોમાં સ્વચ્છતા પ્રત્યે જાગૃત કર્યા.તેમણે પરિવારજનોને સાફ સફાઈ થી થતા લાભ અને તેની અવગણના કરવાથી થતા નુકસાન વિશે વિગતવાર ચર્ચા કરી, બધાએ રેલવે સાથે મળીને સાફ સફાઈ રાખવાનું આશ્વાસન આપ્યું.

### ધર્મ અર્થ કામ અને મોક્ષ એ ચાર પુરુષાર્થની વચ્ચેનું જીવન એ જ સૌથી કીમતી ચુંદડી છે

# બાલ્યાવસ્થા, યુવાવસ્થા, પ્રૌઢાવસ્થા, અને વૃદ્ધાવસ્થા એ જીવન ચૂંદડીનાં ચાર છેડાં છે



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**સ્થૂળ રૂપે આ ઓઢાડાતી ચુંદડી એ શણગારનો હેતુ છે, કે માતાજીનું સ્વરૂપ ખીલી ઊઠે અને દર્શનનો મહિમા વધે, કે પછી દર્શનનું એ સ્વરૂપ આંખને ટાઢક આપે, અથવા આનંદ આપે. માતાના સ્વરૂપને વધુ સુશોભિત કરવા માટે આપણે ચુંદડી ઓઢાડવા હોઈએ છીએ, આ તેનો સ્થૂળ અર્થ થાય છે.**

માડી તારું કંકુ ખર્યું ને સુરજ ઊગ્યો..સોનાનો ગરબો શિરે અંબે મા ચાલો ધીરે ધીરે... મણિ મુકતા ને મોતી મઢેલો માજી હિંડોળો ઝાકમઝોળ... વંદન દેવી અંબા ભવાની શિવ કલ્યાણી દુર્ગા ભવાની... આમ ગરબાનાં તાલે નવરાત્રી આગળ વધી રહી છે, અને નાગર હોવાને કારણે નવરાત્રીમાં સંધ્યા સમયે આંખો પરિવાર બેસીને મા આદ્યશક્તિ ની સ્તુતિ ગરબા અને આરતી કરે. ૧૯૯૪ માં દીકરીનો જન્મ થયો અને આરતી પછી અંબે માત કી જય ની સાથોસાથ રાધિકા માત કી જય, પછી બીજી દીકરી જાન્હવી માત કી જય ! પછી દીકરી સમી પુત્રવધૂ આવતા યાત્રી માત કી જય એમ શરું થયું અને હવે દીકરીને ત્યાં દીકરી એટલે આહુતિ માત કી જય એમ બધાંજ બોલે! આ ઉપરાંત નોમને દિવસે અનુષ્ઠાન પૂરું થાય ત્યારે કુંવારિકા પૂજવી, કે જેનાથી નાની મોટી બાલિકા કે સુહાગનઓમા નવદુર્ગાનાં દર્શન, આમ ઘરમાં અને ઘર બહાર સ્ત્રી શક્તિનું સન્માન કરવું એ સંસ્કાર નાનપણથી મળ્યા, અને એટલે બીજું કંઈ નહીં તો જીંદગીમાં મમતાની દ્રષ્ટિ સમ રહી. આ વખતે બે ત્રીજ છે, અને એટલે કુષ્માંડાનો લેખ આવતીકાલે આવશે. મા ચંદ્રઘંટાના ભાલમાં ચંદ્ર જેમ સિદ્ધિ ચમકે છે! અને સિદ્ધિ સુધી પહોંચવા માટે સદગુરુ કૃપા જીણું જીણું કાંતી રહી છે. સિદ્ધિ માટે જીવનને સુધારવું પડે, જીવનને શણગારવું પડે, તેમજ જીવનના સંઘર્ષને સહર્ષ સ્વીકારવા પડે. તો આજે આપણે માતાના સ્થાપનમાં રખાયેલી મૂર્તિ કે છબી પર ઓઢાડાતી ચુંદડી વિશેનું વિશિષ્ટ ચિંતન કરીશું.

સ્થૂળ રૂપે આ ઓઢાડાતી ચુંદડી એ શણગારનો હેતુ છે, કે માતાજીનું સ્વરૂપ ખીલી ઊઠે અને દર્શનનો મહિમા વધે, કે પછી દર્શનનું એ સ્વરૂપ આંખને ટાઢક આપે, અથવા આનંદ આપે. માતાના સ્વરૂપને વધુ સુશોભિત કરવા માટે આપણે ચુંદડી ઓઢાડવા હોઈએ છીએ, આ તેનો સ્થૂળ અર્થ થાય છે. આપણે સૌ કોઈ જાણીએ છીએ કે લાલ કે લીલા રંગની ઓઢણીમાં ભરત કામ કરેલું હોય, તેને ફરતે જુવારાની કોર મૂકેલી હોય, મોતીનું ભરત કરેલું હોય, કે પછી ટીકીથી ભરત કરવામાં આવી હોય,અને તે જગમગ જગમગ એટલે કે આપણાં ચિત્તને પ્રભાવિત કરનારી હોય છે. આપણે ત્યાં એટલે જ ગરબાઓમાં પણ માતાની ચુંદડીને લઈને ઘણા બધા ગરબાનું સર્જન પણ થયું છે. આસમાના રંગની ચૂંદડી, ચૂંદડીમાં ચમકે ચાર ગુલાબ,ચોખલિયાળી ચૂંદડીમાં, તારલિયાની ભાત, આવી બધી કેટલીય કલ્પના કરીને માતાના સ્વરૂપ સુધી પહોંચવાની ચેષ્ટા પણ થાય છે,

ચુંદડીને ચાર છેડા હોય છે એટલે કે માનવીનાં જીવનની ચાર મુખ્ય અવસ્થા વચ્ચેનો જે ભાગ છે તે, અથવા તો , ધર્મ અર્થ કામ અને મોક્ષ એ ચાર પુરુષાર્થની વચ્ચેનું જીવન એ જ સૌથી કીમતી ચુંદડી છે, અને એને માતા પર ઓઢાડવાની કે તેને અર્પણ કરવાની એક વાત છે. બાલ્યાવસ્થા, યુવાવસ્થા, પ્રૌઢાવસ્થા, અને વૃદ્ધાવસ્થા, આ ચાર અવસ્થાની વચ્ચે સમયની ક્ષણે ક્ષણે જે જીવાય રહ્યું છે, તેનાથી જ આપણું જીવન બને છે. કર્મની જ પ્રધાનતા વાળુ જીવન એટલે સત્યની પ્રધાનતા હોય તો, એ પ્રમાણેનો કેસરી રંગથી જીવન ચુંદડી પ્રભાવિત થતી દેખાય. પ્રેમ એટલે કે પરમ પ્રેમ જે સૌને પોતાના માની સ્વીકારી અને જીવતા હોય, તેના જીવનની ચુંદડીનો રંગ લાલ ગુલાબી હોય, કારણ કે આપણે ત્યાં લાલ ગુલાબીને પ્રેમનો રંગ માનવામાં આવે છે, તો એના જીવનમાં એ રીતે લાલાશ તરવરતી દેખાય. કરુણા એટલે કે કલ્યાણકારી ભાવોથી જીવન હર્યું ભર્યું હોય તો એ જીવન ચુંદડી લીલાશની ભીનાશથી પ્રભાવિત થતી જોવા મળે. અહીં સુધી તો બધું બરાબર છે, પરંતુ તેમાં રંગની સાથે સાથે કલાકારીગરી પણ જોવા મળે છે. એટલે કે આપણે આપણા જીવનને કેટલું સુશોભિત કર્યું છે? કલા દ્વારા સુશોભિત કર્યું છે! વિદ્યા દ્વારા સુશોભિત કર્યું છે! પરોપકાર દ્વારા સુશોભિત કર્યું છે!! એ પ્રમાણે તેમાં ભાત ઉપસે છે. માતાને પ્રસન્ન કરવા માટે કલા પણ એક ઉત્તમ માધ્યમ છે, અને કલામાં સંગીત તેમજ નૃત્યની અનોખી પેશગીથી માતાને પ્રસન્ન કરવાની સદીઓ જૂની આપણે ત્યાં પરંપરા પણ છે. ગરબા એ પણ એક પ્રકારનું નૃત્ય છે, જેના દ્વારા આપણે માતાને પ્રસન્ન કરવા મથીએ છીએ. આ ઉપરાંત ચુંદડીની એક બીજી લાક્ષણિકતા છે કે તે આરપાર હોય છે, અને પ્રમાણમાં હળવી ફૂલ હોય છે. એટલે કે આપણું જીવન જેટલું પારદર્શક હશે તેટલી આ ચુંદડીની ગરિમાં વધશે, અને જીવન હળવુફૂલ વર્તાય ત્યારે સમજવું કે આપણું જીવન ધીરે ધીરે પારદર્શકતા તરફ આગળ વધી રહ્યું છે. મારું તમારું, કોઈના દોષ, કોઈની ખોટી પ્રશંસા, ઈર્ષા નિંદા, જેવા ભાવો ઘટી જાય તો જીવન ખરેખર હળવુ ફૂલ થઈ જતું અનુભવાય છે. આપણી જીવની જો આપણને સાચો આનંદ આપનારી હોય, તો તે માતાજીને ઓઢાડવા લાયક છે એમ સમજવું.

ચુંદડીનાં ચાર છેડાને શરીરની અવસ્થા સાથે સરખાવવામાં આવી છે, તો બહુ સ્વાભાવિક રીતે જ દરેક અવસ્થાની પોતપોતાની એક મર્યાદા છે, અને એ મર્યાદા અનુસાર જીવન જીવાતું હોય છે. દરેક અવસ્થાના પ્રધાન ગુણ પણ હોય છે, એટલે કે બાળકમાં મસ્તીનો ગુણ હોય છે, યુવાનીમાં પ્રેમનો ગુણ પ્રધાન હોય છે, અને એ મેળવવા તે સતત ઝંખતો હોય છે. પ્રૌઢાવસ્થાને મોટેભાગે કર્તવ્ય કર્મ અને જવાબદારીનો ગુણ પ્રધાન હોય છે, અને સૌથી વધુ તકલીફ કરનારી અવસ્થા કોઈ હોય તો એ વૃધ્ધાવસ્થા છે. એક તો ઈન્દ્રિયો શિથિલ થઈ ગઈ હોય છે, પરિવારના દરેક સદસ્યો પોતપોતાની રીતે જીવનના આગળ નીકળી ગયા હોય છે, તેમજ આજકાલ તો જનરેશન ગેપ પણ ખૂબ જ વધી ગયો છે. એટલે મોટી ઉંમરનાને પોતાના જીવનમાં ક્યારેય જોયું પણ ન હોય તેવું જોવાનું હોય, એવા લોકો વચ્ચે રહેવાનું હોય, ઉપરથી પોતે અમુક વસ્તુઓ કરી શક્યાં નહીં એનો રંજ પણ હોય, ત્યારે વૃદ્ધત્વને શણગારવું એટલે કે અહમ મુક્ત રાખવું એ થોડું કઠિન બની જતું હોય છે, એટલે વૃદ્ધાવસ્થાનો પ્રધાન ગુણ મોટેભાગે ફરિયાદ રૂપે જોવા મળતો હોય છે. છતાં આ જીવન ચુંદડી આપણી કલા કે વિદ્યાનાં અનેરા ગુણથી શણગારી માતાના સ્વરૂપ પર ઓઢાડવાની હોય છે.

કોઈ વાર અણ સમાજમાં, તો કોઈવાર સમજ હોવા છતાં પણ, આપણે આપણા પૂર્વગ્રહો કે આગ્રહને કારણે જીવનનો સાચો આનંદ લઈ શકતા નથી, અને તેથી જીવન ભારેખમ બની જાય છે. જીવનને પારદર્શક અને હળવું ફૂલ બનાવવું હોય તો સદગુરુ દ્વારા પ્રાપ્ત થતા આ જીવન બોધને ગ્રહણ કરી, અને સુંદર મજાની જીવન ચુંદડી બનાવી માતાના સ્વરૂપ પર ઓઢાડી એ તો તેને સાચી આરાધના કરી એવું કહેવાય. સદગુરુ કૃપાનો ધોધ એટલો પ્રચંડ હોય છે કે, ઘણીવાર કેટલું બધું કહેવાય ગયાં છતાં પણ એમ લાગે કે આ તો રહી ગયું, પણ સમયની મર્યાદામાં જ જીવે જવાનું હોય છે. આપણે સૌ આપણા જીવનની આ ચુંદડીને વધુ ને વધુ સુશોભિત અને હળવીફૂલ કરી શકીએ. જય અંબે.

### નવલાં નોરતાંની રમઝટ - ૪

# મૂર્તિ ચંદ્રાકાર બનાઈ, સન્મુખ ઘી કી જ્યોતી જલાઈ, શીશ જુકા કહે મન કી બાતા, પૂર્ણ આસ કરો જગદાતા



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

**જટુકાસુરની વાર્તા-ભગવાન શિવ અને દેવી પાર્વતીના દિવ્ય લગ્ન પછી બ્રહ્માંડ શાંતિમાં હોય તેવું લાગતું હતું. પરંતુ જ્યારે રાક્ષસો ઘમંડમાં ઉભરી આવે છે ત્યારે શાંતિ લાંબો સમય ટકતી નથી., વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી આજે ચોથા નોરતાં દ્વિતીય ત્રીજના છેલ્લે ચંદ્રઘંટા દેવીની આરતી થકી ગુણગાન ગાઇએ.**



આજે આસો સુદ દ્વિતીય ત્રીજ એટલે આ વર્ષે એક શ્રાધ્ધ ઘટયું અને નોરતું વધશે જે આગામી વર્ષ સારું જશે તેવા સંકેત આપે છે. આજે આપણે શક્તિ દેવી ચંદ્રઘંટા વિશે જાણવા પ્રયત્ન કરીએ તો શિવપુરાણ અનુસાર , ચંદ્રઘંટાએ ચંદ્રશેખરના રૂપ માં ભગવાન શિવની''શક્તિ''છે. શિવ ના દરેક પાસામાં શક્તિનો સાથ છે,તેથી અર્ધનારીશ્વરનો પણ સમાવેશ થાયછે.ચંદ્રઘંટા સાથે બે દંતકથા ઓ સંકળાયેલી છે:

ભગવાન શિવ સાથે લગ્ન ઘણા સમય પહેલા, પોતાની ઊંડી તપસ્યા પછી,પાર્વતીના લગ્ન આખરે ભગવાન શિવ સાથે થવાના હતા.તે મહાન દિવસ આવ્યો, અને શિવ પોતાના લગ્નની સરઘસ લઈને આવ્યા. પરંતુ તેમનો દેખાવ કોઈએ ક્યારેય જોયેલા વરરાજા જેવો નહોતો. તેમના શરીર પર રાખ લપેટાયેલી હતી, તેમના ગળામાં સાપ વીંટાળેલા હતા, તેમના પર ખોપરીઓનો માળા હતો, અને તેઓ એક શક્તિશાળી બળદ પર સવાર હતા. તેમની પાછળ એક અજાણી વ્યક્તિની ટોળકી ચાલી રહી હતી-ભૂત, આત્મા, તપસ્વી ઓ અને ગણ,બધા રડતા અને જંગલી રીતે નાચતા. પાર્વતીના પરિવારના લોકો ગભરાઈ ગયા હતા. લગ્નનું આનંદી વાતાવરણ ભય અને મૂંઝવણમાં ફેરવાઈ ગયું.

આ જોઈને, પાર્વતી શાંતિથી હસ્યા. તેણી સમજી ગઈ કે તેના પરિવારના સન્માનનું રક્ષણ કરવા અને શિવના જંગલી સ્વરૂપમાં સંતુલન લાવવા માટે, તેણીને પોતાની દૈવી શક્તિ બતાવવાની જરૂર છે. તે ક્ષણે,તેણી મા ચંદ્ર ઘંટામાં પરિવર્તિત થઈ.તેણી તેજસ્વિતાથી ભરેલી દેખાતી હતી, સિંહ પર સવાર, તેના દસ હાથમાં શક્તિના શસ્ત્રો-ત્રિશૂળ, તલવાર, ધનુષ્ય,તીર,ગદા, કમળ અને ઘણું બધું - પકડી રાખતી હતી. તેના કપાળ પર ઘંટડી જેવો અર્ધચંદ્રાકાર ચમકતો હતો, જેના પરથી તેણીનું નામ ચંદ્રઘંટ પડ્યું .

તેમની હાજરીથી,હવા શાંત છતાં શક્તિશાળી ઉર્જાથી ભરાઈ ગઈ. શિવજીની પાછળ આવતારાક્ષસો અને કાળી આત્માઓ તેમના તેજથી ડરીને ભાગી ગયા. તેમનો પરિવાર અને મહેમાનો,જે ધ્રૂજતા હતા, હવે હિંમત અને શાંતિનો અનુભવ કરતા હતા. ભગવાન શિવે પોતે તેમના દિવ્ય સ્વરૂપને નમન કર્યું, કારણ કે તે બીજું કોઈ નહીં પણ તેમની શાશ્વત શક્તિ હતી.સાથે મળીને, તેમના લગ્ન પૂર્ણ થયા, જે શક્તિ અને શાંતિ, ઉગ્રતા અને પ્રેમના જોડાણનું પ્રતીક છે. ત્યારથી, મા ચંદ્રઘંટા દેવી તરીકે જાણીતી થઈ જે દુષ્ટતાનો નાશ કરે છે અને તેમના ભક્તોનું રક્ષણ કરે છે, સાથે સાથે તેમને હિંમત, સંવાદિતા અને શાંતિનો આશીર્વાદ પણ આપે છે.

જટુકાસુરની વાર્તા-ભગવાન શિવ અને દેવી પાર્વતીના દિવ્ય લગ્ન પછી બ્રહ્માંડ શાંતિમાં હોય તેવું લાગતું હતું. પરંતુ જ્યારે રાક્ષસો ઘમંડમાં ઉભરી આવે છે ત્યારે શાંતિ લાંબો સમય ટકતી નથી.

જટુકાસુર નામનો એક શક્તિ શાળી અસુર હતો. તે ખૂબ જ બળવાન અને ગર્વથી ભરેલો હતો તે ફક્ત પૃથ્વી પર જ નહીં પણ સ્વર્ગ પર પણ રાજ કરવા માંગતો હતો.પોતાની તપસ્યા દ્વારા, તેણે મહાન શક્તિઓ મેળવી હતી, અને તેના ગાંડપણ માં તેણે એક ભયાનક સૈન્ય ઉભું કર્યું માણસો ની નહીં, પ્રાણીઓની નહીં,પરંતુ વિશાળ ચામાચીડિયા ઓની.રાત્રિ જેવા કાળા આ ચામાચીડિયા, અસંખ્ય ટોળામાં ઉડ્યા.તેમની પાંખોએ સૂર્યને ભૂંસી નાખ્યો, જમીનને અકુદરતી અંધકારમાં ધકેલી દીધી તેઓ ગામડાઓ પર હુમલો કર્યો, પાક ફાડી નાખ્યા, પવિત્ર ધાર્મિક વિધિઓમાં ખલેલ પહોંચાડી,અને હવાને એવી ચીસોથી ભરી દીધી જેનાથીસૌથી બહાદુર માણસો પણ ધ્રુજી ગયા. જંગલોમાં ઋષિ-મુનિઓ પણ શાંતિથી ધ્યાન કરી શકતા ન હતા,કારણ કે જટુકાસુરના ચામાચીડિયા વિશ્વના દરેક ખૂણામાં ત્રાસી ગયા હતા. દેવતાઓ,પીડિત અને નબળા પડી ગયા,બ્રહ્માંડની માતાને પ્રાર્થના કરી. તેઓએ પાર્વતીને બોલાવ્યા,કારણકે ફક્ત તેની દૈવી શક્તિ સંતુલન પુનઃસ્થાપિત કરી શકે છે.તેમના પોકારનો જવાબ આપતા,દેવીએ મા ચંદ્ર ઘંટાના ઉગ્ર સ્વરૂપને ધારણ કર્યું.

તે તરત જ તેજસ્વી અને ભયંકર દેખાતી હતી-તેના સિંહ પર સવારી કરતી,દસ હાથ શક્તિ શાળી શસ્ત્રો ધરાવતી,તેના કપાળ પર ઘંટ જેવા આકારનો અર્ધચંદ્રાકાર ચંદ્ર હતો.તેના ઘંટ માંથી એક અવાજ સંભળાયો જે ત્રણેય લોકમાં ગુંજતો હતો, જે રાક્ષસોના હૃદયને હચમચાવી નાખતો હતો.ગર્વ અને મજાક કરતો જટુકાસુર, તેની સામે તેની ચામાચીડિયા સેનાને ઉતારી ગયો. હજારો ચામાચીડિયાઓ ચીસો પાડતા અને પંજા પાડતા દેવી તરફ ફરતા આકાશ અંધારું થઈ ગયું. પરંતુ તેના સિંહની ગર્જના અને તેના ઘંટના બહેરા અવાજે તેમને વિખેરી નાખ્યા. મૂંઝવણમાં મુકાયેલા,ચામાચીડિયાઓ ઢગલા બંધ પડી ગયા, તેના તીર, તેની ગદા અને તેની તલવારથી અથડાઈ ગયા. આકાશ સાફ થઈ ગયું, અને પ્રકાશ પાછો ફર્યો.

પોતાની સેનાનો નાશ થતો જોઈને જટુકાસુર પોતે યુદ્ધમાં ઉતર્યો. એક ભયાનક યુદ્ધ શરૂ થયું - તેની દૈવી શક્તિ સામે તેની ક્રૂર શક્તિ. તેણે ક્રોધથી પ્રહાર કર્યો પરંતુ ચંદ્ર ઘંટાએ દરેક પ્રહારનો સામનો કર્યો તેના શસ્ત્રો વીજળીની જેમ ચમક્યા. અંતે,તેણીએ પોતાનું ત્રિશૂળ ઊંચું કર્યું અને એક જોર દાર પ્રહારથી રાક્ષસની છાતીને વીંધી નાખી.જટુકાસુર પડી ગયો તેની ગર્જના મૌનમાં અદૃશ્ય થઈ ગઈ. સ્વર્ગ આનંદિત થયું, પૃથ્વી ફરી શ્વાસ લેતી ગઈ,અને દેવતા ઓએ દેવી પર ફૂલોનો વરસાદ કર્યો.જટુકાસુરનો પરાજય અને તેના ચામાચીડિયાનો નાશ થતાં, વિશ્વમાં શાંતિ પાછી આવી.પોતાની સેનાનો નાશ થતો જોઈને જટુકાસુર પોતે યુદ્ધમાં ઉતર્યો. એક ભયાનક યુદ્ધ શરૂ થયું - તેની દૈવી શક્તિ સામે તેની ક્રૂર શક્તિ. તેણે ક્રોધથી પ્રહાર કર્યો પરંતુ ચંદ્ર ઘંટાએ દરેક પ્રહારનો સામનો કર્યો તેના શસ્ત્રો વીજળીની જેમ ચમક્યા. અંતે,તેણીએ પોતાનું ત્રિશૂળ ઊંચું કર્યું અને એક જોર દાર પ્રહારથી રાક્ષસની છાતીને વીંધી નાખી. જટુકાસુર પડી ગયો તેની ગર્જના મૌનમાં અદૃશ્ય થઈ ગઈ. સ્વર્ગ આનંદિત થયું, પૃથ્વી ફરી શ્વાસ લેતી ગઈ,અને દેવતા ઓએ દેવી પર ફૂલોનો વરસાદ કર્યો. જટુકાસુરનો પરાજય અને તેના ચામાચીડિયાનો નાશ થતાં, વિશ્વમાં શાંતિ પાછી આવી.

વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી આજે ચોથા નોરતાં દ્વિતીય ત્રીજના છેલ્લે ચંદ્રઘંટા દેવીની આરતી થકી ગુણગાન ગાઈએ.

મૂર્તિ ચંદ્ર આકર બનાઈ, સન્મુખ ઘી કી જ્યોતી જલાઈ, શીશ જુકા કહે મન કી બાતા, પૂર્ણ આસ કરો જગદાતા.જય માં ચંદ્રઘંટા સપખ ધામ, પૂર્ણ કીજો મેરે સભી કામ,ચંદ્ર સમાન તુમ શીતલ દાતી,ચંદ્ર તેજ કિરણો મેં સમાતી.ક્રોધ કો શાંત કરને વાલી, માઠે બોલ સિખાને વાલી, મન કી માલક મન ભાતી હો, ચંદ્ર ઘંટા તુમ વરદાતી હો.સુંદર ભાવ કો લાને વાલી, હર સંકટ મે બચાને વાલી,હર બુધવાર જો તુજે ધ્યાયે, શ્રદ્ધા સહિક જો વિનય સુનાઈ.કાંચીપુર સ્થાન તુમ્હારા, કરનાટિકા મેં માન તુમ્હારા, નામ તેરા રહું મહારાની, ભક્ત કી રક્ષા કરો ભવાની.અસ્તુ.

# ઇમરાન હાશ્મી અને દિશા પટાણીએ બેંગકોકમાં 'આવારાપન ૨' શરૂ કર્યું



છેલ્લાં થોડાં વખતથી એવા અહેવાલો ફરતા હતા કે વિશેશ ભટ્ટ અને નિતિન કક્કડ, દિશા પટાણી અને ઈમરાન હાશ્મી સાથે 'આવારાપન ૨' શરૂ કરૂ રહ્યા છે. ત્યારથી આ ફિલ્મનું શૂટિંગ સપ્ટેમ્બરમાં શરૂ થવાની પણ ચર્ચા હતી અને ૨૦૨૬ના ઉનાળામાં રિલીઝ થશે. હવે એવા અહેવાલો છે કે આ અઠવાડિયે બેંગકોકમાં શૂટ કર્યુ છે.એક સૂત્ર દ્વારા મળતી માહિતી અનુસાર, "આ અઠવાડિયે બેંગકોકમાં આવારાપન ૨નું શૂટ શરૂ થશે, જેમાં ઈમરામન હાશ્મી અને દિશા પટ્ટણી લીડ રોલમાં છે. તેઓ સમગ્ર કાસ્ટ અને ક્રૂ સાથે લગભગ એક મહિનો બેંગકોકમાં રહેશે. એકસાથે લાંબુ શૂટ ચાલશે અને લગભગ ૫૦ ટકા ફિલ્મ શૂટ થઈ જશે." સૂત્રએ આગળ જણાવ્યું કે આવારાપન ૨ની સમગ્ર વાર્તા બેંગકોકમાં જ આકાર લે છે અને ફિલ્મ રિયલ લોકેશન પર શૂટ થઈ રહી છે.એવા પણ અહેવાલો છે કે વિશેષ ભટ્ટનું બધું જ ધ્યાન હાલ આ ફિલ્મના ચાર્ટબસ્ટર મ્યુઝિક પર છે. તેઓ આ ફિલ્મ માટે બધાં જ કમ્પોઝર્સ પાસેથી શ્રેશ્ઠ પરિણામો મેળવવા કોશિશ કરી રહ્યા છે. સૂત્રના જણાવ્યા અનુસાર "મ્યુઝિક આ ફિલ્મનો ઘણો મહત્વનો ભાગ છે. સિક્વલમાં આ ફ્ન્ચાઈઝીના ફૅન્સ મ્યુઝિક બાબતે નિઃરાશ ન થવા જોઈએ. બેંગકોકમાં ૩૦ દિવસનું શીડ્યુલ છે, પછી તેઓ આગળનું શૂટિંગ નવેમ્બરમાં શરૂ થશે. જાન્યુઆરી ૨૦૨૬ સુધીમાં ફિલ્મનું શૂટિંગ પૂરું થઈ જશે."સૂત્રએ એવું પણ કહ્યું આવારાપન ૨ તેની પહેલા જાહેર થયેલી તારીખ ૩ એપ્રિલ,૨૦૨૬ના દિવસે જ રિલીઝ થશે. સૂત્રએ જણાવ્યું, "બધું જ સમયસર થઈ જાય તે માટે ટીમ અથાગ પ્રયત્ન કરી રહી છે. તેઓ રજાઓમાં ફિલ્મ રિલીઝ કરવા માગે છે. જેથી બોક્સ ઓફિસ પર નફો મેળવી શકાશે. ઈમરાન હાશ્મી પણ શિવમ તરીકે પાછો ફરતા ઉત્સુક છે જ્યારે દિશા એક નવી રોમેન્ટિક દુનિયામાં પ્રવેશ કરશે."

### ઇમરાન હાશ્મી પણ શિવમ તરીકે પાછો ફરતા ઉત્સુક છે જ્યારે દિશા એક નવી રોમેન્ટિક દુનિયામાં પ્રવેશ કરશે




સૂત્રના જણાવ્યા અનુસાર "મ્યુઝિક આ ફિલ્મનો ઘણો મહત્વનો ભાગ છે. સિક્વલમાં આ ફ્ન્ચાઈઝીના ફૅન્સ મ્યુઝિક બાબતે નિઃરાશ ન થવા જોઈએ. બેંગકોકમાં ૩૦ દિવસનું શીડ્યુલ છે, પછી તેઓ આગળનું શૂટિંગ નવેમ્બરમાં શરૂ થશે. જાન્યુઆરી ૨૦૨૬ સુધીમાં ફિલ્મનું શૂટિંગ પૂરું થઈ જશે."સૂત્રએ એવું પણ કહ્યું આવારાપન ૨ તેની પહેલા જાહેર થયેલી તારીખ ૩ એપ્રિલ,૨૦૨૬ના દિવસે જ રિલીઝ થશે. સૂત્રએ જણાવ્યું, "બધું જ સમયસર થઈ જાય તે માટે ટીમ અથાગ પ્રયત્ન કરી રહી છે. તેઓ રજાઓમાં ફિલ્મ રિલીઝ કરવા માગે છે. જેથી બોક્સ ઓફિસ પર નફો મેળવી શકાશે. ઈમરાન હાશ્મી પણ શિવમ તરીકે પાછો ફરતા ઉત્સુક છે જ્યારે દિશા એક નવી રોમેન્ટિક દુનિયામાં પ્રવેશ કરશે."




# મને મારા દેશ અને ક્ષમતાઓ પર અપાર શ્રદ્ધા છે : અભિષેક

### અભિષેક બચ્ચન ગુરુ, બોબ બિશ્વાસ, કાલિધર લાપતા, ઘૂમર અને લુડો કે દસવી જેવી ફિલ્મમાં યાદગાર અભિનય કરી રહ્યો છે

ભારત હાલ એશિયા કપના કારણે અને એશિયન ગેમ્સના કારણે ખેલાડીઓ વિશે ચર્ચા કરી રહ્યું છે. આ સ્થિતિમાં અભિષેક બચ્ચનનો રમત-ગમત પ્રત્યેનો પ્રેમ તે હોકી, ફૂટબોલ સહિતની રમતોમાં કઈ રીતે જોડાયેલો છે, તે તેના ફૅન્સ જાણે છે. તેણે તાજેતરના ઈન્ટરવ્યુમાં સ્પોર્ટ્સ, બિઝનેસ અને ઈનોવેશન વિશે વાત કરી હતી. અભિષેકે કહ્યું,"મને મારા દેશમાં અપાર શ્રદ્ધા છે, આપણી ક્ષમતાઓ અને સજ્જતા પર. અને મને લાગે છે કે હવે આ હદથી પણ ઉપર જતું રહ્યું છે કે, આપણે દુનિયાને બતાવી દીધું કે આપણે કેટલાં સક્ષમ છીએ." અભિષેકે સ્પોર્ટ્સ અને આન્ત્રપ્રિન્યોરશિપ વિશે પણ વાત કરી હતી, જે ભારતની ઓળખને વિશ્વ મંચ પર આકાર આપ વામાં મહત્વનો ફાળો આપે છે.અભિષેક બચ્ચનની કબડ્ડી ટીમ પિંક પેન્થર્સનો એક અલગ ફેન બેઝ બની ગયો છે. તેનું આ સપનું એક સપનાથી પણ ઉપર છે, આ ઉપરાંત તેણે વેહદમ ટીઝ અને નાગિન સોસ જેવી બ્રાન્ડમાં પણ રોકાણ કર્યુ છે. અભિષેકે આ અંગે અભિષેકે કહ્યું,"તે કબડ્ડી હોય, વહદન ટીઝ હોય કે નાગિન સોસ, હું મારા ઘરની ઓફિસમાંથી જે કંઈ પણ કરું છું તે મેક ઈન ઈન્ડિયાની વિચારધારા પર જ આધારીત છે. તેમાં મને પુરતો વિશ્વાસ છે."આ સાથે અભિષેક બચ્ચન ગુરુ, બોબ બિશ્વાસ, કાલિધર લાપતા, ઘૂમર અને લુડો કે દસવી જેવી ફિલ્મમાં યાદગાર અભિનય પણ કરી રહ્યો છે. આમ તે મજબુત ફિલ્મ સાથે બિઝનેસ અને સ્પોર્ટ્સ વચ્ચે તાલમેલ જાળવે છે. ભારતીય ટેલેન્ટ, પરંપરા અને ઈનોવેશન સઆથે મળીને વિશ્વ કક્ષાએ જે અસર ઉભી કરી શકે તેમ છે, તેની એક આગળ વધી રહેલી મોટી ઝુંબેશનો અભિષેક બચ્ચન પણ એક હિસ્સો છે. હું મારા ઘરની ઓફિસમાંથી જે કંઈ પણ કરું છું તે મેક ઈન ઈન્ડિયાની વિચારધારા પર જ આધારીત છે. તેમાં મને પુરતો વિશ્વાસ છે."આ સાથે અભિષેક બચ્ચન ગુરુ, બોબ બિશ્વાસ, કાલિધર લાપતા, ઘૂમર અને લુડો કે દસવી જેવી ફિલ્મમાં યાદગાર અભિનય પણ કરી રહ્યો છે. આમ તે મજબુત ફિલ્મ સાથે બિઝનેસ અને સ્પોર્ટ્સ વચ્ચે તાલમેલ જાળવે છે. ભારતીય ટેલેન્ટ, પરંપરા અને ઈનોવેશન સઆથે મળીને વિશ્વ કક્ષાએ જે અસર ઉભી કરી શકે તેમ છે, તેની એક આગળ વધી રહેલી મોટી ઝુંબેશનો અભિષેક બચ્ચન પણ એક હિસ્સો છે.

# સબાને લગ્ન બાબતે માતા-પિતા ક્યારેય દબાણ કરતા નથી, માતા-પિતાએ સબાને કહ્યું, અમારી કોઈ અપેક્ષાઓ નથી

### હું એક કલાકાર તરીકે લાલચુ છું. મારે જ્યાં મહેનત કરવાની હોય એ મને ગમે છે : સબા આઝાદ



સબા આઝાદ આજકાલ રિતિક રોશન સાથેના સંબંધોને કારણે વારંવાર સ્પોટલાઈટમાં આવતી રહે છે. તાજેતરમાં તેણે પોતાના અંગત જીવન અને પરિવાર વિશે વિગતે વાત કરી હતી. તેણે લગ્ન, જટિલ રોલ માટેનો પ્રેમ અને બોલિવૂડમાં સ્ટિરીયોટાઈપ્સ અંગે વાત કરી હતી. તેણે કહ્યું કે તેના પરિવારમાંથી લગ્ન માટે ક્યારેય દબાણ કરવામાં આવતું નથી. "હું છ વર્ષની હતી ત્યારે મારા માતાપિતાએ મને બેસાડીને શાંતિથી સમજાવ્યું હતું, "બેટા, જો તારે લગ્ન ન કરવા હોય તો ક્યારેય લગ્ન ન કરીશ. અમારી તારી પાસે કોઈ અપેક્ષાઓ નથી." તેથી બસ મને ક્યારેય લગ્ન માટે કે મારી જિંદગી કેવી રીતે જીવવી તે અંગે કોઈ દબાણ અનુભવાતું નથી."સબા આઝાદ બોલિવૂડનાં રૂઢિવાદી ચોકઠાઓમાં બંધ થવા માગતી નથી. તેણે જણાવ્યું,"હું એક કલાકાર તરીકે લાલચુ છું. મારે જ્યાં મહેનત કરવાની હોય એ મને ગમે છે. હું રહું છું એવા જ શહેરમાં રહેતી કોઈ છોકરીનો રોલ કરવો એ હું જેવી છું એનાથી ઘણું દૂર છે. પરંતુ કોઈની સફરનો ભાગ બનવું, કોઈની દુનિયામાં પ્રવેશવું, એ મને બહુ ઉત્સાહીત કરે છે. એવા કોઈ રોલમાં મને બહુ રસ પડે છે."સબાએ આગળ કહ્યું કે તેને હંમેશા જટિલ રોલ કરવા ગમે છે. તેણે કહ્યું,"જે મહિલાઓ પોતપોતાના ક્ષેત્રમાં રાજ કરે છે, તે મને બહુ પ્રભાવિત કરે છે, તેઓ બહાદુર અને પોતાના સ્થાનનો હક જાણે છે. એ પ્રકારની મહિલાઓમાં એક પ્રકારની તાકાત હોય છે, સ્ક્રીન પર કોઈ એવા રોલમાં મહેનત કરવામાં મજા આવે છે."જ્યારે ઈન્ડસ્ટ્રીમાં એક પ્રકારના રોલમાં બંધાઈ જવા વિશે તેણે કહ્યું,"મને ઘણી વખથ અર્બન રોલમાં જ લોકો બાંધી દે છે. લોકો મને પુછે છે, "તમને હિન્દી આવડે છે?" અને મને થાય છે, બિલકુલ, હું બોલી શકું છું. લોકોની આવી ગેરમાન્યતાઓ તોડવાનું હંમેશા અઘરું હોય છે. તો જ્યારે કોઈ ડિરેક્ટર તમારા માટે અલગ પ્રકારની કલ્પના કરે તો એ એક ગિફ્ટ છે."



### પૂનમ પાંડે 'લવકુશ રામલીલા'માંથી આઉટ

# અભિનેતા પૂનમ પાંડે મંદોદરીની ભૂમિકા હવે ભજવશે નહીં

દેશભરમાં નવરાત્રીની ઉજવણી થઈ રહી છે, અને દુર્ગા પૂજાની તૈયારીઓ જોરશોરથી ચાલી રહી છે. આ દરમિયાન, મોટા સમાચાર આવ્યા છે કે દિલ્હીમાં યોજાનારી ભવ્ય લવ કુશ રામલીલામાં મંદોદરીની ભૂમિકા ભજવનાર પૂનમ પાંડેને ભૂમિકામાંથી દૂર કરવામાં આવી છે. તેમનું નામ નક્કી થયા પછીથી જ ભારે વિરોધ થયો હતો. આને ધ્યાનમાં રાખીને, લવ કુશ રામલીલા સમિતિએ આખરે તેમને દૂર કરવાનું યોગ્ય માન્યું. તે હવે મંદોદરીની ભૂમિકા ભજવશે નહીં.સોમવારે, પૂનમે એક વીડિયો રિલીઝ કર્યો જેમાં ભૂમિકા ભજવવા અંગેનો ઉત્સાહ વ્યક્ત કરવામાં આવ્યો હતો. તે નવરાત્રીના નવ દિવસ ઉપવાસ પણ કરશે. જોકે, પૂનમની કોઈ પણ દલીલ કામ ન આવી. તેમની સામે મળેલા ઉગ્ર વાંધાને ધ્યાનમાં રાખીને, સમિતિએ આ નિર્ણય લીધો. હવે, તેમની જગ્યાએ બીજી અભિનેત્રી આ ભૂમિકા ભજવશે.એવું જાણીતું છે કે ફઉઁથી લઈને કોમ્પ્યુટર બાબા સુધી બધાએ ઉગ્ર વિરોધ વ્યક્ત કર્યો હતો. કોમ્પ્યુટર બાબાએ કહ્યું હતું કે પૂનમને મંદોદરી નહીં, પણ શૂર્પણખા તરીકે ભૂમિકા આપ વી જોઈએ. કોમ્પ્યુટર બાબાએ કહ્યું હતું કે રામલીલાના પ્રમુખ ઘણા સમયથી રામલીલા કરી રહ્યા હતા, પરંતુ તેમને સમજાયું ન હતું કે કોને કઈ ભૂમિકા સોંપવી. શૂર્પણખા એક બ્રાહ્મણ, રાવણની બહેન અને મંદોદરીની ભાભી હતી. હું રામલીલાના પ્રમુખને વિનંતી કરીશ કે દરેક પાત્રને તેમના સાચા સ્વ તરીકે ભજવે. દરમિયાન, ફઉઁ એ વિરોધમાં એક પત્ર લખ્યો, જેમાં પૂનમને ભૂમિકામાંથી દૂર કરવાની વિનંતી કરવામાં આવી. પત્રમાં, સુરેન્દ્ર કુમાર ગુપ્તાએ ભાર મૂક્યો હતો કે રામલીલા માત્ર એક નાટ્ય પ્રદર્શન નથી, પરંતુ ભારતીય સમાજ અને સંસ્કૃતિનો એક જીવંત ભાગ છે. સંગઠને યુનેસ્કો દ્વારા રામલીલાને આપ વામાં આવેલા સાંસ્કૃતિક મહત્વનો પણ ઉલ્લેખ કર્યો, જે તેને આંતરરાષ્ટ્રીય સ્તરે માન્યતા પ્રાપ્ત પરંપરાગત પ્રદર્શન તરીકે ઓળખે છે.વીડિયોમાં પૂનમે કહ્યું, "મને દિલ્હીના લાલ કિલ્લા પર વિશ્વ વિખ્યાત લવ-કુશ રામલીલામાં મંદોદરીનું પાત્ર ભજવવાની તક મળી છે. આ ખૂબ જ મહત્વપૂર્ણ ભૂમિકા છે. તે રાવણની પત્ની હતી. આ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવવાની તક મળવાથી હું ખૂબ જ ખુશ છું. તેથી, મેં આખા નવરાત્રિ ઉત્સવ દરમિયાન ઉપ વાસ કરવાનું નક્કી કર્યુ છે જેથી હું શરીર અને મનથી શુદ્ધ રહી શકું અને આ ભૂમિકા સુંદર રીતે ભજવી શકું. જય શ્રી રામ, રામલીલામાં મળીશું."સંગઠને યુનેસ્કો દ્વારા રામલીલાને આપવામાં આવેલા સાંસ્કૃતિક મહત્વનો પણ ઉલ્લેખ કર્યો, જે તેને આંતરરાષ્ટ્રીય સ્તરે માન્યતા પ્રાપ્ત પ રંપરાગત પ્રદર્શન તરીકે ઓળખે છે.વીડિયોમાં પૂનમે કહ્યું, "મને દિલ્હીના લાલ કિલ્લા પર વિશ્વ વિખ્યાત લવ-કુશ રામલીલામાં મંદોદરીનું પાત્ર ભજવવાની તક મળી છે. આ ખૂબ જ મહત્વપ ૂર્ણ ભૂમિકા છે. તે રાવણની પત્ની હતી.



**સોમવારે, પૂનમે એક વીડિયો રિલીઝ કર્યો જેમાં ભૂમિકા ભજવવા અંગેનો ઉત્સાહ વ્યક્ત કરવામાં આવ્યો હતો**

### વિકીએ સોશિયલ મીડિયામાં 'જીવનનું શ્રેષ્ઠ પ્રકરણ' ગણાવ્યું

# વિકી કૌશલ અને કેટરિના કૈફે પ્રેગનન્સીની જાહેરાત કરી



આખરે વિકી કૌશલ અને કેટરિના કૈફે ગૂડ ન્યુઝ જાહેર કરી દીધા છે. જોકે, છેલ્લા થોડાં દિવસોથી આ વાતની ચર્ચાઓ શરૂ થઈ ગઈ હતી. વિકી કૌશલે એક પોલરોઈડ ફોટો સાથે આ સમાચાર પોતાના ફૅન્સ સાથે શેર કર્યા છે. છેલ્લા મહિનાઓથી કેટરિના પ્રેગનન્ટ હોવાની અફવાઓ ચાલતી હતી. ૨૦૨૧માં રાજસ્થાનના સવાઈ માધોપુરમાં લગ્ન કર્યા પછી તેમણે તાજેતરમાં ડિસેમ્બરમાં ચોથી એનિવર્સરી ઉજવી હતી. પછી એવી ચર્ચા શરુ થઈ કે ઓક્ટોબરમાં તેઓ માતા-પિતા બનશે. હવે ખુબ ધીરજ પછી વિકી કૌશલે આ સમાચાર જાહેર કરતા તેમના ફૅન્સ ખુશ થઈ ગયા છે.વિકી કૌશલ અને કેટરિનાએ એક પોલરોઈડ પોટો ઈન્સ્ટાગ્રામ પર શેર કર્યો હતો. આ ફોટો પર તેમના ફૅન્સ સહિત અનેક સેલેબ્રિટીએ વહાલ વરસાવ્યું છે. આ ફોટોમાં વિકી કેટરિનાના બૅબી બમ્પને પંપ ાળતો દેખાય છે. તેમના ચહેરા પર સ્મિત છે. આ ફોટો વિકી અને કેટરિનાએ બંનેએ પકડી રાખેલો છે. આ પોસ્ટની કૅપ્શનમાં તેમણે લખ્યું છે, "અમારા આનંદ અને ઋણાનુવાદથી ભરપુર દિલ સાથે અમે અમારા જીવનનું શ્રેષ્ઠ પ્રકરણ શરૂ કરવા જઈ રહ્યા છીએ."વિકી કૌશલ અને કેટરિનાએ જેવા આ સમાચાર શેર કર્યા એવું તેમના પર શુભેચ્છાઓનો વરસાદ થઈ ગયો હતો. જાહન્વી કપૂર, નેહા ધુપિયા, કરીના કપુર સહિતના લોકોએ તેમને શુભેચ્છાઓ આપી હતી. આ ઉપરાંત તમના ફૅન્સે પણ હજારો કમેન્ટ્સ કરી હતી. આ ફોટોમાં વિકી કેટરિનાના બૅબી બમ્પને પંપાળતો દેખાય છે. તેમના ચહેરા પર સ્મિત છે. આ ફોટો વિકી અને કેટરિનાએ બંનેએ પ કડી રાખેલો છે. આ પોસ્ટની કૅપ્શનમાં તેમણે લખ્યું છે, "અમારા આનંદ અને ઋણાનુવાદથી ભરપ ૂર દિલ સાથે અમે અમારા જીવનનું શ્રેષ્ઠ પ્રકરણ શરૂ કરવા જઈ રહ્યા છીએ."વિકી કૌશલ અને કેટરિનાએ જેવા આ સમાચાર શેર કર્યા એવું તેમના પર શુભેચ્છાઓનો વરસાદ થઈ ગયો હતો. જાહન્વી કપૂર, નેહા ધુપિયા, કરીના કપુર સહિતના લોકોએ તેમને શુભેચ્છાઓ આપી હતી. આ ઉપરાંત તમના ફૅન્સે પણ હજારો કમેન્ટ્સ કરી હતી.

### નીરજ ઘેવાને ડિરેક્ટ કરેલી 'હોમબાઉન્ડ' ફિલ્મમાં જાહન્વી સાથે ઇશાન ખટ્ટર અને વિશાલ જેઠવા લીડ રોલમાં છે

# જાહન્વી કપૂરે શ્રીદેવીની સાડી પહેરી માને યાદ કરી

જાહન્વી કપૂરની ફિલ્મ 'હોમબાઉન્ડ' આંતરરાષ્ટ્રિય કક્ષાએ સ્ક્રીનિંગ પછી હવે ભારત તરફથી ઓસ્કારમાં પહોંચી છે, આ ક્ષણો અને આ ફિલ્મ તેના માટે ખાસ બની ગયા છે. ત્યારે મુંબઈમાં યોજાયેલા આ ફિલ્મના એક ખાસ સ્ક્રીનિંગમાં જાહન્વી તેની માતા શ્રીદેવીની સાડી પહેરીને પહોંચી હતી અને આ રીતે તેણે પોતાના ખાસ દિવસે તેની માતાને એક અનોખી શ્રદ્ધાંજલિ આપી હતી. નીરજ ઘેવાને ડિરેક્ટ કરેલી આ ફિલ્મમાં જાહન્વી સાથે ઈશાન ખટ્ટર અને વિશાલ જેઠવા લીડ રોલમાં છે. આ સ્ક્રીનિંગમાં જાહન્વી શ્રીદેવીની રોયલ બ્લૂ સાડી પહેરીને આવી હતી.



શ્રીદેવીએ આ સાડી વિરાટ કોહલી અને અનુષ્કા શર્માના રિસેપ્શનમાં ૨૦૧૭માં પહેરી હતી. તેનો આ લૂક ઘણો યાદગાર હતો. જાહન્વીએ પણ તેની માતાની જેમ આ સાડી ગોલ્ડન જ્વેલરી સાથે અને માતાની જેમ જ એક અંબોડો અને વેણી સાથે સ્ટાઈલિંગ કરીને તે ઈવેન્ટમાં પહોંચી હતી. આ માત્ર ફેશન સ્ટેટમેન્ટ નહોતુ પણ ખાસ દિવસે તેની માતાને અપાયેલી એક શ્રદ્ધાંજલિ હતી. ઘણા લોકોએ સોશિયલ મીડિયા પર શ્રીદેવી અને જાહન્વીના લૂકની સરખામણી પણ કરી હતી. આ ઉપરાંત અન્ય એક વાતે પણ લોકોનું ધ્યાન ખેંચ્યું હતું. આ ઈવેન્ટમાં જાહન્વીના માનમાં તેના કથિત બોયફ્રેન્ડ શિખર પ હાડિયાનો સમગ્ર પરિવાર પણ ખાસ હાજર રહ્યો હતો. સોશિયલ મીડિયા પર ઘણા લોકોએ જાહન્વીએ શ્રીદેવાની લૂકમાં કોઈ ફેરફારન કરવા બદલ તેનો આભાર માન્યો તો, કોઈએ આશા વ્યક્ત કરી હતી કે તેના માટે આ ભાવુક ક્ષણો હશે તો આશા વ્યક્ત કરી હતી કે તે પોતાની માતાને પોતાની નજીક અનુભવી શકી હશે. ઘણા લોકોએ તેના આ ટ્રેડિશનલ ઈન્ડિયન લૂકના બહુ વખાણ કર્યા હતા. જાહન્વીની આ ફિલ્મ ૨૬ સપ્ટમ્બરે થિએટરમાં રિલીઝ થશે.

# ઝાલોદ કોલેજ સતત બીજા વર્ષે કબડ્ડીમાં યુનિવર્સિટી ચેમ્પિયન બની


તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૪ ।

કોલેજીયન રમતજગતમાં ફરી એકવાર ઝાલોદની કે. આર. દેસાઈ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજે પોતાનું અવિરત પ્રભુત્વ સાબિત કર્યું છે. તા. ૨૩/૯/ ૨૫ ના રોજ બોડેલી ખાતે યોજાયેલી શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી ઈન્ટર-કોલેજ કબડ્ડી (ભાઈઓ) સ્પર્ધામાં કોલેજની ટીમે અપ્રતિમ રમતકૌશલ્ય અને એકતાથી ભરપૂર ટીમ સ્પિરિટ દર્શાવી સતત બીજા વર્ષે યુનિવર્સિટી ચેમ્પિયનશિપ કબજે કરી છે.

આ સ્પર્ધામાં પાંચ જીલ્લાની કુલ ૨૨ ટીમોએ ભાગ લીધો હતો. અંતિમ મુકાબલો ઝાલોદ કોલેજ અને બોડેલી કોલેજ વચ્ચે થયો હતો. રોમાંચક ક્ષણોથી ભરપૂર આ મેચમાં એક એક પોઈન્ટ માટે ખેલાડીઓએ ઝઝૂમીને રમતને યાદગાર બનાવી. અંતે ઝાલોદ કોલેજની ટીમે સુવ્યવસ્થિત વ્યૂહ-રચના અને ખેલાડીઓના જબરદસ્ત પ્રદર્શનના આધારે વિજયનો તાજ મેળવ્યો.

ઝાલોદ કોલેજના ચાર તેજસ્વી ખેલાડીઓ – પુજારા વિજય, પટેલ જગદીશ, વાડેલ પ્રિતમ અને ભાભોર રજનીકાંતે મેદાન પર પોતાની અનોખી છાપ છોડી હતી. તેમના આ ઉત્તમ પ્રદર્શનને પગલે તેમની પસંદગી યુનિવર્સિટીની રાષ્ટ્રીય કક્ષાની ટી-મમાં કરવામાં આવી છે, જે કોલેજ માટે ગૌરવની ક્ષણ છે.

ગત વર્ષે પણ ઝાલોદ કોલેજે કબડ્ડીમાં ચેમ્પિયનશિપ જીતી હતી. સતત બીજા વર્ષે મેળવેલી આ સિદ્ધિએ કોલેજને યુનિવર્સિટી સ્તરે અગ્રેસર સ્થાન અપાવ્યું છે અને વિદ્યાર્થીઓમાં ઉમંગ અને આત્મવિશ્વાસનો સંચાર કર્યો છે.

આ સિદ્ધિ બદલ કોલેજના આચાયશ્રી ડો. એ. આર. મોદી સાહેબે ટીમના તમામ ખેલાડીઓને હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા. તેમણે જણાવ્યું કે ઝાલોદ કોલેજના ખેલાડીઓએ પોતાની પ્રતિભા અને સંયમિત રમત દ્વારા કોલેજનું નામ યુનિવર્સિટી સ્તરે ગૌરવપૂર્વક પ્રસ્થાપિત કર્યું છે. ભવિષ્યમાં પણ રાષ્ટ્રીય કક્ષાએ સફળતાઓ મેળવે તેવા શુભાશય સાથે સમગ્ર ટીમને હૃદયથી અભિનંદન પાઠવ્યા હતા. સમગ્ર કોલેજ પરિવારે પણ ટીમના તમામ સભ્યોને અભિનંદન પાઠવ્યા હતા.

# કલેક્ટરશ્રી અમિત પ્રકાશ યાદવની અધ્યક્ષતામાં જિલ્લા આયોજન માટે વિવિધ યોજનાઓની સમીક્ષા બેઠક યોજાઈ





। (માહિતી) નડિયાદ, તા.૨૪ ।

કલેક્ટરશ્રી અમિત પ્રકાશ યાદવની અધ્યક્ષતામાં કલેકટર કચેરી નડિયાદ ખાતે જિલ્લા આયોજન માટે વિવિધ યોજનાઓની સમીક્ષા બેઠક યોજાઈ. કલેક્ટરશ્રીએ તમામ તાલુકા વિકાસ અધિકારીઓ પાસેથી વર્ષ ૨૦૨૩-૨૪, ૨૦૨૪-૨૫ ના આયોજનના કામોની સમીક્ષા કરી જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. કલેકટરશ્રીએ પેન્ડિંગ કામોનું સત્વરે નિરાકરણ લાવવા સુચના આપી હતી. તથા આયોજનની ગ્રાન્ટનો વિવેકપૂર્ણ અને ઈમાનદારી પૂર્વક ઉપયોગ કરવા સૂચન કર્યું હતું. જરૂરી સાધન સામગ્રીની ખરીદી કરતી વખતે ગુણવત્તા અને માર્કેટ પ્રાઈસનુ ધ્યાન રાખવા જણાવ્યું હતું. સાથે જ આયોજન કચેરીના યોગ્ય સંકલનમાં નિયમિત રીતે કામગી-રીની સમીક્ષા કરવા જણાવ્યું હતું. આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી શ્રી જયંત કિશોર, પ્રાંત અધિકારીશ્રીઓ, નગરપાલિકા ચીફ ઓફિસરશ્રીઓ, તાલુકા વિકાસ અધિકારીશ્રીઓ, આયોજન, આરોગ્ય, આઈસીડીએસ, માર્ગ અને મકાન વિભાગ પંચાયત સહિત સંબંધિત વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ઝાલોદ ભાજપ પરિવાર દ્વારા નમો કે નામ રક્તદાન અંતર્ગત ૩૦ યુનિટ રક્ત એકત્ર કરાયું



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૪ ।

ભારતના વડાપ્રધાન તેમજ ભાજપના વરિષ્ઠ નેતા એવા નરેન્દ્ર મોદીના ૭૫ મા વર્ષની ઉજવણીને સેવા પખવાડિયા તરીકે ઝાલોદ ભાજપા દ્વારા ઉજવવામાં આવી રહેલ છે. ભાજપાનો મૂળ ઉદ્દેશ એ છે કે સેવા પખવાડિયા અંતર્ગત યોજાતા કાર્યક્રમો માત્ર ઉજવણી પૂરતા ન રહે પરંતુ સમાજ માટે ઉપયોગી થાય તે માટે ઝાલોદ સબ ડીસ્ટ્રીક્ટ હોસ્પિટલ ખાતે દાહોદ ઝાયડસ બ્લડ સેંટરના સહયોગથી રક્તદાન શિબિરનુ આયોજન કરવામાં આવ્યું હતું.

ઝાલોદ સબ ડીસ્ટ્રીક્ટ હોસ્પિટલ ખાતે નમો કે નામ રક્તદાન અંતર્ગત યોજાયેલ રક્તદાન શિબિરમાં ઝાલોદ ૧૩૦ વિધાનસભાના ધારાસભ્ય મહેશ ભૂરીયાના માર્ગદર્શન હેઠળ યોજાયું હતું. દાહોદ જિલ્લા ભાજપ મહામંત્રી નરેન્દ્ર સોની, પૂર્વ જિલ્લા પંચાયત પ્રમુખ શીતલબેન વાઘેલા તેમજ ઝાલોદ શહેર ભાજપ પ્રમુખ મયુર પંચાલ ,ઝાલોદ ગ્રામ્ય પ્રમુખ સુરેશ ભાભોર તેમજ સેવા પખવાડિયાના ઈન્ચાર્જ ભરત શ્રીમાળીની અધ્યક્ષતામાં યોજાયો હતો. આજના રક્તદાન શિબિરમાં ઝાલોદ નગરપાલિકા પ્રમુખ રેખાબેન વસૈયા તેમજ ઉપપ્રમુખ ભાવનાબેન ડામોર સહિત નગરપાલિકા ભાજપના દરેક કાઉન્સિલર તેમજ ઝાલોદ ભાજપના કાર્યકર્તાઓ ઉપસ્થિત રહેલ હતા. આજના રક્તદાન કેમ્પમા રક્ત આપવા આવેલ રક્તદાતાના ચહેરા પર રક્ત આપવાનો અનેરો ઉત્સાહ જોવા મળતો હતો. નમો કે નામ રક્તદાનના શિર્ષક હેઠળ યોજાયેલ બ્લડ ડોનેશન કેમ્પના સેવાયજ્ઞમા કુલ ૩૦ યુનિટ રક્તદાન એકત્ર કરાયું હતું. જેમાં પાંચ રક્તદાતાઓએ પ્રથમ વખત રક્તદાન કર્યું હતું. આજના રક્તદાન મહાદાન પ્રસંગે મહિલાઓએ પણ રક્તદાન કર્યું હતું. આ બ્લડ યુનિટ લોકહિત માટે મહત્વ પૂર્ણ યોગદાન છે. રક્તદાન એ મહાદાન એ આજના જીવનમાં એક ઉત્તમ દાન છે જે કોઈનું જીવ બચાવવા માટે તે ઉપયોગી બને છે કોઈના જીવનમાં આપણે આપેલ રક્ત ઉપયોગી નીવડે તેવા ઉત્તમ વિચાર સાથે નમો કે નામ રક્તદાનના સેવાકીય કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

# રાજકોટના વિવાદીત પૂર્વ સરકારી અધિકારી રમેશચન્દ્ર ફેફરે આપઘાત કરી લીધો

## વિજ્ઞાન જાથાએ પણ રમેશ ફેફરને ઘણી વાર ખુલ્લો પાડ્યો હતો

। (પ્રતિનિધી) રાજકોટ, તા.૨૪ ।

પોતાને કલ્કિ ભગવાન તરીકે ગણાવતા રાજ-કોટના વિવાદીત પૂર્વ સરકારી અધિકારી રમેશચન્દ્ર ફેફરે આપઘાત કરી લીધો છે. છેલ્લા ઘણા સમયથી રમેશચન્દ્ર ફેફર પોતાના ઘરમાં એકલા જ રહેતા હતા અને કોઈને મળતા પણ ન હતા. એકલતાના કારણે રમેશ ફેફરે આપઘાત કર્યો હોવાનું મનાઈ રહ્યું છે પણ તેમની સામે અનેક વિવાદો પણ થયેલા છે.

રાજકોટના રમેશ ફેફરે પોતાને કલ્કિ અવતાર જાહેર કરતા ખળભળાટ મચી ગયો હતો. રમેશ ફે-ફરે ત્યારબાદ એવા ઘણા વિવાદીત નિવેદનો પણ આપ્યા હતા જેનો સમજામાં ઉગ્ર વિરોધ થયો હતો. રમેશ ફેફર મુળ તો એક સરકારી અધિકારી હતી અને તેણે સરકારને પણ એક તબક્કે એવી ચીમકી આપી દીધી હતી કે જો તેમને પગાર સહિતની ચૂકવણી નહી કરાય તો તે દુષ્કાળ લાવી દેશે.

રમેશ ફેફર જળસંપત્તિ વિભાગ અને પાણી પુરવઠા વિભાગના તથા કલ્પસર વિભાગના પૂર્વ અધિક્ષક હતો. તેણે સરકાર પાસે માગ કરી હતી કે તેનો ૧૬ લાગ જેટલો પગાર લેવાનો બાકી છે નહિંતર તેઓ રાજ્યમાં દુકાળ લાવી દેશે. તેમણે દાવો કરેલો હતો કે તેમણે સરદાર સરોવર નર્મના નિગમમાં તેમની પ્રતિનિયુક્તી બાદ તેમણે એક વર્ષ સુધી ઘેર રહીને વર્ક ફ્રોમ હોમ કરેલું છે.

તેમણે સરકારને લખેલા પત્રમાં દાવો કરેલો કે હું કલ્કિ અવતાર છું અને મારી તપસ્યાના હિસાબે જ છેલ્લા ૨૦ વર્ષથી સતત સારો વરસાદ થયેલો છે. એક પણ વર્ષ દુષ્કાળ પડ્યો નથી. ૨૦ વર્ષના વરસાદથી ભારતમાં ૨૦ લાખ કરોડનો ફાયદો થયો છે છતાં મને રાક્ષસો સરકારમાં બેસીને અન્યાય કરે છે. આથી હુ આ વર્ષે સમગ્ર વિશ્વમાં પાણીનો, વરસાદનો અને બરફવર્ષાનો દુકાળ પ ડવાનો છું. હું જ કલ્કી અવતાર જ છું અને ભગવાન વિષ્ણુનો દસમો અવતાર છું. મારી સત્તા પૃથ્વીલોક પર ચાલે છે. ઉલ્લેખનિય છે કે રમેશ ફેફરે પોતાને કલ્કી અવતાર ગણાવતા ભુતકાળમાં વિવાદ થયો હતો અને તે પોતે એક સરકારી અધિકારી હોવાથી સરકારે તેનો ખુલાસો પણ પુછેલો હતો. રમેશ ફેફરે ચન્દ્રયાન -૩ મિશન અંગે પણ વિવાદીત નિવેદનો કરેલા હતા. તેમણે ચન્દ્રયાનને તૂત ગણાવ્યું હતું તો બ્રહ્મ સમાજ વિરુદ્ધ પણ તેમણે ટિપ્પણી કરી હતી જેથી બ્રહ્મ સમાજમાં પણ ભારે રોષ ફેલાયો હતો. તેણે બાબા બાગેશ્વરની સામે પણ વિવાદીત નિવેદનો કરેલા હતા. વિજ્ઞાન જાથાએ પણ રમેશ ફેફરને ઘણી વાર ખુલ્લો પાડ્યો હતો અને તેને માનસિક રોગી ગણાવેલો હતો. રમેશ ફેફરની વિવાદાસ્પદ વર્તુણુંકના કારણે તેના પરિવારજનો પણ ત્રાસી ગયા હતા અને તેની પત્નીએ પણ તેની વિરુદ્ધ પોલીસમાં અરજી કરેલી હતી તો તેના કરતૂતોથી કંટાળેલો પરિવાર તેનાથી અલગ રહેવા જતો રહ્યો હતો. પોતે ઘરમાં એકલો જ રહેતો હતો અને તેણે પોતાના ઘરની બહાર પોતે કલ્કી અવતાર હોવાનું બોર્ડ પણ લગાવેલું હતું.

# સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા પેરા એથલીટ રમતવીરો માટે સ્પેશિયલ ખેલ મહાકુંભ ૨૦૨૫ યોજાશે

। (માહિતી) નડિયાદ, તા.૨૪ ।

રમત-ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગ, સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા આયોજીત સ્પે. ખેલ મહાકુંભ ૨૦૨૫નું આયોજન ટૂંક સમયમાં થનાર છે. જેમાં ફક્ત શારીરિક ક્ષતિ **(OH)** ધરાવતા દિવ્યાંગ ખેલાડીઓ ભાગ લઈ શકશે. દિવ્યાંગતાના પ્રકારોમાં (૧) ચાલવામાં અવરોધ / **LocomOor Disability** (૨) મટી ગયેલ રક્તપિત્ત રોગ ગ્રસ્ત વ્યક્તિ/ **Leprosy cured** (૩) ઠીંગણાપણું/ **Dwarfism** (૪) સ્નાયવિક કુપોષણ/**Muscular Dystrophy** (૫) એસિડ એટેક/**Acid Attack** (૬) બહુવિધ સ્નાયવીક/ **Multiple Sclerosis** (૭) સેરેબ્રલ પાલ્સી/ **Cerebral Palsy** (૮) ઓટીઝમ સ્પેક્ટ્રમ ડિસઓર્ડર/ **Autism Spectrum Disorder** (૯) ક્રોનિક ન્યુરોલોજીકલ સ્થિતિઓ/ **Chronic Neurological Condition**/ (૧૦) થેલેસેમિયા/ **Thalasamia** (૧૧) હિમોફિલિયા/ **Hemophilia** (૧૨) સિકલ સેલ રોગ/ **Sickle Cell Disease** (૧૩) પાર-કીન્સ/ **Parkinson Disease** નો સમાવેશ થશે. સ્પે. ખેલ મહાકુંભ ૨૦૨૫ના ફોર્મ ભરવા માટે તા. ૨૫/૦૯/૨૦૨૫ થી ૨૦/૧૦/૨૦૨૫ સુધીમાં જરૂરી ફોર્મ સાથે સિવિલ સર્જન સર્ટિફિકેટ, આધાર કાર્ડ, બેંક પાસબૂક, અને પાસપોર્ટ સાઈઝ ફોટો સાથે ધી સોસાયટી ફોર ફીઝીકલી હેન્ડીકેપ ઓફ ધી ખેડા ડીસ્ટ્રીક્ટ નડીઆદ તથા પેરા સ્પોર્ટ્સ અસોશિએશન નડીઆદ-ખેડાની ઓફિસ રામ તલાવડી રેલ્વે ફાટક પાસે, મિશન રોડ, નડીઆદ પર સવારે ૧૦:૦૦ થી બપોર ના ૦૧:૦૦ વાગ્યા સુધીમાં સંપર્ક કરવો. ખેડા જિલ્લાના દિવ્યાંગ ખેલાડીઓએ આ નોંધ લેવા પેરા સ્પોર્ટ્સ અસોશિએશન નડીઆદ-ખેડાની અખબારી યાદીમાં જણાવેલ છે.

# અમદાવાદ રેલ મંડળમાં કવચ પ્રણાલીનો ઝડપથી વિસ્તાર અમદાવાદ મંડળમાં ટ્રેન સુરક્ષા માટે "કવચ ૪.૦" ઈન્સ્ટોલેશનનું કામ ચાલુ

। (રેલ્વે) અમદાવાદ, તા.૨૪ ।

કવચ ૪.૦ એક સ્વદેશી રીતે વિકસિત ઓટ-ોમેટિક ટ્રેન પ્રોટેક્શન (એટીપી) સિસ્ટમ છે. કવચ એક અદ્યતન ટેકનોલોજી આધારિત સિસ્ટમ છે, જેને ઉચ્ચતમ સ્તરનું (એસઆઈએલ -૪) સલામતી પ્રમાણપત્ર જરૂરી છે. કવચ લોકો પાઈલટને નિર્ધારિત ગતિ મર્યાદામાં ટ્રેન ચલાવવામાં મદદ કરે છે, જો લોકો પાઈલટ તેમ કરવામાં નિષ્ફળ જાય તો આપમેળે બ્રેક લગાવે છે, અને પ્રતિકૂળ હવામાન દરમિયાન ટ્રેનોને સુરક્ષિત રીતે ચલાવવામાં પણ મદદ કરે છે. ભારતીય રેલ્વે માટે આ એક મહત્વપૂર્ણ સલામતી સીમાચિહ્ન છે. ટૂંક સમયમાં, ભારતીય રેલ્વેએ ઓટોમેટિક ટ્રેન પ્રોટે-ક્શન(ATP) સિસ્ટમ વિકસાવી, તેનું પરીક્ષણ કર્યું અને સ્થાપિત કરવાનું શરૂ કરી દીધું છે. કવચ' બે સ્તરે કામ કરે છે - એક ઉપકરણ એન્જિનમાં લગાવવામાં આવે છે જેને લોકો ટીસીએએસ (ટ્રેન કોલિઝન એવોઈડન્સ સિસ્ટમ) કહેવામાં આવે છે અને બીજું સ્ટેશન અને રેલ્વે ટ્રેક પર સ્થાપિત થાય છે જેને સ્ટેશન ટીસીએએસ કહેવાય છે.

**અમદાવાદ મંડળમાં 'કવચ' સિસ્ટમનો અમલ**

ભારતીય રેલ્વે દ્વારા સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે વિકસિત કરવામાં આવેલી અદ્યતન સ્વદેશી પ્રણાલી "કવચ" નો અમલ અમદાવાદ ડિવિઝન પર પણ ઝડપી ગતિએ કરવામાં આવી રહ્યો છે. આ સિસ્ટમ ટ્રેન સંચાલનને વધુ સલામત, પ્રતિભાવશીલ અને નિયંત્રિત બનાવવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું છે.

**૧. વટવા લોકો શેડ ખાતે કવચ કાર્ય ની પ્રગતિ**

વટવા લોકો શેડ કુલ ૧૬૯ એન્જિનો પર 'કવચ' સિસ્ટમ સ્થાપિત કરવાની કરવાની યોજના છે અત્યાર સુધીમાં ૨૩ એન્જિનો પર આ કાર્ય પૂર્ણ થઈ ગયું છે, જ્યારે બાકીના ૧૪૬ લોકોમોટિવ પર કામ ચાલુ છે. આ કાર્ય માટે ૧૪ પ્રશિક્ષિત ટેકનિકલ કર્મચારીઓની એક સમર્પિત ટીમની નિમણૂક કરવામાં આવી છે, અને તેઓ તબક્કાવાર રીતે કવચ સ્થાપિત કરવાનું કામ કરી રહ્યા છે.

**૨. સાબરમતી લોકો શેડ ખાતે કવચ કાર્ય ની પ્રગતિ**

સાબરમતી લોકો શેડ ખાતે **45 WAG9HC** એન્જિનો પર કવચ સ્થાપિત કરવામાં આવશે. જેમાંથી અત્યાર સુધીમાં ૭ એન્જિન પર ટ્રાયલ સફળતાપૂર્વક પૂર્ણ થઈ ચૂક્યું છે, જ્યારે ૩૮ એન્જિન પર કામ ચાલી રહ્યું છે. આ કામ માટે ૧૧ ટેકનિકલ કર્મચારી તૈનાત કરવામાં આવ્યા છે, જેઓ કવચ ની સૂક્ષ્મ સ્થાપના પ્રક્રિયા હાથ ધરે છે.

ટ્રેક સેક્સનો પર કવચ સ્થાપનની સ્થિતિ, અમદાવાદ - પાલનપુર અને અમદાવાદ - સામાંખ્યાલી સેક્સન (કુલ ૪૦૨ આરકેએમ): આ રેલખંડ પર કવચ સ્થાપન માટે ટેન્ડર બહાર પાડવામાં આવ્યા છે. આગામી બે વર્ષમાં કામ પૂર્ણ થશે. પાલનપુર - સામાખ્યાલી - ગાંધીધામ સેક્સન (લગભગ ૩૦૦ **RKM**): આ સેક્સન માટે પણ ટેન્ડર બહાર પાડવામાં આવ્યા છે અને આ કાર્ય બે વર્ષમાં પૂર્ણ કરવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે. ● અમદાવાદ - ગેરતપુર સેક્સન : (૧૩.૪૨ કિમી) આ સેક્સન પર કવચ પ્રણાલીનું સ્થાપનનું કાર્ય પૂર્ણ થઈ ગયું છે અને આ સેક્સન હવે કવચ થી સુંસજ્જિત છે. કવચ સિસ્ટમમાં, લોકો પાઈલટે એન્જિનમાં ફીટ કરેલા ઓપરેશન પેનલ **LP-OCIP** (લોકો પાઈલટનું ઓપરેશન-કમ-ઈન્ડિકેશન પેનલ) પર ટ્રેનની માહિતી જેમ કે ગુડ્સ ટ્રેન કે પેસેન્જર ટ્રેન, કોચની સંખ્યા વગેરે દાખલ કરવાની હોય છે.

# દાહોદ જિલ્લામા લીમડી અને સુખસર બે નવા તાલુકા બનશે

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨૪ ।

દાહોદ જિલ્લામાં આવતા ઝાલોદ તાલુકાના લીમડીને તેમજ ફતેપુરા તાલુકાના સુખસરને તાલુકા બનાવવા માટેનો પ્રસ્તાવ કેબિનેટમાં પાસ કરવામાં આવેલ છે. હવે દાહોદ જિલ્લામાં બે નવા તાલુકા ઉમેરાતાં હવે કુલ નવ+બે એમ અગ્યાર તાલુકા બનશે. આ તાલુકા સ્થ-ાનિક સ્વરાજ્યની ચૂંટણી પહેલા બની જવાના સમાચાર જાણવા મળી રહેલ છે. ઝાલોદ તાલુકા માંથી લીમડી વિભાજીત થતાં તેનું વડુમથક ગુરુગોવિંદ ધામ બનશે તેવા સમાચારો જાણવા મળી રહેલ છે.

# નડીઆદમાં પોષણ માહ અંતર્ગત કિશોરીઓને આરોગ્ય અને શિક્ષણ પર માર્ગદર્શન

। (માહિતી) નડિયાદ, તા.૨૪ ।

નડીઆદના ઘટક - ૩ માં પોષણ માહ અંતર્ગત પૂર્ણા દિવસની ઉજવણી કરવામાં આવી. આ કાર્યક્રમમાં કિશોરીઓનું વજન, ઊંચાઈ અને બોડી માસ ઈન્ડેક્સ (મ્ર્સૈ)નું પરીક્ષણ કરવામાં આવ્યું હતું. સાથે જ આઈ. એફ.એ. અને આલ્બેન્ડાઝોલ ટેબલેટ્સ કન્યા શાળા, ઉત્તરસંડા ખાતે વિતરણ કરવામાં આવી. આરોગ્ય ટીમ સાથે મળીને આ કામગીરી સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવી.

આ કાર્યક્રમ દરમિયાન આરોગ્ય, પોષણ અને શિક્ષણ ક્ષેત્રે પણ મહત્વપૂર્ણ માર્ગદર્શન આપવામાં આવ્યું. લેફટઆઉટ અને ડ્રોપઆઉટ જેવા મુદ્દાઓ પર ચર્ચા કરી નાની ઉમરે લગ્ન અટકાવવા માટે ખાસ સમજાવટ આપવામાં આવી જેથી કિશોરીઓના સ્વાસ્થ્ય અને ભવિષ્ય માટે સકારાત્મક પરિણામ મળી શકે.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજે તમારો ખુશમિજાજ સ્વભાવ અન્યોને ખુશ રાખશે. સટ્ટા અથવા અણધાર્યા લાભ દ્વારા તમારી આર્થિક હાલત સુધરશે. તમને પરિવારના સભ્યો સાથે કેટલીક મુશ્કેલીઓ હશે પણ તેને તમારા મગજની શાંતિ હણવા ન દો. તમને ખુશ રાખવા તમારૂં પ્રિયપાત્ર કેટલીક બાબતો કરશે. આગળ પડતા લોકો સાથે હળવા-મળવાથી તમારા સારા વિચારો અને યોજનાઓ બહાર આવશે.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજે તમારૂં વ્યક્તિત્વ અત્તરની જેવું કામ કરશે. જો તમે પોતાના ઘર ના કોઈ સભ્ય જોડે ઉધાર લીધું હોય તો તેને આજ ચૂકવી દો નહીંતર તે તમારી વિરુદ્ધ કાયદકીય પગલાં લયી શકે છે. ઘરને લગતી બાબતો તથા ઘરના બાકી રહી ગયેલા કામ પૂરાં કરવા માટે અનુકૂળ દિવસ. પ્રેમ જીવનમાં સારો વળાંક આવશે કેમ કે તમે સારો સંબંધ વિકસાવશો.

**મિથુન (ક,છ,ઘ) :**
આજના દિવસે ઘરની બહારની પ્રવૃત્તિઓ તમને થકવનારી તથા તાણયુક્ત હશે. આજે તમને પોતાની સંતાન દ્વારા ધન લાભ થવા ની શક્યતા દેખાય છે અને તમને આના દ્વારા ખુશી થશે. તમારી ઉડાઉ જીવનશૈલી ઘરમાં તણાવનું કારણ બનશે, આથી રાત્રે મોડા સુધી બહાર રહેવાનું તથા અન્યો પર ખર્ચ કરવાનું ટાળો. રૉમાન્સ માટે સારો દિવસ.

**કર્ક (ડ,હ) :**
આજે વહેલી સવારે કરવામાં આવેલ ધ્યાન તથા યોગ આધ્યાત્મિક તથા શારીરિક લાભ માટે ઉપયોગી સાબિત થશે. રાત્રી ના સમયે આજે તમને ધન લાભ થવાની પૂરી શક્યતા છે કે કેમ કે તમારા દ્વારા આપેલું ધન આજે પાછું આવી શકે છે. તમારા ઘરના વાતાવરણમાં તમે કોઈ ફેરફાર કરો તે પૂર્વે સૌની મંજૂરી છે કે નહીં તેની ખાતરી કરો. પ્રેમમાં તમારા કઠોર વર્તન માટે માફી માગો.

**સિંહ (મ,ટ) :**
આજે તમારે હળવાશ અનુભવવાની તથા નિકટના મિત્રો અને પરિવારના સભ્યો વચ્ચે ખુશી શોધવાનો પ્રયાસ કરવાની જરૂર છે. આજે તમને પોતાના ભાઈ અથવા બહેન ની મદદ થી ધન લાભ થવા ની શક્યતા છે. તમારા નવા પ્રૉજેક્ટ્સ તથા યોજનાઓ વિશે તમારા ભાગીદારને વિશ્વાસમાં લેવા માટે પણ આ સમયગાળો સારો છે. આજે તમને સમજાશે કે પ્રેમ બધી જ બાબતોને પાછળ મુકી શકે છે.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજે કોઈ સંતપુરૂષ પાસેથી મળેલું દિવ્ય જ્ઞાન તમને આશ્વાસન અને રાહત પૂરી પાડશે. જે લોકોએ કોઈ અજાણ્યા વ્યક્તિ ના સૂચન પર નિવેશ કર્યું હતું તે લોકો ને આજે તે નિવેશ થી લાભ થવા ની પુરી શક્યતા છે. મિત્રો દ્વારા તમે મહત્વના સંપર્કો બનાવશો. આજે રૉમાન્સ માટે ગૂંચવણભર્યું જીવન છોડો. નવું સાહસ લલચાવનારૂં તથા સારૂં વળતર આપનારૂં હશે.

**તુલા (ર,ત) :**
આજે તમારો આત્મવિશ્વાસ વધશે તથા તમારૂં આગળ વધવું નિશ્ચિત છે. આજે ઘર થી નીકળતા પહેલા વડીલો નું આશીવાદ લો. આના થી તમને ધન લાભ થયી શકે છે. તમારા માતા-પિતાનું સ્વાસ્થ્ય વધુ ધ્યાન તથા દરકાર માગશે. તમારી ગર્લફ્રેન્ડ સાથે બિભત્સ ન થતાં. અટકી પડેલા પ્રસ્તાવો અમલમાં મુકાશે. આજે તમારો મફત સમય મોબાઈલ અથવા ટીવી જોવા પર વ્યર્થ થઈ શકે છે.

**વૃશ્ચિક (ન,ય) :**
આજે મિત્રો સાથે સાંજ આહલાદક રહેશે પણ વધુ પડતા ભોજન અને હાર્ડ ડ્રિંક અંગે સાવચેત રહેજો. આજે ઘર થી નીકળતા પહેલા વડીલો નું આશીવાદ લો. આના થી તમને ધન લાભ થયી શકે છે. તમારી ખાનગી માહિતી તમારા જીવનસાથી સાથે શૅર કરતા પહેલા વિચારજો. શક્ય હોય તો. એવું કરવલાનું ટાળજો કેમ કે તે આ વાત કોઈક અન્યને જણાવી શકે છે.

**ધન (ભ,ધ,ફ) :**
આજે તમારૂં ખરાબ વર્તન તમારી પત્નીનો મૂડ ખરાબ કરી શકે છે ધ્યાન રાખજો. તમારે એ સમજવું જોઈએ કે કોઈકનું અપમાન તથા કોઈકને હળવાશથી લેવાનો અભિગમ સંબંધને ખૂબ જ મુશ્કેલીમાં મુકી દે છે. જે લોકો અત્યાર સુધી પૈસા વગર વિચારે ઉડાડી રહ્યા હતા તેમને પૈસા ની આજે ઘણી જરૂર પડી શકે છે અને તેમને સમજણ આવી શકે છે કે પૈસાનું શું મહત્વ હોય છે.

**મકર (ખ,જ) :**
આજના દિવસે કરેલ ધ્યાન તથા યોગ આધ્યાત્મિક તથા શારીરિક લાભ માટે ઉપયોગી સાબિત થશે. મોડી પડેલી લેણી નીકળતી રકમ પાછી મળતા આર્થિક સ્થિતિ સુધરશે. તમારા નવા પ્રૉજેક્ટ્સ તથા યોજનાઓ વિશે તમારા ભાગીદારને વિશ્વાસમાં લેવા માટે પણ આ સમયગાળો સારો છે. એકતરફી આકર્ષણ આજે તમારી માટે માથાનો દુખાવો જ લાવશે.

**કુંભ (ગ,શ,સ) :**
આજે કોઈક તમને બલિનો બકરો બનાવવાનો પ્રયાસ કરશે, આથી સચેત રહેજો. ઘર ની જરૂરિયાત ને લીધે તમે આજે જીવનસાથી ની જોડે કોઈ મોંઘી વસ્તુ ખરીદી કરી શકો છો જેના લીધે તમારી આર્થિક સ્થિત તંગ હોઈ શકે છે. મિત્રો તથા પરિવાર સાથે આનંદદાયક સમય. આજનો દિવસ તમારા પ્રેમ જીવનમાં એક અદભુત દિવસ બની રહેશે.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજે કુદરતે તમારા પર નોંધપાત્ર આત્મવિશ્વાસ તથા હોંશિયારી વર્ષાવી છે-આથી તેનો પૂરેપૂરો ઉપયોગ કરો. સટ્ટા અથવા અણધાર્યા લાભ દ્વારા તમારી આર્થિક હાલત સુધરશે. વૈવાહિક જોડાણમાં પ્રવેશવા માટે સારો સમય. આજે તમે પ્રેમની પીડા અનુભવશો. કામના સ્થળે જે વ્યક્તિ તમારી સાથે તમારો સુમેળ સૌથી ઓછો હતો તેની સાથે આજે તમે સારી વાતચીત કરશો.

### ૩ કલાકનો રસ્તો ૧ કલાકમાં જ થઈ જશે પૂરો

## દેશની પહેલી ૮ લેનવાળી ટનલ દિલ્હી-મુંબઈ એક્સપ્રેસવે પર બનાવવામાં આવી



**નવેમ્બર સુધી તેને શરૂ કરી દેવામાં આવશે, આ ટનલને મુકુંદરા હિલ્સમાં બનાવવામાં આવી રહી છે, જ્યાં ટાઈગર રિઝર્વ છે**

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૪ ।

દેશમાં એક્સપ્રેસવે, હાઈવે અને રેલવેનો સતત વિસ્તાર થઈ રહ્યો છે. દરેક મોટા શહેરને જોડવા માટે હાઈ સ્પીડ રસ્તાઓ બનાવવામાં આવી રહ્યા છે અને પછી ભલે રેલવે હોય કે પછી એક્સપ્રેસવે સફરને સરળ બનાવવા માટે સુરંગોનું પણ નિર્માણ થઈ રહ્યું છે. ગત કેટલાક વર્ષોમાં ડઝનબંધ ટનલોનું નિર્માણ થઈ ચૂક્યું છે, પરંતુ હવે દેશને પહેલી ૮ લેનવાળી ટનલની ભેટ મળવા જઈ રહી છે. આ ટનલની અંદર પણ ૧૦૦ની સ્પીડથી કાર દોડાવી શકાશે. આ ટનલ પૂરી થવાથી ૩ કલાકનો રસ્તો માત્ર ૧ કલાકમાં જ કાપી શકાશે. દેશની પહેલી ૮ લેનવાળી ટનલ દિલ્હી-મુંબઈ એક્સપ્રેસવે પર બનાવવામાં આવી રહી છે. આ એક્સપ્રેસવે કોટા-દિલ્હી રૂટ પર આ ટનલ પડે છે. જેનું નિર્માણ કાર્ય હવે અંતિમ તબક્કામાં છે અને માનવામાં આવી રહ્યું છે કે, નવેમ્બર સુધી તેને શરૂ કરી દેવામાં આવશે. આ ટનલને મુકુંદરા હિલ્સમાં બનાવવામાં આવી રહી છે, જ્યાં ટાઈગર રિઝર્વ છે. એક્સપ્રેસવેના આ પેકેજ નંબર ૧૦ની લંબાઈ લગભગ ૨૬.૫ કિલોમીટર છે, જેમાં ૫ કિલોમીટર લાંબી ટનલ પણ આવે છે. એકવાર તેનું નિર્માણ પૂરુ થઈ ગયું તો દિલ્હીથી કોટાની વચ્ચે અવર-જવર પણ સરળ થઈ જશે. આ પેકેજના નિર્માણમાં મોટુ સંકટ હાઈટેન્શન લાઈન છે. આ સેક્શન જયપુરના સિમાલિયા અને ફાગીની વચ્ચે પડે છે. તેને હટાવવા માટે ઘણા દિવસોનું શટડાઉન કરવું પડશે. આ જ કારણ છે કે, સરકાર હવામાન સારું થવાની રાહ જોઈ રહી છે. માનવામાં આવી રહ્યું છે કે, નવેમ્બર સુધી તેનું કામ પૂરુ થઈ જશે. ત્યારબાદ ડિસેમ્બરથી દિલ્હી અને કોટાની વચ્ચે આ ટનલના રસ્તાથી વાહનોની અવરજવર શરૂ કરી દેવામાં આવશે. દૌસા સેક્શનના પ્રોજેક્ટ ડિરેક્ટર ભારત સિંહનું કહેવું છે કે, ભારે વરસાદના કારણે કામ થોડા દિવસ માટે રોકવું પડ્યું હતું.ટનલના અભાવમાં હાલ મુકુંદરા હિલ્સને પાર કરવા માટે વાહનોને સવાઈમાધોપુરના રસ્તેથી લગભગ ૬૦ કિલોમીટર સુધી હાઈવે ફરીને જવું પડે છે. આગળ જઈને આ હાઈવે દૌસા જિલ્લાના લાલસોટની પાસે એક્સપ્રેસવેને મળે છે.

### ઊંચા હોદ્દા સંભાળશે; અમદાવાદ સાથે પણ કનેક્શન

## વિઝા વિવાદ વચ્ચે અમેરિકામાં બે ભારતીયોનું પ્રમોશન

**અમેરિકન સરકાર દ્વારા H-1B વિઝા નિયમો કડક બનાવવામાં આવ્યા છે, આ દરમિયાન કંપનીએ તેમને પ્રમોશન આપ્યું છે**

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૪ ।

અમેરિકન વહીવટી તંત્રએ H1B વિઝા અરજી માટે ૮૮ લાખ રૂપિયાની ફી લગાવી દીધી છે. ટ્રમ્પના આ પગલાંને અમેરિકામાં રોજગાર શોધતા વ્યવસાયિકો માટે આંચકા તરીકે જોવામાં આવી રહ્યું છે. જોકે, અમેરિકન કંપનીઓએ બે ભારતીય મૂળના વ્યક્તિઓને CEO તરીકે નિયુક્ત કરીને મેસેજ આપ્યો છે કે, તે ટેલેન્ટ સાથે બાંધછોડ નહીં કરે. ૫૫ વર્ષીય ભારતીય મૂળના શ્રીનિવાસ ગોપાલન પહેલી નવેમ્બરથી યુએસ ટેલિકોમ જાયન્ટ ટી-મોબાઈલના સીઈઓ તરીકે કાર્યભાર સંભાળશે. અમેરિકન સરકાર દ્વારા H-1B વિઝા નિયમો કડક બનાવવામાં આવ્યા છે, આ દરમિયાન કંપનીએ તેમને પ્રમોશન આપ્યું છે. IIM અમદાવાદના ભૂતપૂર્વ વિદ્યાર્થી ગોપાલન હાલમાં T-Mobileના ચીફ ઓપરેટિંગ ઑફિસર (COO) તરીકે કાર્યરત છે અને માઈક સીવર્ટનું સ્થાન લેશે, જેમણે ૨૦૨૦થી કંપનીનું નેતૃત્વ કર્યુ છે અને



હવે તેઓ વાઈસ પ્રેસિડન્ટનું પદ સંભાળશે. ગોપાલને લિંક્ડઈન પોસ્ટમાં જણાવ્યું હતું કે, 'ટી-મોબાઈલના આગામી સીઈઓની ભૂમિકા નિભાવવાનો મને ખૂબ જ ગર્વ છે. હું લાંબા સમયથી આ કંપનીની સિદ્ધિઓથી આશ્ચર્યચકિત છું. તે વાયરલેસ ટૅક્નોલૉજીને ફરીથી શોધી રહી છે અને ગ્રાહકોને એવી રીતે સેવા આપી રહી છે જેની કોઈએ ક્યારેય કલ્પના પણ ન કરી હોય.' ગોપાલન પાસે ઘણા દેશો અને ઉદ્યોગોમાં કામ કર્યાનો અનુભવ છે. હિન્દુસ્તાન યુનિલિવરમાં મેનેજમેન્ટ ટ્રેઈની તરીકે શરુઆત કરીને, તેમણે ભારતીય એરટેલ, વોડાફોન, કેપિટલ વન અને ડોઈશ ટેલિકોમમાં વરિષ્ઠ પદો પર કામ કર્યું છે. ત્યાં, તેમણે કંપનીનો વિકાસ બમણો કર્યો, લાખો ઘરોમાં ફાઈબર નેટવર્કનો વિસ્તાર કર્યો અને જર્મનીમાં રેકોર્ડ મોબાઈલ બજારમાં ભાગીદારી મેળવી. ટી-મોબાઈલમાં, તેમણે ટૅક્નોલૉજી, ગ્રાહક અને વાણિજ્યિક વિભાગોનું નેતૃત્વ કર્યું અને 5G, AI અને ડિજિટલ ટ્રાન્સફોર્મેશનમાં પહેલનું નેતૃત્વ કર્યુ. સિવર્ટે ગોપાલનને ''તીક્ષ્ણ બુદ્ધિશાળી, કાર્યક્ષમ, ઉત્સાહી અને અતિ જ્ઞાનવાન'' ગણાવ્યા અને કહ્યું કે તેમને વિશ્વાસ છે કે તેઓ કસ્ટમર એક્સપીરિયન્સને આગલા સ્તર પર લઈ જશે. શિકાગો સ્થિત પીણા કંપની મોલ્સન કૂર્સે ૪૯ વર્ષીય રાહુલ ગોયલને તેના નવા પ્રમુખ અને સીઈઓ તરીકે નિયુક્ત કર્યા, જે ૧ ઑક્ટોબરથી અમલમાં આવશે. ગોયલ ૨૪ વર્ષથી કંપની સાથે છે.

### બિહારમાંદારૂબંધીએકચર્ચાસ્પદઅનેજટિલમુદ્દોરહ્યો

## બિહારમાં ચૂંટણી પહેલા દારૂનો કારોબાર ચરમ સીમા પર

**પોલીસ અને પ્રશાસન દ્વારા દારૂ પકડવાના આંકડા આ હકીકતની પુષ્ટિ કરે છે, અને આ આંકડા સતત વધી રહ્યા છે**

। (એજન્સી) બિહાર, તા.૨૪ ।

બિહારમાં દારૂબંધી એક ચર્ચાસ્પદ અને જટિલ મુદ્દો રહ્યો છે. વર્ષ ૨૦૧૬માં નીતિશ કુમાર સરકારે રાજ્યમાં દારૂના વેચાણ અને સેવન પર સંપૂર્ણ પ્રતિબંધ મૂક્યો, પરંતુ ૮ વર્ષ પછી પણ પરિસ્થિતિ ઘણી અલગ જણાય છે. દારૂબંધી લાગુ હોવા છતાં, રાજ્યમાં ગેરકાયદેસર દારૂનો વેપાર ધમધમી રહ્યો છે. પોલીસ અને પ્રશાસન દ્વારા દારૂ પકડવાના આંકડા આ હકીકતની પુષ્ટિ કરે છે, અને આ આંકડા સતત વધી રહ્યા છે. બિહારમાં દારૂબંધીના કડક કાયદા હોવા છતાં, ગેરકાયદેસર દારૂની હેરાફેરી અટકી નથી. પોલીસના તાજેતરના આંકડા દર્શાવે છે કે ઓગસ્ટ ૨૦૨૫ સુધીમાં બિહારમાં દર મહિને સરેરાશ ૭૭,૦૦૦ લિટર દારૂ જપ્ત કરવામાં આવ્યો છે. આ આંકડો ગયા વર્ષની સરખામણીમાં ૧૬% નો વધારો દર્શાવે છે. આ વધારો પોલીસની કડક કાર્યવાહીનો સંકેત આપે છે, પરંતુ સાથે-સાથે એ પણ સ્પષ્ટ કરે છે કે ગેરકાયદેસર દારૂનો વેપાર પણ મોટા પાયે ચાલી રહ્યો છે. બિહાર પોલીસના દારૂબંધી વિભાગના અધિક મહાનિર્દેશક (ADG) અમિત કુમાર જૈનના જણાવ્યા અનુસાર, ગયા વર્ષે (ઓગસ્ટ ૨૦૨૪ સુધી) રાજ્યમાં દર મહિને સરેરાશ ૬૭,૦૦૦ લિટર દારૂ જપ્ત કરવામાં આવતો હતો. આ વર્ષે આ સરેરાશ વધીને ૭૭,૫૪૦ લિટર થઈ ગઈ છે.

### વીડિયો કોલ પર જ ફાંસી લગાવીને આત્મહત્યા કરી

## કોલેજમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિનીએ તેના બોયફ્રેન્ડની સામે જ આત્મહત્યા કરી

। (એજન્સી) તમિલનાડુ, તા.૨૪ ।

આજના ઝડપી યુગમાં, યુવાનો માટે અભ્યાસ, નોકરી અને સંબંધોનો બોજ નોંધપાત્ર રીતે વધી ગયો છે. આ બોજના કારણે, નાની નાની બાબતો પણ ક્યારેક જીવલેણ સાબિત થઈ શકે છે. આવા સંજોગોમાં સોશિયલ મીડિયા અને મોબાઈલ ફોન સંબંધોને વધુ જટિલ બનાવી દે છે. તમિલનાડુના કુડ્ડલોર જિલ્લામાંથી આવી જ એક હૃદયદ્રાવક ઘટના સામે આવી છે, જ્યાં ૧૮ વર્ષની કોલેજની હોશિયાર વિદ્યાર્થિનીએ તેના બોયફ્રેન્ડ સાથે ઝઘડા કરીને વીડિયો કોલ પર જ ફાંસી લગાવીને આત્મહત્યા કરી લીધી હતી. આ ઘટના તમિલનાડુના કુડ્ડલોર જિલ્લાના વૃદ્ધચલમ નજીક એરુમાનૂર ગામમાં બની હતી. મૃતક



વિદ્યાર્થીનું નામ દર્શિની હતું, જે ગવર્નમેન્ટ કોલેજ ઓફ આર્ટ્સ એન્ડ સાયન્સમાં મ્છના પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતી હતી. દર્શિની માત્ર એક તેજસ્વી વિદ્યાર્થી જ નહોતી, પરંતુ કોલેજ પછી પાર્ટ-ટાઈમ કામ પણ કરતી હતી, જેથી તે તેના પરિવારને આર્થિક રીતે ટેકો આપી શકે. તે એક મોબાઈલ ફોન અને ઈલેક્ટ્રોનિક્સની દુકાનમાં કામ કરતી હતી, ગ્રાહકોને સંભાળતી હતી અને દુકાનનું સંચાલન કરતી હતી. પોલીસના જણાવ્યા અનુસાર, દર્શિનીની દુકાન માલિકના ૩૧ વર્ષીય સાવકા ભાઈ સાથે મુલાકાત થઈ હતી. દુકાન માલિક જ્યારે બહાર હોય, ત્યારે તે ગ્રાહકોને સંભાળતો હતો. ધીમે ધીમે, તેઓ નજીક આવ્યા અને પ્રેમ સંબંધમાં બંધાયા હતા. જોકે, લગભગ ૨૦ દિવસ પહેલા, દુકાનમાંથી કેટલીક રોકડ રકમ ગાયબ થઈ ગઈ, જેના કારણે દુકાન માલિકે ગુસ્સે ભરાઈને તેના સાવકા ભાઈને દુકાનમાં પ્રવેશવાની મનાઈ કરી હતી. આ ઘટનાના કારણે તે બંનેના સંબંધો બગડી ગયા હશે. રવિવારે, સાંજે ૪ વાગ્યાની આસપાસ, દર્શિની દુકાનમાં કામ કરતી હતી. તેણી તેના બોયફ્રેન્ડ સાથે વીડિયો કોલ પર વાત કરવા લાગી હતી. કોલ દરમિયાન, તેમની વચ્ચે ઝઘડો થયો હતો.

### વાયરલ ઉપરાંત મચ્છરજન્ય અને પાણીજન્ય રોગ પણ ફેલાઇ રહ્યા

## અમદાવાદ શહેરમાં રોગચાળો વકર્યો, વાયરલ ના કેસમાં પણ વધારો

**પાણીજન્ય રોગચાળો વકરવા પાછળ મનપા દ્વારા આપવામાં આવતું પાણી પણ જવાબદાર હોવાનું સામે આવ્યું છે**

। (એજન્સી) અમદાવાદ, તા.૨૪ ।

અમદાવાદ શહેરમાં રોગચાળો વકરી રહ્યો છે. વાયરલ ના કેસમાં પણ વધારો થઈ રહ્યો છે . અમદાવાદ મહાનગર પાલિકા સંચાલિત UHC, CHC અને ૩ હોસ્પિટલમાં દરરોજ આશરે ૧૮ હજારની ઓપીડી નોંધાઈ રહી છે. સરકારી અને ખાનગી હોસ્પિટલોમાં અત્યારે વાયરલના કેસોમાં વધારો થઈ રહ્યો છે. ડબલ ઋતુ હોવાના કારણે શરદી, તાવ , ઉધરસ જેવા રોગોના ૩૫૦૦ જેટલા કેસ સામે આવી રહ્યા છે. વાયરલ ઉપરાંત મચ્છરજન્ય અને પાણીજન્ય રોગ પણ ફેલાઈ રહ્યા છે. રોગચાળાના આંકડા જોઈએ તો ચાલુ માસના ૨૦ દિવસમાં



મેલેરિયાના ૧૨૧ કેસ, ડેન્ગ્યુના ૨૯૬ કેસ, ઝાડા ઉલ્ટીના ૧૮૬ કેસ અને કમળાના ૨૭૬ કેસ નોંધાયા છે તો ટાઈફોઈડના ૨૫૯ કેસ અને કોલેરા ૩ કેસ નોંધાયા છે.પાણીજન્ય રોગચાળો વકરવા પાછળ મનપા દ્વારા આપવામાં આવતું પાણી પણ જવાબદાર હોવાનું સામે આવ્યું છે. ક્લોરિન ટેસ્ટ માટે લેવામાં આવેલા ૩૫ હજાર સેમ્પલ પૈકી ૨૫ સેમ્પલ ફેલ થયા છે.

### એલેક્ઝાન્ડર ડંકનના નિવેદનથી ઘણો વિવાદ થયો

## ટ્રમ્પના નેતાએ હિન્દુ વિરોધી વિવાદાસ્પદ નિવેદન આપ્યું

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૨૪ ।

ડોનાલ્ડ ટ્રમ્પ અને તેમની રિપબ્લિકન પાર્ટીને ગયા વર્ષની રાષ્ટ્રપતિની ચૂંટણીમાં અમેરિકન હિન્દુઓએ ભારે મત આપ્યા હતા. જોકે, તેની જ પાર્ટીના લોકો હિન્દુ દેવતાઓ વિશે વિવાદાસ્પદ નિવેદનો આપીને બધી હદો પાર કરી રહ્યા છે. USના ટેક્સાસ રાજ્યના રિપબ્લિકન નેતા એલેક્ઝાન્ડર ડંકને ટેક્સાસમાં બનાવવામાં આવી રહેલી હનુમાનની વિશાળ પ્રતિમા અંગે વિવાદાસ્પદ નિવેદન આપ્યું છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર એક પોસ્ટમાં તેમણે લખ્યું છે કે, ''આપણે ટેક્સાસમાં ખોટા હિન્દુ દેવતાની ખોટી પ્રતિમા



સ્થાપિત કરવાની મંજૂરી કેમ આપી રહ્યા છીએ? આપણે એક ખ્રિસ્તી રાષ્ટ્ર છીએ!'' જણાવી દઈએ કે, એલેક્ઝાન્ડર ડંકન રિપબ્લિકન પાર્ટીના નેતા છે અને ડોનાલ્ડ ટ્રમ્પના MAGA (મેક અમેરિકા ગ્રેટ અગેન) ચળવળના સમર્થક છે. તે અમેરિકાને ખ્રિસ્તી દેશ બનતું જોવા માંગે છે. એલેક્ઝાન્ડર ડંકન મુસ્લિમો પણ વિરુદ્ધ ઝેર ઓકતા રહ્યા છે. તેઓ યુનાઈટેડ સ્ટેટ્સમાંથી મુસ્લિમોને હાંકી કાઢવાની હાકલ કરી રહ્યા છે અને હવે ભગવાન હનુમાનની પ્રતિમા પર સવાલ ઉઠાવી રહ્યા છે. તેમના નિવેદનથી અમેરિકન હિન્દુઓ ગુસ્સે ભરાયા છે. ધ હિન્દુ અમેરિકન ફાઉન્ડેશન (HAF) એ ડંકનની ટિપ્પણીઓની નિંદા કરી છે, તેમને ''હિંદુ વિરોધી અને ઉશ્કેરણીજનક'' ગણાવ્યા છે. HAF એ ડંકનની ટિપ્પણીઓની રિપબ્લિકન પાર્ટીને જાણ કરી છે અને ઘટનાની આંતરિક સમીક્ષા કરવાની વિનંતી કરી છે.

## ભાવનગરમાં જીએસટી વિભાગના દરોડા, રમકડાંના વેપારીઓમાં ફફડાટ ફેલાયો

। ભાવનગર, તા.૨૪ ।

ભાવનગર શહેરમાં GST વિભાગ દ્વારા રમકડાંના હોલસેલ વેપારીઓને ત્યાં દરોડા પાડવામાં આવ્યા છે. શહેરના અલગ-અલગ વિસ્તારોમાં આવેલી રમકડાંની દુકાનોમાં GST વિભાગની ટીમે સઘન તપાસ હાથ ધરી છે. જેના કારણે સ્થાનિક વેપારીઓમાં ભારે ફફડાટ ફેલાયો છે. GST વિભાગને રમકડાંના વેપારમાં કરચોરી થતી હોવાની બાતમી મળી હતી. આ બાતમીના આધારે આજે વહેલી સવારથી જ શહેરના મુખ્ય વેપારી વિસ્તારોમાં આવેલી હોલસેલ દુકાનો અને ગોડાઉનોમાં દરોડા પાડવાની કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. આ દરોડા દરમિયાન GST વિભાગની ટીમોએ વેપારીઓના ધંધાકીય દસ્તાવેજો, ખરીદ-વેચાણના બિલ અને સ્ટોકની વિગતોની ચકાસણી કરી હતી. ખાસ કરીને બિલ વગરના વેપાર અને ઓછું બિલિંગ કરીને કરચોરી કરવાની શંકાના આધારે આ તપાસ હાથ ધરવામાં આવી છે. GST અધિકારીઓ કલાકો સુધી વેપારીઓના ચોપડા અને કોમ્પ્યુટર ડેટાની ચકાસણી કરી રહ્યા હતા. આ ઘટનાથી માત્ર રમકડાંના વેપારીઓ જ નહીં પરંતુ અન્ય વેપારીઓમાં પણ ભયનો માહોલ ફેલાયો છે.

### યોજનાનો હેતુ-આત્મનિર્ભર અને સશક્ત મહિલા

## ૭૫ લાખ મહિલાઓને મળશે મહિલા રોજગાર યોજનાનો પહેલો હપ્તો

। (એજન્સી) બિહાર, તા.૨૪ ।

૨૬ સપ્ટેમ્બર ૨૦૨૫નો દિવસ બિહારની મહિલાઓ માટે ઐતિહાસિક દિવસ સાબિત થશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી મુખ્યમંત્રી મહિલા રોજગાર યોજના હેઠળ ૭૫ લાખ મહિલાઓના બેંક ખાતામાં ૧૦,૦૦૦ રૂપિયાનો પહેલો હપ્તો સીધા પોતાના હાથે ઓનલાઈન મોકલશે.આ ઐતિહાસિક કાર્યક્રમમાં પ્રદેશના મુખ્યમંત્રી નીતિશ કુમાર મુખ્ય અતિથિના રૂપમાં સામેલ થશે. આપને જણાવી દઈએ કે ૭,૫૦૦ કરોડ આ રાશિ ન માત્ર આર્થિક મદદ પરંતુ આત્મનિર્ભરતા અને સમ્માનની નવી શરૂઆત છે. સિલાઈ-ખેતી અથવા પશુપાલન જેવા નાના નાના વ્યવસાયોને આગળ વધારવા માટે શરૂ કરવામાં આવેલી આ પહેલ બિહારની સામાજિક



અને આર્થિક પરિસ્થિતિ બદલવાની સાબિત થઈ શકે છે. મહિલા રોજગાર યોજનાનો મૂળ ઉદ્દેશ મહિલાઓને આત્મનિર્ભર બનાવવાનો છે, તેમને સ્વરોજગારના અવસરો આપીને. આ પહેલથી માત્ર તેમની આર્થિક સ્થિતિ મજબૂત બનશે નહિ, પરંતુ તેઓ પોતાના પરિવાર અને સમાજમાં પણ માન-મર્યાદાવાળું સ્થાન મેળવી શકશે.

### વિશેષ

**મહિલાઓ, બાળકો અને કિશોરીઓને લક્ષ્ય બનાવીને પોષણ માહના મુખ્ય ઉદ્દેશ્યો જેમ કે 'સુપોષિત ભારત', 'સ્વસ્થ માતા-શિશુ' અને 'આંગણવાડીને અદ્યતન બનાવવા' પર છે**

# રાષ્ટ્રીય પોષણ માહ ૨૦૨૫ની ઉજવણી અંતર્ગત અમદાવાદ જિલ્લામાં મમતા દિવસ સાથે મહિલાઓને વિશેષ સમજણ અપાઈ







। (માહિતી) અમદાવાદ, તા.૨૪ ।

ભારત સરકારના પ્રધાનમંત્રી પોષણ અભિયાન હેઠળ રાષ્ટ્રીય પોષણ માહ ૨૦૨૫ ૧૭ સપ્ટેમ્બરથી ૧૬ ઓક્ટોબર સુધીની ઉજવણી કરવામાં આવી રહી છે, જે અંતર્ગત અમદાવાદ જિલ્લામાં મમતા દિવસ સહિત મહિલાઓને પોષણ અંગે જાગૃત કરવામાં આવ્યા હતા. અમદાવાદ ગ્રામ્યમાં પોષણ માહની થીમ મુજબ મમતા દિવસ ની સાથે સાથે, બાળકોનુ ગ્રોથ મોનિટરીંગ, બાળ દિવસની પૂર્વ તૈયારી, બાળક જન્મ ના પહેલા કલાક માં સ્તનપાન શરૂ કરવા અંગે સગર્ભા બહેનો ને સમજ આપી જાગૃત કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત અમદાવાદ જિલ્લામાં સગર્ભા માતા ,ધાત્રી માતા , કિશોરીઓ અને બાળકોને સાચી હાથ ધોવાની પદ્ધતિ શિખવાડવામા આવી હતી. જિલ્લામાં વિવિધ સ્થળોએ સૂત્રોચાર દ્વારા THR નું મહત્વ સમજાવવામાં આવ્યું હતું, આ કાર્યક્રમ જિલ્લાનીઆંગણવાડી કેન્દ્રો, આઈસીડીએસ વિભાગના સહયોગથી આયોજિત કરવામાં આવ્યો હતો, ઉલ્લેખની છે કે મહિલાઓ, બાળકો અને કિશોરીઓને લક્ષ્ય બનાવીને પોષણ માહના મુખ્ય ઉદ્દેશ્યો જેમ કે 'સુપોષિત ભારત', 'સ્વસ્થ માતા-શિશુ' અને 'આંગણવાડીને અદ્યતન બનાવવા' પર છે, આ કાર્યક્રમ અન્વયે પોષણના સંતુલિત આહારનું સંદેશ આપી તેના મહત્વને સમજાવામા આવે છે આ કાર્યક્રમ જિલ્લાનીઆંગણવાડી કેન્દ્રો, આઈસીડીએસ વિભાગના સહયોગથી આયોજિત કરવામાં આવ્યો હતો, ઉલ્લેખની છે કે મહિલાઓ, બાળકો અને કિશોરીઓને લક્ષ્ય બનાવીને પોષણ માહના મુખ્ય ઉદ્દેશ્યો જેમ કે 'સુપોષિત ભારત', 'સ્વસ્થ માતા-શિશુ' અને 'આંગણવાડીને અદ્યતન બનાવવા' પર છે, આ કાર્યક્રમ અન્વયે પોષણના સંતુલિત આહારનું સંદેશ આપી તેના મહત્વને સમજાવામા આવે છે.

### સગીરાને બળાત્કારનો ભોગ બનવાનો વારો આવ્યો

# સોશિયલ મીડિયા થકી કરેલી મિત્રતા ૧૫ વર્ષીય સગીરાને ભારે પડી



। (એજન્સી) અમદાવાદ, તા.૨૪ ।

અમદાવાદની સગીરાને સોશિયલ મીડિયા મારફતે કરેલી મિત્રતા ભારે પડી છે અને બળાત્કારનો ભોગ બનવાનો વારો આવ્યો છે . યુવકે પાલડી વિસ્તારની હોટલમાં ૧૫ વર્ષીય સગીરા પર બળાત્કાર કર્યો હોવાનો બનાવ સામે આવ્યો છે. પોલીસે બળાત્કાર કરનાર એક આરોપીની ધરપકડ કરી છે. જ્યારે બીજા આરોપીની અટકાયતની તજવીજ હાથ ધરી છે. ઈસનપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં ૧૫ વર્ષીય સગીરા પર બળાત્કારની ફરિયાદ નોંધાઈ હતી. સોશિયલ મીડિયા મારફતે સંપર્કમાં આવેલા આરોપીએ સગીરાને ભોળવીને બળાત્કાર કર્યો હતો. સમગ્ર પ્રકરણમાં એસીપી વાય. એ. ગોહિલ નું નિવેદન સામે આવ્યું છે. તેમણે જણાવ્યું કે ગત ૨૨ સપ્ટેમ્બર ના રોજ પિતાએ પોતાની ૧૫ વર્ષની સગીર દીકરી પર બે અજાણ્યા ઈસમો દ્વારા બળાત્કાર થયો હોવાની ફરિયાદ નોંધાઈ હતી. હસન અલી અને વકાસ શેખ વિરુદ્ધ અપરણ, પોક્સો અને બળાત્કારનો ગુનો નોંધી ઈસનપુર પોલીસે તપાસ હાથ ધરી હતી. જેમાં ઈસનપુર પોલીસે હસન અલીની બળાત્કારના ગુનામાં ધરપકડ કરી છે. જ્યારે વકાસ શેખની મદદગારીના ગુનામાં ધરપકડ કરી છે. ભોગ બનનાર સગીરા અને આરોપી એક માસ પહેલા સોશિયલ મીડિયા મારફતે સંપર્કમાં આવ્યા હતા. સોશિયલ મીડિયા મારફતે મોબાઈલ નંબર ની બંને એ આપ લે કરી હતી. આરોપી હસન અલીએ ૧૫ દિવસ પહેલા બંને આરોપીઓ અમદાવાદ ખાતે મળ્યા હતા. ૨૧ સપ્ટેમ્બર ના રોજ પાલડી વિસ્તારમાં આવેલી હોટલમાં લઈ જઈ ને સગીરા સાથે બળાત્કાર કર્યો હતો.

### ઘટનામાં પત્નીનું મોત, સાસુ ગંભીર

# અમદાવાદના કુબેરનગરમાં પતિએ પત્ની-સાસુને જીવતા સળગાવ્યા

। (એજન્સી) અમદાવાદ, તા.૨૪ ।

અમદાવાદના કુબેરનગરમાં પતિ દ્વારા પત્ની અને સાસુને જીવતા સળગાવવાના એક ગંભીર મામલાએ સમગ્ર વિસ્તારમાં ચકચાર મચાવી દીધી છે. આ ઘટનામાં ગંભીર રીતે દાઝી ગયેલા પત્ની જયાબેનનું સારવાર દરમિયાન મૃત્યુ થયું છે, જ્યારે તેમની માતા (સાસુ) શોભનાબેન ગંભીર હાલતમાં હોવાથી હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે. આ બનાવના CCTV ફૂટેજ પણ સામે આવ્યા છે, જેમાં આરોપી અશોક રાજપૂત ડોલમાં જ્વલનશીલ પદાર્થ લઈને જતો જોવા મળ્યો હતો.

આ ઘટના કુબેરનગરના કમલ કોમ્પ્લેક્સમાં બની હતી. મૃતક જયાબેન છેલ્લા ત્રણ મહિનાથી આ કોમ્પ્લેક્સમાં બ્યુટી પાર્લર ચલાવતા હતા. મળતી માહિતી મુજબ, પતિ અશોક રાજપૂત અને પત્ની જયાબેન તેમજ તેમની માતા શોભનાબેન વચ્ચે છેલ્લા ઘણા સમયથી ઘર કંકાસ ચાલી રહ્યો હતો. જયાબેનના આ બીજા લગ્ન હતા. તેમના પહેલા લગ્ન પછી છૂટાછેડા થયા હતા અને ત્યારબાદ તેમણે અશોક રાજપૂત સાથે પ્રેમ લગ્ન કર્યા હતા. તેમના લગ્નને હજુ માત્ર પાંચ મહિના જ થયા હતા. આ ઘર કંકાસ એટલો વધી ગયો હતો કે દોઢ મહિના અગાઉ જ જયાબેને પતિ અશોક વિરુદ્ધ કૃષ્ણનગર પોલીસ સ્ટેશનમાં ઘરેલુ હિંસાની ફરિયાદ પણ નોંધાવી હતી. ગત મોડી સાંજે, અશોક રાજપૂત જ્વલનશીલ પદાર્થ લઈને આવ્યો હતો અને તેણે પત્ની જયાબેન તથા સાસુ શોભનાબેન પર હુમલો કરીને તેમને સળગાવી દીધા. આ હુમલામાં અશોક પોતે પણ ઈજાગ્રસ્ત થયો હતો. તાત્કાલિક ત્રણેયને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં જયાબેનનું સારવાર દરમિયાન મૃત્યુ થયું, જ્યારે તેમની માતાની હાલત ગંભીર છે. આરોપી અશોકને પણ સારવાર હેઠળ નજરકેદ રાખવામાં આવ્યો છે.

આ ઘટનાની જાણ થતા જ ડીસીપી સહિતના ઉચ્ચ પોલીસ અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચ્યા હતા. પોલીસે FSL (ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી)ની મદદથી આ મામલે વધુ તપાસ શરૂ કરી છે. સરદારનગર પોલીસ આ અંગે વધુ કાર્યવાહી કરી રહી છે. હાલ, ભોગ બનનાર શોભનાબેન ભાનમાં ન હોવાથી હુમલાનું ચોક્કસ કારણ સ્પષ્ટ થઈ શક્યું નથી, પરંતુ પોલીસનું માનવું છે કે આ ઘટનાનું મુખ્ય કારણ ઘર કંકાસ જ છે. આરોપી અશોક છૂટક મજૂરીકામ કરે છે.

## રાજકોટમાં પદ્મિનીબાનો પુત્ર રિવોલ્વર લટકાવીને ગરબામાં પહોંચ્યો

। (પ્રતિનિધી) રાજકોટ, તા.૨૪ ।

રાજકોટમાં અટલ સરોવર ખાતે યોજાયેલા એક અર્વાચીન રાસોત્સવ દરમિયાન ક્ષત્રિય સમાજના આગેવાન પદ્મિનીબા વાળાના પુત્ર સત્યજીતસિંહ વાળાનો એક વીડિયો વાયરલ થયો હતો. આ વીડિયોમાં તેઓ કમરે રિવોલ્વર જેવું હથિયાર લટકાવીને જોવા મળ્યા હતા, જેને લઈને ચર્ચા જાગી હતી.વીડિયો વાયરલ થયા બાદ, સમગ્ર ઘટનાની જાણ થતાં જ સ્પેશિયલ ઑપરેશન્સ ગ્રુપની ટીમે આ મામલે તપાસ હાથ ધરી હતી. પોલીસે સત્યજીતસિંહ વાળાનો સંપર્ક કર્યો અને તેમને કાયદાનું ભાન કરાવ્યું.આ મામલે સત્યજીતસિંહે પોલીસ સમક્ષ પોતાની ભૂલ સ્વીકારી હતી અને જણાવ્યું હતું કે તેમણે જે હથિયાર પહેર્યું હતું તે રમકડાની બંદૂક હતી. તેમણે જાહેર માફી માંગતા કહ્યું કે, “ગઈકાલે હું એક ગરબાના કાર્યક્રમમાં ગયો હતો ત્યાંનો વીડિયો વાયરલ થયો છે. તેમાં મેં જે ગન લગાવેલ છે તે રમકડાની છે, તે બદલ હું માફી માંગુ છું. ફરીવખત ક્યારેય આવું નહીં કરવાની ખાતરી આપું છું.”પોલીસે આ રમકડાની રિવોલ્વરની ખાતરી કર્યા બાદ આ મામલે વધુ કાર્યવાહી કરી ન હતી.

### અપર એર સાયક્લોનિક સર્ક્યુલેશન સક્રિય

# ૨૭સપ્ટેમ્બરથી વધુ એક ભારે વરસાદનો રાઉન્ડ આવશે

### હવામાન વિભાગની આગાહી મુજબ રાજ્યના કેટલાક વિસ્તારોમાંથી ચોમાસું પરત ફરવાની શરુઆત થશે

। (એજન્સી) અમદાવાદ, તા.૨૪ ।

બંગાળની ખાડીમાં એક સિસ્ટમ સર્જાઇ છે. બીજી તરફ વધુ એક સિસ્ટમ પણ આકાર લેવા જઇ રહી છે. આ બીજી સિસ્ટમ વધુ મજબૂત બનશે અને ગુજરાતમાં વરસાદનું જોર વધશે. હાલ ગુજરાતના કેટલાક વિસ્તારમાં છૂટછવાયો વરસાદ વરસી રહ્યો છે. ખાસ કરીને દક્ષિણ ગુજરાતમાં વરસાદનું પ્રમાણ વધ્યું છે. હવામાન વિભાગ દ્વારા આજે પણ અનેક જિલ્લાઓમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગની આગાહી મુજબ રાજ્યના કેટલાક વિસ્તારોમાંથી ચોમાસું પરત ફરવાની શરુઆત થશે. ઉત્તર ગુજરાત,કચ્છ અને સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારમાંથી ચોમાસુ વિદાય લઇ તેવી શકયતા જોવાઇ રહી છે. બીજી તરફ બંગાળની ખાડીમાં એક મજબૂત સિસ્ટમ આકાર લઇ રહી છે. જેની અસરથી રાજ્યમાં ફરી વરસાદ આવશે. આ સિસ્ટમ બંગાળની ખાડીમાં ૨૫ સપ્ટેમ્બરની આસપાસ બનશે. ત્યારબાદ આ સિસ્ટમ ડિપ્રેશન બનશે અને આંધ્રપ્રદેશ તરફ ફંટાઇ જશે. હવામાન વિભાગના અનુમાન મુજબ ગુજરાતમાં આ સિસ્ટમના કારણે ૨૭સપ્ટેમ્બરથી વધુ એક ભારે વરસાદનો રાઉન્ડ આવશે. જો આ સિસ્ટમ મજબૂત જ રહેશે તો ૨૭થી ૨ ઓક્ટોબર સુધી વરસાદ વરસશે. હવામાન વિભાગના ડાયરેક્ટર ડૉ. એ. કે. દાસના જણાવ્યા મુજબ, હાલમાં એક અપર એર સાયક્લોનિક સર્ક્યુલેશન સક્રિય છે. આ સિવાય, બંગાળની ખાડીમાં ૨૫ સપ્ટેમ્બર બાદ લો પ્રેશર સક્રિય થવાની શક્યતા છે. આ બંને સિસ્ટમની સંયુક્ત અસરથી ગુજરાતના દક્ષિણ ભાગમાં વરસાદનું જોર વધશે. આ આગાહી મુજબ ૨૭ થી ૩૦ સપ્ટેમ્બર દરમિયાન દક્ષિણ ગુજરાતના ભરૂચ, સુરત, તાપી, નવસારી, વલસાડ, ડાંગ, દમણ અને દાદરા નગર હવેલીમાં ભારે વરસાદની શક્યતા છે.

## બે-ત્રણ મહિનામાં ઘટી શકે છે વીજળીનું બિલ, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આપ્યા સારા સમાચાર




। (પ્રતિનિધી) અમદાવાદ, તા.૨૪ ।

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે તાજેતરમાં ગુજરાતની જનતા માટે એક મહત્વપૂર્ણ જાહેરાત કરી છે, જે સીધી રીતે તેમના વીજળીના બિલ પર અસર કરશે. તેમણે જણાવ્યું છે કે કોલસા પરનો જીએસટી (GST) ઘટાડવામાં આવ્યો છે, જેના કારણે આગામી બે થી ત્રણ મહિનામાં વીજળીના બિલમાં ઘટાડો જોવા મળશે.આ નિર્ણયથી સામાન્ય નાગરિકોને મોટી રાહત મળશે. વીજળીના ઉત્પાદનમાં કોલસો એક મુખ્ય સ્રોત છે અને તેના પરના ટેક્સમાં ઘટાડો થવાથી વીજળીના ઉત્પાદન ખર્ચમાં પણ ઘટાડો થશે. આ ઘટાડાનો લાભ સીધો ગ્રાહકો સુધી પહોંચાડવામાં આવશે, જેના પરિણામે વીજળીનું બિલ ઓછું આવશે. અમિત શાહના આ નિવેદનથી સ્પષ્ટ થાય છે કે કેન્દ્ર સરકાર મોંઘવારીને નિયંત્રિત કરવા અને સામાન્ય માણસ પરનો આર્થિક બોજ ઘટાડવા માટે સતત પ્રયાસો કરી રહી છે. આ પગલું રાજ્ય સરકારના વીજળી વિભાગ સાથે સંકલન કરીને લાગુ કરવામાં આવશે.

### ગુજરાતના મહેસૂલ વિભાગનો મોટો નિર્ણય

# નાયબ મામલતદાર વર્ગ 3 ની નિમણૂંક પહેલા મંજૂરી ફરજિયાત

### રાજ્યમાં નાયબ મામલતદાર વર્ગ 3 ની જગ્યા પર નિમણૂક કરતા પહેલા મહેસુલ વિભાગ સાથે પરામર્શ કરવો પડશે

। (એજન્સી) ગાંધીનગર, તા.૨૪ ।

ગુજરાત રાજ્યમાં હવે નાયબ મામલતદાર વર્ગ ૩ ની જગ્યા પર નિમણૂક કરતા પહેલા મહેસૂલ વિભાગની પૂર્વ મંજૂરી લેવી પડશે. રાજ્ય સરકાર દ્વારા આ અંગે એક મહત્વનો પરિપત્ર જાહેર કરવામાં આવ્યો છે, જે મુજબ મહેસૂલ વિભાગના પરામર્શ વગર કોઈપણ કચેરી કે વિભાગમાં આ જગ્યાઓ ભરી શકાશે નહીં. મહેસુલ વિભાગ દ્વારા કરાયેલા પરિપત્ર અનુસાર, રાજ્યમાં કલેક્ટર કચેરીઓ અને અન્ય વિભાગોમાં કુલ ૫૫૦૨ નાયબ મામલતદાર વર્ગ ૩ ની જગ્યાઓ મંજૂર કરવામાં આવી છે. તેમાંથી, તમામ કલેક્ટર કચેરીઓમાં ૫૧૮૬ જગ્યાઓ મંજૂર કરવામાં આવી છે. આ ઉપરાંત, ૧૭૩ જગ્યાઓ પ્રતિનિયુક્તિ (ડેપ્યુટેશન) દ્વારા ભરવામાં આવશે, જ્યારે ૨૭ જગ્યાઓ કલેક્ટર કચેરીઓ દ્વારા સીધી ભરવાની રહેશે. વધુમાં, ૧૧૬ નાયબ મામલતદાર વર્ગ ૩ ની જગ્યાઓ ડેપ્યુટેશન રિઝર્વ તરીકે રાખવામાં આવશે. મહેસૂલ વિભાગના આ નિર્ણયનો મુખ્ય ઉદ્દેશ્ય નાયબ મામલતદારની નિમણૂક પ્રક્રિયામાં સુસંગતતા અને પારદર્શિતા જાળવવાનો છે. જોકે, આ પરિપત્રમાં એ પણ સ્પષ્ટતા કરવામાં આવી છે કે અસાધારણ સંજોગો અથવા તાકીદની સ્થિતિમાં જો નાયબ મામલતદાર વર્ગ ૩ ની જગ્યા તાત્કાલિક ભરવી પડે તો પણ મહેસૂલ વિભાગ સાથે પરામર્શ કરવો અનિવાર્ય છે. કોઈપણ વિભાગ કે કચેરીમાં નાયબ મામલતદાર વર્ગ ૩ ની જગ્યા ભરવામાં આવે કે રદ કરવામાં આવે, તેની માહિતી પણ મહેસૂલ વિભાગને આપવી ફરજિયાત છે. આ પરિપત્ર દ્વારા મહેસૂલ વિભાગે તમામ જિલ્લા કલેક્ટરોને તેમના જિલ્લામાં મંજૂર થયેલી નાયબ મામલતદાર વર્ગ ૩ ની જગ્યાઓની વિગતવાર જાણકારી આપી છે. આ પગલાથી મહેસૂલી પ્રશાસનમાં કર્મચારીઓની નિમણૂક અને વ્યવસ્થાપન વધુ સુવ્યવસ્થિત બનશે તેવી અપેક્ષા રાખવામાં આવી રહી છે.

### રાજ્યના શાસનમાં સરળતા રહે તે હેતુથી નિર્ણય

# ગુજરાતમાં ૧૭ નવા તાલુકા જાહેર, કુલ તાલુકા વધીને ૨૬૫ થયા

। ગાંધીનગર તા.૨૪ ।

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ પહેલાં વહીવટી સરળતા લાવવા અને લોકોની સુવિધા વધારવા માટે ૧૭ નવા તાલુકાની રચના કરવામાં આવી છે. બુધવારે (૨૪ સપ્ટેમ્બર) યોજાયેલી કેબિનેટ બેઠકમાં આ મુદ્દે ચર્ચા કરવામાં આવી હતી. આ નવા તાલુકાઓની રચના માટે સૈદ્ધાંતિક મંજૂરી મળી છે. બનાસકાંઠામાંથી નવો વાવ-થરાદ જિલ્લો તેમજ હાલના રાજ્યના ૨૧ તાલુકામાંથી નવા ૧૭ તાલુકાની રચના કરવાની દરખાસ્તને સર્વાનુમતે મંજૂરી આપી દેવાઈ છે. આ સાથે હવે રાજ્યમાં કુલ તાલુકા વધીને ૨૬૫ થઈ ગયા છે. આ અંગે રાજ્ય સરકારના પ્રવક્તા ઋષિકેશ પટેલે મંત્રીમંડળના આ મહત્ત્વપૂર્ણ નિર્ણય અંગે જણાવતા કહ્યું કે, સરકારે રાજ્યના શાસનમાં સરળતા રહે તે હેતુથી આ નિર્ણય લીધો છે. નવુ તાલુકા મથક નજીકમાં જ મળવાથી સામાજિક, આર્થિક, આરોગ્ય અને શૈક્ષણિક સહિતની સર્વગ્રાહી સુવિધામાં વધારો થાય તેમજ અંતરિયાળ ગામોમાંથી તાલુકા મથકે આવવા-જવામાંથી સમય, શક્તિ અને નાણાંનો પણ બચાવ કરવાના હેતુ સાથે આ નવા ૧૭ તાલુકાઓની રચનાને મંજૂરી આપવામાં આવી છે.

વાવ-થરાદ જિલ્લામાં હાલના બનાસકાંઠા જિલ્લાના ૬ તાલુકાઓ વાવ, થરાદ, સુઈગામ, ભાભર, દિયોદર અને લાખણીનો સમાવેશ કરીને થરાદને જિલ્લા મુખ્ય મથક સાથે વાવ-થરાદ જિલ્લાની રચનાને કેબિનેટ દ્વારા મંજૂરી આપવામાં આવી છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુજરાતના તત્કાલિન મુખ્યમંત્રી તરીકે તાલુકા એકમને વિકાસ અને વહીવટમાં વધુ સશક્ત બનાવવા છ્ફ્ એટલે કે આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકાની વિભાવના આપી હતી અને ૨૦૧૩માં નવા ૨૩ તાલુકાઓની તેમણે કરેલી રચના પછી પહેલીવાર આટલી મોટી સંખ્યામાં ૧૭ નવા તાલુકાની રચનાનો નિર્ણય લેવાયો હતો.

## ઓલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લો બોર્ડે 3 ઓક્ટોબરે ભારત બંધનું આહ્વાન




। (પ્રતિનિધી) અમદાવાદ, તા.૨૪ ।

સુપ્રીમ કોર્ટે વકફ સુધારા કાયદા પર વચગાળાનો ચુકાદો આપ્યો છે. મુસ્લિમ સમુદાયના સભ્યોએ આ નિર્ણયનો સ્વીકાર કર્યો છે, અને કહ્યું છે કે તેનાથી વકફ મિલકતો જપ્ત કરવાના સરકારના ઈરાદાને નિષ્ફળ બનાવવામાં આવ્યો છે. જોકે, મુસ્લિમ સમુદાય કાયદાના કેટલાક પાસાઓ અંગે વાંધો વ્યક્ત કરી રહ્યો છે. મુસ્લિમ પર્સનલ લો બોર્ડે સ્પષ્ટપણે જણાવ્યું છે કે સુપ્રીમ કોર્ટનો નિર્ણય રાહતદાયક છે, પરંતુ કાયદા વિરુદ્ધ ઝુંબેશ ચાલુ રહેશે.

આ સંદર્ભમાં, મુસ્લિમ પર્સનલ લો બોર્ડે વકફ સુધારા કાયદા વિરુદ્ધ ઝુંબેશના બીજા તબક્કા માટે સંપૂર્ણ રોડમેપ જાહેર કર્યો છે. ઓલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લો બોર્ડના પ્રમુખ મૌલાના ખાલિદ સૈફુલ્લાહ રહેમાની, મહાસચિવ મૌલાના ફઝલુર રહીમ મજદી અને રાષ્ટ્રીય પ્રવક્તાએ સંયુક્ત રીતે મીડિયાને એક નિવેદન જારી કરીને વિગતો આપી છે. ઓલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લો બોર્ડ (AIMPLB) એ વકફ સુધારા કાયદા વિરુદ્ધ ઝુંબેશના બીજા તબક્કા માટે રોડમેપ જાહેર કર્યો છે અને ૩ ઓક્ટોબરે ભારત બંધનું આહ્વાન કર્યું છે. આ કાયદા વિરુદ્ધ મુસ્લિમ સમુદાયના ગુસ્સા અને આક્રોશને વ્યક્ત કરવા માટે ભારત બંધનું એલાન આપવામાં આવ્યું છે. આ હાકલ હેઠળ, ભારતભરના મુસ્લિમો ૩ ઓક્ટોબર, ૨૦૨૫ ના રોજ સવારે ૮ થી બપોરે ૨ વાગ્યા સુધી દેશભરમાં તેમના વ્યવસાયો અને ઓફિસો બંધ રાખશે.

ભારત બંધના આહ્વાન ઉપરાંત, AIMPLB એ મુસ્લિમ સમુદાયને પણ સૂચના આપી છે કે તેઓ અન્ય સમુદાયોના સભ્યો પર ભારત બંધના આહ્વાનનું પાલન કરવા દબાણ ન કરે. છૈૈંસ્ન્મ્ એ અન્ય સમુદાયોના સભ્યોને અપીલ કરી છે કે જો તેઓ આ હાકલને સમર્થન આપે તો તેમનો આભાર વ્યક્ત કરે.

### પતિ પત્ની વચ્ચે જમવાનું બનાવવા બાબતે ઝઘડો

# પતિ પત્ની વચ્ચે થયેલા ઝઘડા બાદ પત્નીએ કર્યો આપઘાત

। અમદાવાદ, તા.૨૪ ।

અમદાવાદમાં વધુ એક વખત નજીવી બાબતે દંપતી વચ્ચે તકરાર થતાં પત્નીએ આત્મહત્યા કર્યાનો બનાવ પોલીસ ચોપડે નોંધાયો છે. પતિ પત્ની વચ્ચે જમવાનું બનાવવા બાબતે થયેલા ઝઘડા બાદ પત્નીએ કર્યો આપઘાત કર્યો છે. વર્ષના પ્રેમ લગ્નનો કરૂણ અંજામ આવ્યો છે. ઈસનપુર પોલીસે પતિ વિરુદ્ધ દુષ્પ્રેરણાનો ગુનો નોંધી ને આરોપી પતિની ધરપકડ કરી છે . પોલીસ કસ્ટડીમાં જોવા મળતા આરોપીનું નામ તેજસ ભાવસાર છે, જેના પાર આત્મહત્યા માટેની દુષ્પ્રેરણા નો આરોપ છે અને પોલીસે પત્નીના આપઘાતની દુષ્પ્રેરણાના ગુનામાં ધરપકડ કરી છે. પતિ પત્ની વચ્ચે ચાલતા ઘરકંકાસમાં પરિણીતાએ ગળે ફાંસો ખાઈને આપઘાત કર્યો. ઘટનાની વાત કરીએ તો ૨૧ સપ્ટેમ્બર ના રોજ ઈસનપુરની પ્રસિદ્ધિ સોસાયટીમાં દુર્ગાવતી નામની પરિણીતાએ આપઘાત કર્યો હતો. દુર્ગાવતીના માતા પિતાએ આક્ષેપ કર્યો હતો કે તેનો પતિ તેજસ ભાવસાર મકાન માટે રૂ ૫ લાખનું દહેજ માંગીને માનસિક ત્રાસ આપતો હતો. ઘટનાની રાત્રે પણ જમવા નહિ બનાવવા બાબતે બંને પતિ પત્ની વચ્ચે ઝઘડો થયો હતો અને તેજસ પોતાના ૪ માસના દીકરા ને લઈને માતા પિતાના ઘરે જતો રહ્યો હતો..જેથી મનમાં લાગી આવતા પરિણીતાએ આપઘાત કર્યો. ઈસનપુર પોલીસે પરિણીતા ના આપઘાત કેસમાં આરોપી પતિ તેજસ ભાવસારની ધરપકડ કરીને વધુ તપાસ શરૂ કરી. પોલીસ તપાસમાં સામે આવ્યું કે પાંચ વર્ષ પહેલા મૃતક દુર્ગાવતી અને આરોપી તેજસ ભાવસાર સોશિયલ મીડિયા ના માધ્યમથી સંપર્કમાં આવ્યા હતા અને ત્યાર બાદ પ્રેમ સબંધ માં બંધાયા હતા. પ્રેમમાં પાગલ તેજસ અમદાવાદ છોડીને મુંબઈમાં નટ બોલ્ટના કારખાનામાં નોકરી કરવા ગયો હતો. બંને વચ્ચે ચાલતા પ્રેમ સંબંધની જાણ થતા પરિવારે મંજૂરી આપીને પ્રેમ લગ્ન કરાવ્યા હતા.

